હિંદનું રાજકીય બંધારણ

અને [illegible]

મહારાજ્યનું બંધારણ.

લેખક

[illegible]

([illegible])

પ્રકાશક

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

કિંમત રૂ. ૧—૦—૦

પ્રસ્તાવના.

[illegible]

[illegible]

અમદાવાદ, [illegible]

તા. ૧ લી [illegible]

કર્તા.

હિંદુસ્તાનનું રાજ્ય બંધારણ.

બ્રિટીશ મહારાજ્યમાં હિંદુસ્તાનનું સ્થાનઃ—

બ્રિટીશ મહારાજ્ય ખાસ કરીને (૧) બ્રિટન, (૨) સ્વશાસિત સંસ્થાનો, (૩) રાજ્ય શાસિત સંસ્થાનો અને (૪) અધીન મુલકો એ પ્રમાણે ચાર વિભાગમાં વહેંચાયલું છે. બ્રિટનમાં ગ્રેટ બ્રિટન, આયર્લેન્ડ અને તેની આસપાસના થોડા ટાપુઓનો સમાવેશ થાય છે. સ્વશાસિત સંસ્થાનોમાં દક્ષિણઆફ્રિકા, ઑસ્ટ્રેલીયા, ન્યુઝીલેંડ અને કેનેડાના તથા રાજ્ય શાસિત સંસ્થાનોમાં સિલોનની ગણના થાય છે. જ્યારે બીલકુલ અધીન મુલકમાં માત્ર ચેનલ અને મેનના ટાપુ તથા હિંદુસ્તાનજ છે. બીજા વિભાગમાં આવેલાં સ્વશાસિત સંસ્થાનોની પ્રજાને પોતાની પાર્લામેન્ટ દ્વારા સ્વતંત્રપણે કાયદા બાંધવાની અને તેને અમલમાં મુકવાની સત્તા છે. જ્યારે હિંદુસ્તાન જેવા અધીન મુલક અને સિલોનની રાજદ્વારી પરિસ્થિતિ આ કરતાં ઉલટી છે. હિંદની પ્રજાને કાયદા બાંધવાની સાવ સ્વતંત્ર સત્તા નથી પણ આ દેશની પ્રજામાં દિવસે દિવસે જવાબદાર રાજ્યતંત્ર પ્રાપ્ત કરવાની યોગ્યતા વધતી જાય છે. એટલુંજ નહિ પણ બ્રિટીશ સરકાર તરફથી હિંદની પ્રજાને ઇ૦ સ૦ ૧૯૧૯ ના ગવર્નમેંટ ઓફ ઇંડિયા એક્ટથી કાયદા બાંધવાની સ્વતંત્રતાની મોટે ભાગે છુટ બક્ષવામાં આવી છે. જેના

પરિણામે હિંદુસ્તાન ભવિષ્યમાં સ્વરાજ્ય ભોગવતાં સ્વશા. સંસ્થાનોની હરોળમાં આવી જશે.

ઇસ્ટ ઇંડિયા કંપની અને હિંદુસ્તાન:-

વલંદાઓએ પૂર્વના દેશોમાં મસાલાનો વેપાર એક હાથ કરેલો હતો તેથી તેઓ બ્રિટીશ વેપારીઓ પાસેથી મોં માગ્યાં દામ લેતા હતા. તેઓએ એક વખત મરીનો ભાવ એક રતલના ૩ શિલિંગ ઉપરથી વધારીને ૮ શિલિંગ સુધી કર્યો આથી લંડનના વેપારીઓએ ગુસ્સે થઇ ઇસ્ટ ઇંડિયા કંપનીની સ્થાપના કરી અને ઇ૦ સ૦ ૧૬૮૦ ના ડીસમ્બરની ૩૧ મી તારીખે ઇલિઝાબેથ રાણી પાસેથી લંડનના વેપારીઓએ પરવાનો લીધો અને પૂર્વના દેશો પૈકી મસાલાના દ્વિપો સાથે વેપાર શરૂ કર્યા, પરંતુ આમ્બોયનાની કત્લ પછી ઇસ્ટ ઇંડિયા કંપનીએ હિંદુસ્તાનમાં પગ પેસારો કરી કિનારા ઉપરનાં જુદાં જુદાં શહેરોમાં પોતાનાં થાણાં નાખ્યાં.

ઇસ્ટ ઇંડિયા કંપની શરૂઆતમાં વ્યાપારી મંડળ હતું. પરંતુ પ્રસંગ અને પરિસ્થિતિને લીધે કંપનીના અમલદારોને હિંદુસ્તાનના રાજદ્વારી વાતાવરણમાં માથું મારવાની અગત્ય જણાઇ એટલે હિંદુસ્તાનનાં દેશી રાજ્યોના આંતરવિગ્રહમાં કંપનીએ પણ ભાગ લેવા માંડયો.

પાર્લામેન્ટ અને હિંદુસ્તાન:-

આ રીતે વ્યાપાર ઉપરાંત કંપનીના આગેવાનોમાં રાજ્ય પ્રાપ્ત કરવાની પણ આકાંક્ષા ઉત્પન્ન થઇ, આથી બ્રિટીશ પાર્લામેન્ટને એમ લાગ્યું કે હિંદુસ્તાનમાં બનતા બનાવો ઉપર અંકુશની

જરૂર છે. પરિણામે ઇ. સ. ૧૭૭૩ માં રેગ્યુલેટીંગ એક્ટ પાસ કરી કંપની ઉપર પોતાનો અંકુશ સ્થાપવાની પાર્લામેન્ટે શરૂઆત કરી. ત્યાર પછી ઇ૦ સ. ૧૭૮૪ માં પીટનું ઇંડિયા બીલ પાસ કરવામાં આવ્યું. આ બીલ પ્રમાણે પાર્લામેન્ટથી નીમવામાં આવેલી બોર્ડ ઓવ કૅાન્ટ્રોલનો કંપનીના વહીવટ ઉપર કાબુ મૂકવામાં આવ્યો. બાદ ઇ. સ. ૧૭૯૩; ૧૮૧૩; ૧૮૩૩: અને ૧૮૫૩ માં વારંવાર પટાઓ કરી કંપની ઉપરનો કાબુ વધારવામાં આવ્યો. દરમિયાન કંપની વ્યાપારી મંડળ મટી રાજદ્વારી મંડળ બન્યું અને ઈ. સ. ૧૮૫૭ ના બળવા પછી હિંદુસ્તાનનું રાજ્યતંત્ર કંપની પાસેથી સદંતર રાજાના નામે પાર્લામેન્ટ પોતાના હસ્તક લીધું. પાર્લામેન્ટે હિંદુસ્તાનનો વહીવટ પોતાના હસ્તક લીધા પછી ઇ. સ. ૧૮૬૨ ના કૌંસીલ ઍક્ટથી હિંદુસ્તાનમાં જવાબદાર રાજ્યતંત્રની શરૂઆત કરવામાં આવી ત્યાર પછી ઇ. સ. ૧૮૯૨, ૧૯૦૯ અને ૧૯૧૯ માં હિંદુસ્તાનના રાજ્ય બંધારણમાં પાર્લામેન્ટે મહત્વના ફેરફાર કરી હિંદુસ્તાનની પ્રજાની માગણીને થોડે ઘણે અંશે સંતુષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો છે.

પાર્લામેન્ટનો હિંદુસ્તાન સાથેનો રાજદ્વારી સંબંધ:–

હિંદી સરકાર પાર્લામેન્ટને અધીન છે. અને અત્યારનું હિંદનું રાજ્ય બંધારણ ઉપર કહ્યું તે પ્રમાણે પાર્લામેન્ટના કાયદા કાનુન અનુસાર રચવામાં આવ્યું છે. પાર્લામેન્ટ તરફથી વાઇસરોય અને ગવર્નરો માટે રાજ્યતંત્ર નીભાવવા ચોકસ નિયમો રચવામાં આવેલા છે. એટલે હિંદી સરકારનાં બંધારણમાં જો કોઇપણ જાતના ફેરફાર કરવાના હોય છે, તો તે પાર્લામેન્ટના કાયદાથીજ કરવામાં આવે છે. પરંતુ દરેક આવશ્યક પ્રસંગે કે કેટલીક સ્થાનિક બાબ-

તેમાં વારંવાર પાર્લામેન્ટ તરફનું નિયમન અસંભવિત છે. મતલબ કે હિંદુસ્તાનના રાજ્ય વહીવટ ઉપર પાર્લામેન્ટની માત્ર દેખરેખજ છે. જ્યારે ખરી રીતે જોઇએ તો હિંદનું રાજ્યતંત્ર વાઇસરોય અને ગવર્નરોનાજ હસ્તક છે. અને પાર્લામેન્ટ તરફથી તો માત્ર તેઓની સત્તાનું નિયમનજ કરવામાં આવેલું છે.

હિંદી પ્રધાન અને તેની કૌંસીલનું બંધારણ.

ખરી રીતે જોતાં બ્રિટીશ સામ્રાજ્યનો વહીવટ ૪૦ પ્રધાનોની કેબીનેટથી ચલાવવામાં આવે છે. દરેક પ્રધાનને સામ્રાજ્યની આંતર અને બહારની વ્યવસ્થા સચવાય એ માટે જુદાં જુદાં ખાતાંઓ સોંપવામાં આવેલાં છે. તેમાંના એક પ્રધાન ઉપર હિંદુસ્તાનની રાજ્ય વ્યવસ્થા ઉપર દેખરેખ રાખવાની તથા તે માટે ધારાધોરણ ઘડવાની જવાબદારી મૂકવામાં આવેલી છે. તેને હિંદુસ્તાન માટેનો સેક્રેટરી ઑફ સ્ટેટ અથવા હિંદી પ્રધાન કહેવામાં આવે છે. હિંદી પ્રધાનની મદદમાં હિંદી વહીવટના અનુભવી તેમ જ કેટલીક ખાસ યોગ્યતા ધરાવનારાઓનું એક મંડળ આપવામાં આવ્યું છે તેને ઇંડીયા કૌંસીલ કહે છે. ઇંડિયા કૌંસિલની મદદથી હિંદી પ્રધાન હિંદુસ્તાન સંબંધે ઉપસ્થિત થતા રાજદ્વારી પ્રસંગોની નિયંત્રણા એટલે વહીવટ કરે છે. ઇંડિયા કૌંસિલ ઓછામાં ઓછા ૮ અને વધારેમાં વધારે ૧૨ સભ્યોની બનેલી હોય છે. આ સભ્યો પૈકી ઓછામાં ઓછા અર્ધા તો એવા હોવા જોઇએ કે જેમણે પોતાની હિંદી પ્રધાનની કૌંસિલમાં નિમણૂક થયા પહેલાં ઓછામાં ઓછા દસ વર્ષ હિંદુસ્તાનમાં નોકરી કરેલી હોવી જોઇએ અને હિંદુસ્તાન છોડયાં તેને પાંચ

કરતાં વધારે વર્ષ થએલાં ન હોવાં જોઇએ. સિવાય કૌંસિલમાં બે કરતાં વધારે હિંદી સભ્યો જોઇએ. હિંદી પ્રધાન પોતાની કૌંસિલની સલાહથી હિંદના રાજ્ય વહીવટ ઉપર દેખરેખ રાખે છે. પરંતુ કેટલીક બાબતમાં તે સ્વતંત્ર છે. અને એવે કોઇ પ્રસંગે પોતાની કૌંસિલની તે સલાહ લીધા વગર પણ હિંદી રાજ્ય વહીવટને લગતો કોઇપણ નિર્ણય આપી શકે છે. આ રીતે હિંદી પ્રધાનની કૌંસીલ માત્ર સલાહકાર મંડળ છે. તેને કાંઇ નવું પગલું ભરવાની સત્તા નથી પરંતુ હિંદુસ્તાનના આવક ખર્ચના સંબંધમાં હિંદી પ્રધાને કૌંસિલની વધુમતિનો અમલ કરવો જોઇએ. હિંદી પ્રધાન અને તેની કૌંસિલને માટે લંડનમાં મોટી ઑફિસ છે. અને તે ઇંડિયા ઑફિસના નામથી ઓળખાય છે. આ રીતે હિંદી પ્રધાન હિંદી પ્રધાનની કૌંસીલ અને ઇંડિયા ઑફિસ એ ઇંગ્લેંડમાં હિંદુસ્તાનના રાજ્ય વહીવટનું મધ્યવર્તી સ્થાન છે. એટલે બ્રિટિશ પ્રધાન મંડળને તેમ જ પાર્લામેન્ટને પણ જવાબદાર છે એટલું જ નહિ પણ પાર્લામેન્ટમાં જ્યારે જ્યારે હિંદુસ્તાન સંબંધે કાંઇપણ પૂછપરછ કરવામાં આવે છે ત્યારે હિંદી પ્રધાન તેનો ખુલાસો કરવાને બંધાએલો છે. હિંદી પ્રધાનની નીચે કાયમી અંડર સેક્રેટરી છે. તેની દેખરેખ નીચે જુદાં જુદાં ખાતાઓનો વહીવટ થાય છે અંડર સેક્રેટરી એ હિંદી પ્રધાન અને કૌંસિલનું અગત્યનું અંગ છે.

હિંદી પ્રધાનની સત્તા અને તેની જવાબદારી:-

(૧) હિંદી રાજ્ય વહીવટ ઉપર દેખરેખ રાખવાના કામ ઉપરાંત હિંદી પ્રધાન બ્રિટીશ પ્રધાનમંડળમાં પ્રધાન તરીકે બેસવાનો હક ધરાવે છે.

(૨) વાઇસરૉય તેમ જ બીજા અમલદારો ઉપર તે હુકમ કરી શકે છે તેમ જ હિંદુસ્તાનના કોઇપણ અમલદારને બરતરફ પણ કરી શકે છે.

(૩) રાજ્ય વહીવટને લગતા કોઇપણ વિષય ઉપરના ખરીતાઓ કે યાદીઓ તે વાઇસરૉય કે ગવર્નરો પાસેથી મંગાવી શકે છે, વળી વાઇસરૉય તેમ જ ગવર્નરોએ રજુ કરેલી કોઇ-પણ વહીવટી યોજનામાં તે ફેરફાર કરી શકે છે એટલું જ નહિ પણ તેઓએ રજુ કરેલી કોઇપણ દરખાસ્તનો અ-સ્વીકાર કરી રદ કરવાની પણ સત્તા ધરાવે છે.

(૪) હિંદી સરકાર ઉપર જો કોઇપણ લડાઇ જાહેર કરવાની ફરજ આવી પડે તો તે પહેલાં હિંદી પ્રધાનની મંજુરીની ખાસ આવશ્યક્તા છે.

(૫) વાઇસરૉય અને ગવર્નરોની નીમણુક કરવા માટે હિંદી પ્રધાન ના૦ શહેનશાહને ભલામણ કરી શકે છે. જ્યારે મોટા અમલદારોની તે જાતે જ નીમણુંક કરે છે.

(૬) ઇંગ્લેંડમાં હિંદુસ્તાન સંબંધી નાણાં વિષયક વ્યવસ્થા કર-વાની તમામ જવાબદારી હિંદી પ્રધાનને શીર છે.

હિંદી પ્રધાન અને કૌંસિલનો સંબંધ:—

હિંદી પ્રધાનની કૌંસિલ એ માત્ર સલાહકાર મંડળ જ છે. કૌંસિલના ઘણા મેંબરોની નીમણુક મોટે ભાગે હિંદી પ્રધાન જ કરે છે. કૌંસિલના હોદ્દાની મુદત સાધારણ રીતે પાંચ વર્ષની હોય છે. ઘણી બાબતોમાં હિંદી પ્રધાન પોતાની કૌંસિલના અભિ-

પ્રાયથી ઉલટી રીતે નિર્ણય કરે છે. કૌંસિલને કોઇપણ દરખાસ્ત રજુ કરવાની સત્તા નથી. પરંતુ જ્યારે હિંદી પ્રધાન રાજ્ય વહીવટને લગતી કોઇપણ દરખાસ્ત રજુ કરે છે ત્યારે કૌંસિલના સભ્યોને તે ઉપર પોતાનો અભિપ્રાય દર્શાવી હિંદી પ્રધાનને સલાહ આપવાનો જ હક છે. અગાઉ કહેવામાં આવ્યું છે તે પ્રમાણે માત્ર નાણાં વિષયક પ્રશ્નોમાં હિંદી પ્રધાન સાવ સ્વતંત્ર નથી. કારણ કે આર્થિક સવાલોમાં તેને કૌંસિલની બહુમતિના અભિપ્રાય પ્રમાણે વર્તવાની ફરજ પડે છે, આમ છતાં પણ પ્રધાન મંડળે કરેલા નિયમ પ્રમાણે જ્યારે હિંદી પ્રધાન વર્તે ત્યારે કૌંસિલથી વચ્ચે આવી શકાતું નથી. ઉદા૦ હિંદી પ્રધાને અગાઉથી કોઇ રાજ્ય સામે વિગ્રહ કરવાનો હુકમ આપ્યો હોય તો કૌંસિલને તે માટે નાણાની રકમ મંજુર કર્યા વગર છુટકો જ નથી.

વાઈસરોય:—

ઈંગ્લેંડથી હિંદુસ્તાન બહુ દૂર હોવાથી પ્રત્યક્ષ રીતે હિંદુસ્તાનનો વહીવટ કરવા માટે ના. શહેનશાહ પોતાનો પ્રતિનિધિ નીમે છે. જેને હિદુસ્તાનમાં વાઇસરોયના નામથી ઓળખવામાં આવે છે. વાઇસરોયની નીમણુંક શહેનશાહ તરફથી કરવામાં આવે છે. અને ઘણે ભાગે તેના હોદ્દાની મુદત પાંચ વર્ષની નક્કી કરવામાં આવેલી હોય છે. વાઇસરોયને હિંદુસ્તાનનો ગવર્નર જનરલ પણ કહેવામાં આવે છે.

હિંદી સરકારનું બંધારણ:—

હિંદી પ્રધાન અને તેની કૌંસિલની દેખરેખ નીચે હિંદુસ્તાનનો અમલ ચલાવનાર જે સર્વોપરિ મંડળ તેને હિંદી સરકાર

કહેવામાં આવે છે. વાઇસરૉય હિંદી સરકારનો વડો છે. હિંદુસ્તાનને માટે તે કાયદા બનાવે છે. અને તે કાયદાનો બરાબર અમલ થાય છે કે નહિં, તે માટે તે ખાસ કાળજી રાખે છે. વાઇસરૉય આ કાર્ય પોતાની બે કૌંસિલોની મદદથી કરે છે.

(૧) એકઝીક્યુટીવ કૌંસિલ એટલે કારોબારી મંડળ અને
(૨) ધારાસભા (લેજીસ્લેટીવ એસેમ્બલી અને કૌંસિલ ઑફ સ્ટેટ.).

(૧) એકઝીક્યુટીવ કૌંસિલ:—વાઇસરૉય અને મુખ્ય સેનાધિપતિ ઉપરાંત છ કે સાત સાધારણ મેમ્બરોની બનેલી હોય છે. આ રીતે હિંદી સરકારનું તમામ કાર્ય નીચે પ્રમાણે જુદા જુદા વિભાગમાં વહેંચાયલું હોય છે.

હિંદી સરકારના ખાતાં:—

(૧) પરદેશ ખાતું:—દેશી રાજ્યો અને હિંદની બહારનાં રાજ્યો સાથે સંબંધ ધરાવે છે. આ ખાતું વાઇસરૉયના હસ્તક છે.

(૨) સ્વદેશ ખાતું:—આ ખાતામાં દેશના આંતર વહીવટ અને વ્યવસ્થા સંબંધી દેખરેખ રાખવાની હોય છે. મુખ્યત્વે કરીને સ્થાનિક સરકારોના કામકાજ ઉપર આ ખાતાનો સભ્ય દેખરેખ રાખે છે. આ સભ્ય હિંદી સનંદી નોકરીનો આગેવાન હોય છે.

(૩) લશ્કરી ખાતું:—લશ્કરની તાલીમ, કેળવણી, અને લશ્કરને સામાન પૂરો પાડવાનું આ ખાતાનું કામ

છે. તેનો કારોબારી વડો કમાન્ડર ઇન્ ચીફ એટલે વડો સેનાપતિ છે.

(૪) મહેસુલ અને ખેતીવાડી ખાતું:— જમીન મહેસુલ અને ખેતીવાડી સંબંધી દેખરેખ રાખનાર ખાતું. જાહેર બાંધકામ ખાતું પણ આ ખાતા સાથે જોડી દેવામાં આવ્યું છે.

(૫) ન્યાય ખાતું:—નવા કાયદા બનાવવા અને જુનામાં સુધારો વધારો કરનાર ખાતું. આ ખાતાનો વડો હિંદી સરકારનો કાયદાનો સલાહકાર ગણાય છે.

(૬) નાણાં ખાતું:— ટંકશાળ, તિજોરી, નોટો, પગાર, પેન્શન, સ્ટેમ્પ અને બેંક સંબંધી કામ કરનાર ખાતું. આ ખાતાનો સભ્ય અનુભવી નાણાં શાસ્ત્રી હોય છે. અત્યારસુધી તેની નીમણુંક વિલાયતથી કરવામાં આવે છે.

(૭) વ્યાપાર ખાતું:—આ ખાતામાં વ્યાપાર, રેલ્વે, પોસ્ટ, તાર, જકાત, ખાણો અને પેટંટો સંબંધી કામ થાય છે. રેલ્વેને લગતું કામ કરવામાટે ત્રણ અમલદારોનું રેલ્વે બૉર્ડ જુદું છે.

(૮) કેળવણીખાતું:—આ ખાતાને દેશની કેળવણી પદ્ધતિ સંબંધી નિર્ણય કરવાનું અને તે ઉપરાંત સ્થાનિક સ્વરાજ્યની દેખરેખ રાખવાનું પણ કામ સોંપવામાં આવેલું છે.

યુદ્ધના વર્ષોમાં મ્યુનિશન્સ બૉર્ડના નામથી એક ખાતું સ્થાપવામાં આવેલું હતું. તે ખાતાનું કામ લડાઇમાં સામાન પૂરો

પાડવાનું હતું. લડાઇ પૂરી થયા પછી આ ખાતાની અગત્ય માલમ પડી આવી તેથી તેને ઉદ્યોગ ખાતાના નામથી જુદું પાડવામાં આવ્યું છે. આટલાં ઉપર જણાવેલાં ખાતાં પૈકી વાઇસરોયને હસ્તક પરદેશ ખાતું અને સેનાપતિને હસ્તક લશ્કરી ખાતું છે. બાકીનાં બધાં ખાતાંઓ એકઝીક્યુટીવ કૌંસિલના સભ્યોમાં વહેંચી નાખેલાં છે. દરેક સભ્ય પોતાના ખાતાનો ઉપરી ગણાય છે. અને તેની નીચે દરેક ખાતાનો જુદો સેક્રેટરી હોય છે. એટલું જ નહિ પણ વહીવટી કામ સરળતા પૂર્વક થઇ શકે એટલા માટે દરેક ખાતાની ઑફિસ પણ જુદી હોય છે.

હિંદી પ્રધાન અને વાઇસરોયનો સંબંધઃ—

હિંદી સરકારના કામકાજ ઉપર દેખરેખ રાખવા હિંદી પ્રધાનને વિશાળ સત્તા આપવામાં આવેલી હોય છે. પરંતુ રાજ-પ્રકરણને અંગે તમામ પ્રકારની નવી દરખાસ્ત અને ફેરફાર મોટે ભાગે વાઇસરોય તરફથી જ આવે છે. મતલબ કે હિંદી પ્રધાન તો વાઇસરોયના કામકાજ ઉપર દેખરેખ રાખે છે. માત્ર જો તેનું કોઇપણ કાર્ય અયુક્ત હોય તો તે અટકાવે છે. એટલા માટે હિંદી સરકાર તરફથી પ્રથમ હિંદી પ્રધાન ઉપર તમામ પ્રકારની દર-ખાસ્ત મોકલવી પડે છે. અને જો તે દરખાસ્તો ના મંજુર થાય છે, તો તેનો અમલ પણ થતો નથી. કેટલીક વખત કોઇ આવી દરખાસ્તના સંબંધમાં હિંદી પ્રધાન અને વાઇસરોયને મતભેદ ઉભો થાય છે. આવા પ્રસંગે હિંદી પ્રધાનને જો પાર્લામેન્ટનો ટેકો હોય છે તો વાઇસરોયે રાજીનામું આપવું પડે છે.

૧૧૪૦૩

વાઈસરોયની સત્તા અને તેની ફરજ:—

(૧) હિંદુસ્તાનના રાજ્ય વહિવટને અંગે વાઇસરોયના હસ્તક રાજાની માફક તમામ સત્તા છે.

(૨) દેશી રાજ્યો સાથેના સંબંધને લગતી તમામ સત્તા વાઇસરોય ધરાવે છે.

(૩) દરેક પ્રાંતિક સરકાર ઉપર તેનો કાબુ છે. અને વાઇસરોયની મંજુરી વગર કોઇપણ કાયદો પસાર કરવાની પ્રાંતિક સરકારને સત્તા નથી.

(૪) રાજાની માફક વાઇસરોય પણ દેહાંત દંડના ગુન્હેગારોને માફી આપવાની સત્તા ધરાવે છે.

(૫) તમામ જરૂરી બાબતો હિંદી પ્રધાન આગળ રજુ કરવાની તેને સત્તા છે.

(૬) હિંદી પ્રધાનના તમામ હુકમોને માન્ય કરવાની તેની ખાસ ફરજ છે. સિવાય તેને રાજીનામું આપવું પડે છે.

વાઇસરોયની એકઝીકયુટીવ કૌંસિલનું બંધારણ:—

એકઝીકયુટીવ કૌંસિલ એટલે કારોબારી મંડળ, વાઇસરોય ઉપરાંત સેનાપતિ અને છ કે સાત સાધારણ સભ્યોની બનેલું છે. કારણવશાત્ કોઇપણ પ્રાંતમાં જ્યારે કૌંસિલની બેઠક બોલાવવામાં આવે છે, ત્યારે તે પ્રાંતનો ગવર્નર પણ કૌંસિલનો અસાધારણ સભ્ય ગણાય છે. કૌંસિલના દરેક સભ્યના હોદ્દાની મુદત પાંચ વર્ષની હોય છે. એકઝીકયુટીવ કૌંસિલના સભ્યો પૈકી જેમણે દશ વર્ષ હિંદી સરકારની નોકરી કરી હોય એવા ઓછામાં ઓછા ત્રણ

સનંદી અમલદારો અને એક સભ્ય ઈંગ્લેંડ કે હિંદમાં ઓછામાં ઓછાં પાંચ વર્ષનો અનુભવ ધરાવનારો બેરીસ્ટર જોઇએ. કારોબારી કૌંસિલના દરેક સભ્યના હસ્તક એક મુખ્ય ખાતું અને તેને લગતાં બીજાં નાનાં ખાતાં હોય છે. અને તે માટે તેના હાથ નીચે કેટલાક સેક્રેટરીઓ, આસિસ્ટંટ સેક્રેટરીઓ, અને કલાર્કો હોય છે. તેમજ દરેક ખાતાની ઑફિસ જુદી હોય છે. લગભગ તમામ બાબતોમાં ગવર્નર જનરલને કારોબારી સભ્યો સલાહ આપે છે, અને ગવર્નર જનરલ ઘણે ભાગે પોતાની કારોબારી કૌંસિલની બહુમતિ પ્રમાણે રાજ્ય વહીવટ ચલાવે છે. આમ છતાંય કેટલીક મહત્વની જણાતી બાબતમાં ગવર્નર જનરલ કૌંસિલના અભિપ્રાયથી વિરુદ્ધ અભિપ્રાય આપી તે પ્રમાણે વર્તવાનો અધિકાર ધરાવે છે.

હિંદુસ્થાનની સૈનિક વ્યવસ્થાઃ—

હિંદુસ્તાનના સૈન્યનો વડો વાઇસરોય ગણાય છે પણ સૈન્યની બધી કારોબારી હકુમત વડા સેનાપતિના હાથમાં છે. કેટલેક અંશે સૈનિક બાબતોમાં ગવર્નર જનરલનો પણ કાબુ છે. કારણકે પરદેશી ભય સામે હિંદુસ્તાનનું રક્ષણ કરવા તે બંધાયલો છે.

દરીઆ ઉપર હિંદુસ્તાનનું બ્રિટીશ નૌકા સૈન્ય દ્વારા રક્ષણ કરવામાં આવે છે. હિંદુસ્તાનનું સ્વતંત્ર નૌકાસૈન્ય નથી. અલબત્ત આ સંબંધી વડી ધારાસભામાં પહેલાં અને હમણાં વારંવાર ચર્ચા કરવામાં આવેલ છે. પણ હિંદને ખર્ચે થોડાં વહાણોનો કાફલો રાખવામાં આવેલો છે, જેને રૉયલ ઈંડિયન મરીનના નામથી ઓળખવામાં આવે છે. આ કાફલાનું કાર્ય બંદર અને સરંજામ સાચવવાનું તેમ દરીઆમાં શોધખોળ કરવાનું અને કાંઠા ઉપર દેખ

રેખ રાખવાનું છે. હિંદુસ્તાનનું જમીન ઉપર રક્ષણ કરવા લગભગ ૨ લાખ ૩૦ હજારનું ખુશ્કી સૈન્ય રાખવામાં આવ્યું છે. જે ચાર ડીવીઝનમાં વહેંચી નાખવામાં આવ્યું છે. તે દરેકને ઉત્તર દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ 'કમાન્ડ' કહેવામાં આવે છે. પણ સાધારણ રીતે આ ચાર ડીવીઝનના કમાન્ડને પંજાબ, મદ્રાસ, મુંબઈ, અને બંગાળા વિભાગ એ નામથી પણ ઓળખવામાં આવે છે. ઉપર જણાવેલા ખુશ્કી સૈન્યમાં ૭૪૮૦૦ બ્રિટીશ સોલ્જર્સ છે. જ્યારે લગભગ ૨૬૮૦ બ્રિટીશ અમલદારો છે.

ઉપર પ્રમાણે નિયમિત સૈન્યની માફક લગભગ ૩૬ હજારનું સ્વયંસેવક સૈન્ય છે. આ સૈનિકોને કાંઈ પગાર આપવામાં આવતો નથી. પરંતુ યુદ્ધ સમયે ખુશ્કી સૈન્ય સમરાંગણ ઉપર હોય ત્યારે આ સ્વયંસેવક સૈન્ય માર્ફતે બંદર, રેલ્વે અને સીવીલ સ્ટેશનોનું રક્ષણ કરવામાં આવે છે. સિવાય હિ દેશી રાજ્યો તરફથી લગભગ ૨૦ હજારનું સૈન્ય રાખવામાં આવે છે. જેને ઇમ્પીરીઅલ સર્વીસ ટ્રુપ્સ કહે છે. વળી જે સૈનિકો પેન્શનપર હોય તે પૈકી આશરે ૩૬ હજારનું દેશી અનામત સૈન્ય રાખવામાં આવ્યું છે કે જ્યારે યુદ્ધનો પ્રસંગ આવે ત્યારે એનો ઉપયોગ કરી શકાય. સરહદ ઉપરનું રક્ષણ કરવા ૧૨ હજારનું સૈન્ય છે. આસામ અને બરમામાં લગભગ ૨૧,૫૦૦ માણસોનું સૈન્ય છે, આ સિવાય હિંદુસ્તાનના રક્ષણ માટે રેલ્વે અને વ્યાપારના માર્ગો પણ ઘણી જ અગત્ય ધરાવનારાં સાધનો છે.

સૈનિક ખર્ચ.

જગતમાં વધતી જતી સૈનિક સ્પર્ધા અને પરદેશી ભયની માન્યતાને લીધે હિંદી સરકારની માગણીથી કેટલાંક દેશી રાજ્યો

એ પોતાને ત્યાં કેટલુંક વધારે સૈન્ય અને સૈનિક સરંજામ રાખવાનો સ્વીકાર કર્યો છે. આમ છતાંય હીંદી સરકારનો સૈનિકખર્ચ લગભગ ૬૫ કરોડ રૂપીઆનો છે. જે છેલ્લી પા સદીમાં લગભગ બમણો થવા પામ્યો છે તેમજ મહેસુલના અર્ધા જેટલો છે. આ સામે વડી ધારાસભાના સભ્યોએ ઘટતી રીતે હિંદી સરકારને ખર્ચ કમી કરવાની વારંવાર સૂચના કરી છે. તેમજ સૈનિક વડાએ પણ આ સૂચના સામે વારંવાર દીલસોજી દર્શાવી છે. હિંદી સરકારનો સ્પષ્ટ ઇરાદો છે, કે વધી પડેલો સૈનિક ખર્ચ કમી કરવાનાં સત્વર પગલાં ભરવાં તેમજ કરકસર માટે નીમાયલા ઇંચકેપ કમીશનની ભલામણોને અમલમાં મૂકવી કે જેથી હીંદી કર ભરનારાઓ ઉપર ઓછો બોજો પડે.

હિંદુસ્તાનના રાજકીય વિભાગ:—

હિંદુસ્તાનને જુદા જુદા પંદર પ્રાંતોમાં વહેંચી નાખવામાં આવ્યો છે. તે આ પ્રમાણે છે:—(૧) બંગાળા, (૨) મદ્રાસ, (૩) મુંબાઈ, (૪) આગ્રા અને અયોધ્યાના સંયુક્ત પ્રાંતો, (૫) પંજાબ. (૬) બિહાર અને ઓરિસા, (૭) મધ્ય પ્રાંત અને વરાડ, (૮) આસામ, (૯) બરમા, (૧૦) વાયવ્ય સરહદનો પ્રાંત, (૧૧) દિલ્હી. (૧૨) બ્રિટીશ બલુચિસ્તાન, (૧૩) અજમેર–મેરવાડા, (૧૪) કુર્ગ. (૧૫) આંદામાનના ટાપુઓ,

પ્રાંતિક રાજ્ય વહીવટ:—

ઉપરના પ્રાંતો પૈકી પહેલા આઠ પ્રાંતોનો વહીવટ શહેનશાહ તરફથી નીમાયલા ગવર્નરોની દેખરેખ નીચે ચાલે છે. ગવર્નરોની નીમણુંક પાંચ વર્ષને માટે હોય છે. ગવર્નરને પ્રાંતિક રાજ્ય વહી

વટમાં મદદ કરવા માટે શહેનશાહ તરફથી નિમાયલા બેથી ચાર સભ્યોની કારોબારી કૌંસિલ તથા લેજીસ્લેટીવ કૌંસિલ એટલે પ્રાંતિક ધારાસભા છે. આ સિવાયના બીજા પ્રાંતો લેફટેનંટ ગવર્નરોના નીચે છે. લેફટેનંટ ગવર્નરોની નીમણુંક જો કે વાઇસરોય કરે છે પણ વાઇસરોયે તે માટે પ્રથમથી સમ્રાટ્‌ની મંજુરી લેવી જરૂરની છે. નિયમ પ્રમાણે એજ લેફટેનંટ ગવર્નર થઇ શકે કે જેણે હિંદુસ્તાનમાં ઓછામાં ઓછાં દશ વર્ષ નોકરી કરેલી હોય. લેફટેનંટ ગવર્નરને પ્રાંતિક વહીવટ ચલાવવામાં મદદ કરવા માટે લેજીસ્લેટીવ કૌંસિલ છે. આમ છતાંય ગવર્નરો જેટલી તેને સત્તા નથી—કારણ કે તેના ઉપર સીધી રીતે વાઇસરોયનો કાબુ છે. વાયવ્ય સરહદના પ્રાંતો અને દિલ્હીનો વહીવટ ચીફ કમીશનરથી ચલાવવામાં આવે છે. ચીફ કમીશનરની નીમણુંક વાઇસરોય કરે છે. અને ચીફ કમીશનર પણ વાઇસરોયના પ્રતિનિધિ તરીકે જ વહીવટ ચલાવે છે. ચીફ કમીશનરને બેમાંથી એકેય કૌંસિલ નથી પરંતુ ઘણી ખરી બાબતોમાં લેફ૦ ગવર્નર જેટલીજ તેને વહીવટી સત્તા હોય છે. બ્રિટીશ બલુચિસ્તાન અને અજમેર–મેરવાડાના પ્રાંતોનો વહીવટ એજંટની માર્ફતે ચલાવવામાં આવે છે. તેની નીમણુંક પણ વાઇસરોયજ કરે છે. મ્હૈસુરના રેસીડેન્ટના વહીવટ નીચે કુર્ગ પ્રાંત અને આંદામાનના ટાપુઓ પોર્ટ બ્લેરના સુપ્રીન્ટેન્ડેન્ટના હેઠળ છે.

પ્રાંતિક વહીવટની વહેંચણી:—

ગવર્નરોના પ્રાંતોનો વહીવટ બે વિભાગમાં વહેંચવામાં આવ્યો છે. વહીવટનાં કેટલાંક ખાતાંઓ પ્રાંતિક સરકારના હસ્તક છે. જે સ્વાયત્ત ખાતાંના નામથી ઓળખાય છે. જ્યારે કેળવણી,

આરોગ્ય, વ્યાપાર, ઉદ્યોગ, મ્યુનિસિપાલીટી અને ખેતીવાડી જેવાં ખાતાંઓ કે જેનું નામ પરાયત્ત ખાતાં આપવામાં આવ્યું છે. તેનો વહીવટ લેજીસ્લેટીવ કૌંસિલનામચુંટાયલા મેમ્બરોથી નીમાયલા પ્રધાનોના હસ્તક છે.

પ્રધાનો અને ગવર્નરની સત્તા:—

આ પ્રધાનો અને ગવર્નરની કારોબારી કૌંસિલના સભ્યોનો દરજ્જો અને પગાર એકસરખાં છે. પરંતુ પ્રધાનો લેજીસ્લેટીવ કૌંસિલની મરજી વિરુદ્ધ પોતાને સોંપાયેલાં ખાતાંનો વહીવટ ચલાવે તો તેઓને ગવર્નર બરતરફ કરી શકે છે, અથવા તો લેજીસ્લેટીવ કૌંસિલ તેઓને વહીવટી કામ કરવાનું પોતાની સત્તાથી અશકય બનાવી મૂકે છે, આથી ઉલટી રીતે જો કોઇપણ પ્રધાન ગવર્નરના વહીવટ સામે વિરોધ ધરાવતો હોય તો અને તેને લેજીસ્લેટીવ કૌંસિલનો ટેકો હોય તો એવી સ્થિતિમાં ગવર્નરને પ્રાંતનો વહીવટ ચલાવવો મુશ્કેલ પડે છે. આવી વખતે ગવર્નર બીજા પ્રધાનની નીમણુંક કરવાની સત્તા ધરાવે છે એટલુંજ નહિ પણ લેજીસ્લેટીવ કૌંસિલને પણ તે બરખાસ્ત કરી શકે છે. આ દરમિયાન ગવર્નર પોતે વહીવટ ચલાવે છે. પણ નવી કૌંસિલ અને પ્રધાન પ્રથમની માફક જો ગવર્નર કરતાં જુદા પ્રકારનો વહીવટી અભિપ્રાય ધરાવનારાં હોય છે તો ગવર્નરને સાધારણ રીતે તે અભિપ્રાય આખરે કબુલ કરવો પડે છે. પરંતુ અનુભવ ઉપરથી હવે જણાવા લાગ્યું કે પ્રાંતિક વહીવટમાં આવી દ્વિરાજ્ય પદ્ધતિમાં સુધારો કરવાની ઘણી જરૂર છે. કારણ કે તે પદ્ધતિ કેટલેક દરજ્જે નિષ્ફળ નીવડી છે.

પ્રાંતિક સરકાર અને હિંદી સરકાર વચ્ચેનો સંબંધ:-

આખા હિંદુસ્તાનના તમામ રાજ્ય વહીવટની જવાબદારી ગવર્નર જનરલના ઉપર છે. એટલે દરેક પ્રાંતિક સરકારના વહીવટ ઉપર તેને દેખરેખ રાખવાની આવશ્યકતા છે. પોસ્ટ, તાર, અને લશ્કરી જેવા ખાતાંઓ કે જે વડી સરકારના સીધા વહીવટ નીચે છે. તે સંબંધી પ્રાંતિક સરકારને કોઇપણ કાયદો રચવાની સત્તા નથી. તેમ જ પ્રાંતિક સરકારના કાબુ હેઠળના કેળવણી, જેલ, અને પોલીસ ખાતાં જેવાં ખાતાંઓનો વહીવટ, તથા તે સંબંધી કાયદા રચવાની સત્તાનો ઉપયોગ પણ ગવર્નર જનરલ ઇન કોંસીલે નક્કી કરેલા કાયદા પ્રમાણે જ કરવામાં આવે છે. વહીવટ એવો છે કે પ્રાંતિક સરકારે પ્રથમ પોતાની તમામ દરખાસ્ત મંજુરી માટે વડી સરકાર આગળ રજુ કરવી જોઇએ. કેમકે પ્રાંતિક સરકાર સ્વતંત્રપણે કોઇપણ નવા કર અથવા તો કોઇપણ મહત્વનો ફેરફાર વડી સરકારની મંજુરી સિવાય કરી શકે નહિ. વળી દરેક પ્રાંતની આવક અને જાવક વડી સરકાર કાળજીપૂર્વક તપાસે છે: અને એટલા માટે હિંદી સરકારનાં નાણાં ખાતા તરફથી દરેક પ્રાંતમાં પ્રાંતની આવક જાવક તપાસનાર ખાસ એકાઉન્ટન્ટની નીમણુંક કરવામાં આવે છે. તે પ્રાંતિક બજેટ કાળજીથી તપાસી વડી સરકારને પોતાનો અભિપ્રાય જણાવે છે. એટલે વડી સરકારને જો કાંઇ બીન જરૂરી વધારાનો ખર્ચ જણાય છે તો તે અટકાવવાની પ્રાંતિક સરકારને ફરજ પાડી શકે છે. આમ છતાંય સરકારની રાજનીતિ એવી છે કે જેમ બને તેમ પ્રાંતિક વહીવટ ઉપરના અંકુશ ઓછા કરી પ્રાંતિક સરકારને વધારે સ્વતંત્ર સત્તા આપવી.

રેગ્યુલેશન અને નોન રેગ્યુલેશન પ્રાંતો:–

ઇસ્ટ ઇંડિયા કંપનીએ શરૂઆતમાં જે પ્રાંતો મેળવ્યા હતા તે પ્રાંતમાં ચાર્ટર એકટના સિદ્ધાન્તોને અનુસરીને હકુમત સ્થાપી તે રેગ્યુલેશન પ્રાંત ગણાયા. પરંતુ તેજ વખતે કેટલાક પ્રાંતો એવા હતા કે જયાંની પ્રજાને રાજાનાં વચન એજ કાયદો હતો. તે પ્રાંતોમાં ગવર્નર જનરલે અધિકારીઓને સ્થાનિક અનુકૂલતા પ્રમાણે કાયદા બનાવી વહીવટ ચલાવવાની સત્તા આપી આવા પ્રાંતો નોન–રેગ્યુલેશન પ્રાંતો ગણાયા. રેગ્યુલેશન અને નોન–રેગ્યુલેશન પ્રાંતો વચ્ચે મહત્વનો તફાવત નીચે પ્રમાણે છે:—

રેગ્યુલેશન અને નોન રેગ્યુલેશન પ્રાંતો વચ્ચે તફાવત:–

(૧) રેગ્યુલેશન પ્રાંતોની અંદર સ્થાનિક અમલદારોની સત્તા નોન–રેગ્યુલેશન પ્રાંતોના કરતાં ઓછી હતી.

(૨) રેગ્યુલેશન પ્રાંતોનો વડો ગવર્નર અથવા લેફ્ટેનંટ ગવર્નર કહેવાતો જ્યારે નોન–રેગ્યુલેશન પ્રાંતોનો વડોઅધિકારી ચીફ કમિશ્નર કહેવાતો હતો.

(૩) રેગ્યુલેશન પ્રાંતોમાં જીલ્લાના વડાને કલેકટર, અને નોન–રેગ્યુલેશનમાં જીલ્લાના વડાને ડેપ્યુટી કમિશ્નર કહેતા.

(૪) રેગ્યુલેશન પ્રાંતોમાં સનંદી હોદ્દાઓ સિવિલ સર્વિસના માણસોને જ આપવામાં આવતા હતા. જ્યારે નોન–રેગ્યુલેશન પ્રાંતોમાં તે હોદ્દાઓ સૈનિક અમલદારોને અને બીજાઓને મળી શકતા હતા.

ઉપર બતાવેલો તફાવત હમણાં ઓછો થતો જાય છે. અને

બ્રમ્હા સિવાયના બધા પ્રાંતોનો અમલ ઘણુંખરૂં ચાલુ વહીવટ પદ્ધતિ પ્રમાણે ચલાવવામાં આવે છે.

જીલ્લો અને કલેકટરઃ—

દરેક પ્રાંતને જુદા જુદા જીલ્લાઓમાં વહેંચી નાંખવામાં આવ્યો છે. આવા જીલ્લાઓ હિંદુસ્તાનમાં બધા મળીને લગભગ ૨૬૭ છે. અને તેને ડીસ્ટ્રીકટ એ નામથી ઓળખવામાં આવે છે. આવા દરેક જીલ્લાના મુખ્ય અધિકારીને કલેકટર અથવા તો નોન્ રેગ્યુલેશન પ્રાંતોમાં ડેપ્યુટી કમિશ્નર કહેવામાં આવે છે. સ્થાનિક સરકાર તરીકે કલેકટરજ ગણાય છે. સરકારના બધા હુકમોનો અમલ કરનાર અને પ્રજાની દાદ ફરીઆદ સાંભળનાર અને સરકારને પહોંચાડનાર જીલ્લાનો કલેકટરજ છે; ખેડુત અને જમીનને લગતા તમામ સ્થાનિક સવાલોનું તે નિરાકરણ કરે છે. તેનો બીજો હોદ્દો ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટનો પણ છે. કલેકટરને જુદી જુદી જાતનાં ઘણા કામ કરવાનાં હોયછે. જમીન મહેસુલ તેમજ જીલ્લાના બીજા કરો જેવાં કે કેફી વસ્તુઓ ઉપર, આવક ઉપર અને સ્ટાંપ ઉપરના કર ઉઘરાવવાની જવાબદારી કલેકટરના શીર છે. સિવાય જીલ્લાનાં બીજાં ખાતાઓ જેવાં કે લેન્ડ રેકર્ડ, કેળવણી, પોલીસ જંગલ,, અને રજીસ્ટ્રેશન વગેરે ખાતાંઓ ઉપર તેની દેખરેખ હોય છે. આ ખાતાંના જો કે અમલદારો જુદા હોય છે, છતાં પણ તે ખાતાંઓ સાથે કલેકટરને વધતો ઓછો સંબંધ છે. અને તે ખાતાના વડા અમલદારોને કલેકટરના તાબામાં રહી પોતાની ફરજો બજાવવાની હોય છે. આ અમલદારો પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટ સીવીલ સર્જન, જંગલ ખાતાનો ઉપરી, સ્કુલોનો ઇન્સ્પેકટર, જેલ સુપ્રીન્ટેન્ડેન્ટ, ડેપ્યુટી કલેકટર એ નામથી ઓળખાય છે. પણજીલ્લાના

લોકો કલેકટરનેજ સર્વ સત્તાધીશ તરીકે માને છે. મ્યુનીસીપાલી-ટીઓ અને જીલ્લા બૉર્ડોની દેખરેખ પણ મોટે ભાગે કલેકટર જ રાખે છે. કલેકટરનામહાથ નીચે આસિસ્ટંટ કલેકટરો, અને ડેપ્યુટી કલેકટર હોય છે. અને તેઓના ઉપર એક કરતાં વધારે તાલુકાનો વહીવટ સંભાળવાની જવાબદારી છે. તેઓને પણ જરૂરીયાત પુરતી ન્યાયની સત્તા આપવામાં આવેલી હોય છે. કલેકટર જો કે મોટે ભાગે જીલ્લાના વડા મથકે રહે છે. તોપણ પોતાના જીલ્લા સંબંધે વધારે વિગતો મેળવવા તે શિયાળામાં મુસાફરીએ નીકળે છે.

કમિશ્નર:—

કેટલાક પ્રાંતોમાં બે ચાર જીલ્લાઓના એક યુથનો વિભાગ બનાવી તેને કમિશ્નરની દેખરેખ નીચે મૂકવાનો રિવાજ છે. કમિશ્નર પોતાના વિભાગનામજીલ્લાઓના કલેકટરના કામ ઉપર દેખરેખ રાખે છે. કલેકટર પ્રાંતિક સરકારને કમિશ્નરની માર્ફત તમામ હકીકત મોકલે છે. અને તે સંબંધી કમિશ્નર પોતાનો અભિપ્રાય જણાવે છે. બ્રિટીશ હિંદમાં લગભગ આવા ૫૦ વિભાગો છે.

કલેકટરની સત્તા અને ફરજ:—

કલેકટર જીલ્લાનો ઉપરી કહેવાય છે. પરંતુ નોન્-રેગ્યુલેશન પ્રાંતોમાં તેને ડેપ્યુટી કમિશ્નરના નામથી ઓળખવામાં આવે છે. ઉપરાંત તે ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટનો પણ હોદ્દો ધરાવે છે. કલેકટરની ફરજ છે કે તેણે પોતાનામજીલ્લાની આબાદીપર ધ્યાન આપતું. અને સરકારના કાયદા પ્રમાણે તેણે પોતાના જીલ્લાનો વહીવટ કરવો.

તાલુકો અને મામલતદાર:—

દરેક જીલ્લો તાલુકા કે તહેસીલમાં વિભક્ત કરવામાં આવેલો હોય છે. આવા એક જીલ્લામાં પાંચ, ૭ કે તે કરતાં વધારે તાલુકા

હોય છે. દરેક તાલુકાના ઉપરીને મામલતદાર કે તહેસીલદાર કહે-વામાં આવે છે. તહેસીલદારને કલેક્ટરના જેવુંજ પણ તેના કરતાં નાના પ્રમાણમાં બધુંજ કામ કરવાનું હોય છે, મામલતદારો દેશી અમલદારો હોય છે, અને તે તાલુકાના વસુલાતી કામ ઉપરાંત ફોજદારી કામ પણ કરે છે. મામલતદારની કચેરી હોય છે. અને તે તાલુકાના બધા પટેલો, મુખી, ને કુલકર્ણીનો ઉપરી છે. જીલ્લામાં સરકારનો પ્રતિનિધિ જેવા કલેક્ટર છે. તેવાજ તાલુકામાં મામલત-દાર છે. તાલુકાની તિજોરી તેના હવાલામાં હોય છે. અને સરકા-રના બધા હુકમોનો તે અમલ કરે છે.

લેજીસ્લેટીવ એસેમ્બ્લી અને કૌંસિલ ઑફ સ્ટેટનું બંધારણ:-

ઈ. સ. ૧૯૧૯ના હિંદી સરકારના સુધારાના કાયદા પ્રમાણે કૌંસિલ ઑફ સ્ટેટ અને લેજીસ્લેટીવ ઍસેમ્બલી નામનાં બે મં-ડળો ગવર્નર જનરલને દેશના વહીવટમાં મદદ કરવા માટે છે. લેજીસ્લેટીવ ઍસેમ્બલીમાં બધા મળીને ૧૪૦ સભ્યો હોય છે. તેમાં ૧૦૦ ચુંટાયલા અને ૪૦ સભ્યો સરકાર તરફથી નીમા-યલા હોય છે. પણ આ ૪૦ પૈકી ૨૬ કરતાં વધારે સરકારી અમલદારો નથી હોતા. લેજીસ્લેટીવ ઍસેમ્બલીના સભ્યોની સંખ્યામાં વધારો કરી શકાય છે. આ રીતે જો ઍસેમ્બલીના સભ્યોની સંખ્યામાં પ્રસંગવશાત્ વધારો કરવામાં આવે તોપણ કોઈપણ વખતે ઍસેમ્બલીના એકંદર સભ્યોની સંખ્યાનો $\frac{5}{7}$ ભાગ તો ચુંટાયલો જ હોવો જોઇએ, જ્યારે બાકીના $\frac{2}{7}$ ભાગમાં પણ $\frac{1}{3}$ ભાગ બીન સરકારી સભ્યોનો હોવો જોઇએ. શરૂઆતમાં

લેજીસ્લેટીવ ઍસેમ્બ્લીનો પ્રેસીડેન્ટ ગવર્નર જનરલ નહિ પણ ઇંગ્લૅન્ડથી પાલામેન્ટના કોઈ અનુભવી સભાસદની નીમણુંક કરવામાં આવી છે કે જેથી તે પાર્લામેન્ટની રીતભાત અને કાનુનો હિંદમાં દાખલ કરે. ચાર વર્ષ પછી (આ ચાર વર્ષ હવે પુરાં થવા આવ્યાં છે) લેજીસ્લેટીવ ઍસેમ્બ્લીના સભ્યો પ્રેસીડેન્ટની ચુંટણી કરવાનો હક ધરાવશે. લેજીસ્લેટીવ ઍસેમ્બ્લીની મુદત જો કે ત્રણ વર્ષની છે પણ એ મુદતમાં વધારો યા ઘટાડો કરવાનીગવર્નર જનરલ સત્તા ધરાવે છે, લેજીસ્લેટીવ ઍસીમ્બ્લીના સભ્યોની ચુંટણી જુદાં જુદાં પ્રાંતોનાં મતદાર મંડળો તરફથી આગળના કોઠામાં જે આંકડા આપ્યા છે, તે પ્રમાણે થાય છે.

કૌંસિલ ઑાવ સ્ટેટ પણ ગવર્નર જનરલને કાયદા બાંધવા અને તેને અમલમાં મૂકવા માટે મદદ કરનારૂં મંડળ છે. તેમાં એકંદર ૬૦ સભ્યો હોય છે. તેમાં ૨૦ કરતાં વધારે સરકારી નોકર ન હોવા જોઇએ, બાકીના પૈકી ૩૩ લોકનિયુક્ત એટલે પ્રજા તરફથી ચુંટાયલા ૬ સરકારે નીમેલા બીન–સરકારી, અને ૧ બિહાર પ્રાંત તરફનો ચુંટાયલો સભ્ય હોય છે. કૌંસિલ ઓાવ સ્ટેટના ચુંટાયલા સભ્યોની ચુંટણી જુદા જુદા પ્રાંતો તરફથી નીચે દર્શાવેલા કોઠામાં જે આંકડા આપ્યા છે તે પ્રમાણે કરવામાં આવે છે. જેઓ જાગીરદાર અથવા સરદાર વર્ગના હોય, સરકારને ૩૦ હજાર કરતાં વધારે આવક ઉપર વેરો ભરતા હોય, ધારા સભાના સભ્ય હોય, મ્યુનિસિપાલીટી કે લોકલબૉર્ડના પ્રમુખ કે ઉપપ્રમુખનો જેઓએ હોદ્દો ધરાવ્યો હોય અને યુનિવર્સીટીના ફેલો હોય તેઓ જ કૌંસિલ ઑફ સ્ટેટ માટે પોતાની ઉમેદવારી નોંધાવી શકે છે. કૌંસિલ ઓફ સ્ટેટનાં આવરદા સા-

ધારણુ રીતે પાંચ વર્ષનો છે પણુ અમુક પ્રસંગે તેને બરખાસ્ત કરવાનો ગવર્નર જનરલ હક ધરાવે છે. પણુ એ રીતે સભા બરખાસ્ત કર્યા પછી ઓછામાં ઓછા ૭ અને વધારેમાં વધારે નવ માસની અંદર તેણે નવી ચુંટણી માટે ગોઠવણુ કરવી જોઇએ. કૌંસિલના જ સભ્યોમાંથી કૌંસિલના પ્રેસીડેન્ટ તરીકે એકની નીમણૂક વાઇસરોય કરે છે.

કોઠો.

પ્રાંતનું નામ.	લેજીસ્લેટીવ એસેમ્બ્લી.		કૌંસિલ ઓફ સ્ટેટ.
મુંબઈ	૧૬	...	૬
મદ્રાસ	૧૬	...	૫
બંગાળા	૧૭	...	૬
સંયુક્ત પ્રાંત	૧૬	...	૫
પંજાબ	૧૨	...	૩
બિહાર અને ઓરીસા	૧૨	...	૪
મધ્ય પ્રાંત	૫	...	૧
આસામ	૪	...	૧
બર્મા	૪	...	૨
	૧૦૨		૩૩

કામકાજ:—

ધારાસભાનું કામકાજ ત્રણુ વિભાગમાં વહેંચાયલું છે. (૧) કાયદા બાંધવાનું, (૨) જાહેર ઉપયોગી સવાલો ચર્ચવાનું, (૩) સરકાર પાસેથી ખબર મેળવવાનું.

કાયદા રચવાની પદ્ધતિ:—

જ્યારે કોઇપણ કાયદો ધારાસભામાં દાખલ કરવો હોય છે, ત્યારે તેનાં કારણો અને હેતુઓ સરકારી ગેઝેટમાં બહાર પાડવામાં આવે છે. આવી રીતે પ્રસિદ્ધ કરેલા કાયદા ધારાસભાના પહેલા વાચનમાંથી પસાર થએલો ગણી લેવામાં આવે છે. પરંતુ જો કોઈ અગત્યનો કાયદો હોય તો તેની ખાસ ચર્ચા ચલાવવામાં આવે છે. કોઇપણ નવો કાયદો જ્યારે કરવાનો હોય છે, ત્યારે ઉપરનાં બે મંડળમાંથી એક મંડળમાં બીલરૂપે રજુ કરવામાં આવે છે. મૂળ જે મંડળમાં બીલ રજુ કરવામાં આવ્યું હોય તે ઉપર તે મંડળમાં ચર્ચા થયા બાદ બીજા મંડળ ઉપર મોકલવામાં આવે છે. બીજું મંડળ સદરહુ બીલમાં ચર્ચા પછી ફેરફાર અગર તેનો અસ્વીકાર કરી પહેલા મંડળ ઉપર પાછું મોકલે છે. જો બીજું મંડળ બીલને કબુલ રાખે તો તેને બન્ને મંડળની સીલેકટ કમિટિ આગળ મૂકવામાં આવે છે. સીલેકટ કમિટિ તેમાં સુધારા વધારા કરી ધારાસભાને રિપોર્ટ કરે છે. ધારાસભાની પછીની બેઠકમાં આ રિપોર્ટ ઉપર વિગતવાર ચર્ચા થઈ તે ત્રીજી વારના વાચન-માંથી પસાર થાય છે. આ પ્રમાણે ધારાસભામાં પસાર કરવામાં આવેલો મુસદ્દો તેજ વિધિ પ્રમાણે કોંસિલ ઑફ સ્ટેટમાં પસાર કરવામાં આવે છે. આ રીતે જ્યારે બન્ને મંડળો એકમત થાય, ત્યારે ગવર્નર જનરલની મંજુરી માટે રજુ કરવામાં આવે છે. ત્યારબાદ તે કાયદા તરીકે જાહેર થાય છે. સદરહુ બીલ–મુસદ્દાના સંબંધી ,જો બન્ને મંડળ વચ્ચે વિરોધ ઉભો થાય છે, તો બન્ને મંડળની ભેગી બેઠક થાય છે. અને તેમાં બહુમતિ પ્રમાણે નિર્ણય થાય છે. પણ એક મંડળે પાસ કરેલું બીલ બીજું મંડળ ખ્યા-

નમાં ન લે તો તે બીલ રદ જાય છે. વળી કોઇ બીલને કાયદા તરીકે પાસ કરવા બન્ને મંડળો ના પાડે તો ખાસ સંયોગો ધ્યાનમા લઈ, ગવર્નર જનરલ પોતાની ખાસ સત્તાથી તેને પસાર થએલું-કાયદા તરીકે-જાહેર કરી શકે છે.

જાહેર સવાલોની ચર્ચા અને ખબરો મેળવવી:—

જાહેર ઉપયોગી સવાલોમાં મુખ્ય વિષય બજેટનો છે. દર વર્ષના લગભગ આખરે હિંદી સરકારનો નાણા ખાતાનો સભ્ય આવક જાવકના આંકડાઓ રજુ કરે છે. આ આંકડાઓની છાપેલી નકલ સભાસદોને પૂરી પાડવામાં આવે છે. ધારાસભાના સભ્યો બજેટ ઉપર છુટથી ચર્ચા કરે છે, અને પોતાનો સામાન્ય અભિપ્રાય આપે છે. અને જ્યાં ખર્ચ કમી કરવાનો હોય ત્યાં તે પ્રમાણે સૂચવે છે. એટલું જ નહિ પણ ધારાસભા બહુમતિથી બજેટને નામંજુર પણ કરી શકે છે. બીજા કોઈપણ ઉપયોગી સવાલ ધારાસભામાં રજુ કરી શકાય છે. અને તેથી સરકારનું ધ્યાન પણ આ સવાલ તરફ ખેંચી શકાયછે. આથી ધારાસભાના સભાસદો સરકાર આગળ પ્રજા મત રજુ કરી શકે છે. સિવાય સરકાર પાસેથી કાંઈ પણ ખબર મેળવવાનો દરેક સભાસદ હક્ક ધરાવે છે. અને તે સવાલ પૂછીને ખબર મેળવી શકે છે. માત્ર આ માટે તેણે અગાઉથી નોટીસ આપવી જોઇએ. ને પૂછવામાં આવનારા સવાલોમાં માત્ર જોઇતી ખબર મેળવવાનો જ ઉદ્દેશ જોઇએ તેમાં કોઈપણ પ્રકારની ટીકા ન હોવી જોઇએ.

પ્રાંતિક-લેજીસ્લેટીવ કૌંસિલ (પ્રાંતિક ધારાસભા):—

જુદી જુદી પ્રાંતિક-લેજીસ્લેટીવ કૌંસિલમાં વધારેમાં વધારે મેંબરોની સંખ્યા નીચે પ્રમાણે નક્કી કરેલી છે.

મદ્રાસ ૧૧૮, મુંબઈ ૧૧૧, બંગાળ ૧૨૫, સંયુક્ત પ્રાન્તો ૧૧૮, પંજાબ ૮૩, બિહાર અને ઓરિસા ૯૮, મધ્ય પ્રાંતો ૭૦ અને આસામ ૫૩. આ એકંદર સંખ્યામાં ૨૦ કરતાં વધારે સરકારી સભ્યો અને ૭૦ ટકા કરતાં ઓછા લોક નિયુક્ત સભ્યો ન હોવા જોઇએ. પ્રાંતનો ગવર્નર કૌંસિલનો મેંબર ગણાતો નથી. પણ કૌંસિલના પ્રેસીડેન્ટ તરીકે પ્રાંતના જાહેર જીવનમાં જાણીતા અને આ વિષયના અનુભવીને નીમવાની ગવર્નર સત્તા ધરાવે છે.

મુંબઈ પ્રાંતની ધારાસભા:—

મુંબઈ પ્રાંતની લેજીસ્લેટીવ કૌંસિલ ૧૦૭ સભ્યોની બનેલી છે, તે પૈકી ૮૬ સભ્યો લોકનિયુક્ત અને ૧૬ સરકારી (એકઝીક્યુટીવ કૌંસિલના સભ્યો અને પ્રધાનો સાથે) સભ્યો તથા પાંચ બીન સરકારી નીમવામાં આવે છે. આ પાંચ સભ્યોમાં ૧ એંગ્લો ઇંડિયન, ૧ હિંદી ખ્રિસ્તીઓ, ૧ મજુર વર્ગ, ૧ અંત્યજ કોમ, અને ૧ રૂના વેપારીઓનો પ્રતિનિધિ હોય છે. ચુંટાયલા ૮૬ સભ્યોની ચુંટણી નીચેના પ્રમાણમાં કરવામાં આવે છે. નીમાયલા સભ્યોની સંખ્યા ૨૫ કરતાં વધવી ન જોઇએ.

૧૧ મુસલમાન સિવાયના (મુંબઈ ૬, કરાંચી અમદાવાદ, સુરત, પુના અને શોલાપુરનો એક એક).

૫ મુસલમાન તરફથી.

૩૫ બીન મુસ્લીમ જુદા જુદા જીલ્લાઓમાંથી.

૨૨ મુસ્લીમ જુદા જુદા જીલ્લાઓમાંથી.

૨ યુરોપીઅન તરફથી.

૧ યુનિવરસીટી તરફથી.

૩ જમીનદારો તરફથી
૭ વેપારી મંડળો તરફથી.

૮૬

પ્રાંતિક ધારાસભામાં કાયદા પાસ કરવાની પદ્ધતિ:—

પ્રાંતિક ધારાસભામાં જ્યારે કોઇ બીલ કાયદા તરીકે મૂકવાનું હોયછે, તે પહેલાં તે સંબંધી પ્રજાને ખબર આપવામાં આવે છે. આથી વર્તમાનપત્રો તેમજ જાહેર મંડળો આ બીલ ઉપર કેવો અભિપ્રાય ધરાવે છે, તે સરકારના જાણવામાં આવેછે. અને ત્યારબાદ તેને સીલેકટ કમિટિ આગળ મૂકવામાં આવે છે. સીલેકટ કમિટિના રિપોર્ટ પછી તેમાં ધારાસભાના સભ્યો તરફથી દરખાસ્તો અને સુધારા રજુ કરી શકાય છે. આ કાર્ય થયા પછી જ્યારે તેના ઉપર ગવર્નરની સહી થાય છે, ત્યારે તે બીલ કાયદો ગણાય છે.

પરંતુ કોઇ અસાધારણ પ્રસંગે ગવર્નર વચ્ચે પડી શકે છે. કારણકે પોતાના કે અન્ય પ્રાંતની સહીસલામતી અને સુલેહ શાંતિમાં કોઇપણ બીલ અગર તો તેની કલમ રદ કરવાની ગવર્નર સત્તા ધરાવે છે. પણ ગવર્નરની કારોબારી કૌંસિલનો કોઇપણ સભ્ય પોતાના સ્વાયત્ત ખાતાને લગતું કોઇ બીલ લાવે અને જો તેને પ્રાંતિક ધારાસભા નામંજુર કરે તો પણ સારા રાજ્ય કારોબારને માટે તે બીલ જરૂરનું છે, એમ જો ગવર્નરને જણાય તો તેના સરટીફીકેટથી તે બીલ પસાર થએલું ગણાય છે. એટલે કે તેને કાયદા તરીકે લેખવામાં આવે છે.

ન્યાયનું બંધારણ.

૧૮૬૧ નો હાઇકોર્ટનો કાયદો.–:

૧૭૭૩ના રેગ્યુલેટીંગ એક્ટ પ્રમાણે કલકત્તામાં સુપ્રિમ કોર્ટ સ્થાપન કરવામાં આવી, તે પહેલાં પાર્લામેન્ટ તરફથી મળેલા અધિકારની રૂએ કંપની તરફથી મેયરની કોર્ટો મારફત ન્યાયને લગતું કામ લેવામાં આવતું હતું. પરંતુ ન્યાય ખાતાનું ખરૂં બંધારણ તો ૧૮૬૧ માં પાર્લામેન્ટે હિન્દની હાઇકોર્ટોનો ધારો ઘડયો, ત્યારથી શરૂ થયું. આ કાયદા પ્રમાણે શરૂઆતમાં કલકત્તા, મુંબઇ મદ્રાસ, અને પાછળથી અલ્હાબાદ તેમ જ ૧૯૨૨ ના વર્ષમાં બર્મા અને પંજાબમાં હાઇકોર્ટો સ્થાપવામાં આવી છે.

હાઇકોર્ટના જડજો:—

પ્રાંતોમાં હાઇકોર્ટ એ મોટામાં મોટું ન્યાયાલય છે. હાઇકોર્ટના વડા જડજ અને બીજા જડજોની સંખ્યા પંદર કરતાં વધારે નથી હોતી. આ બધાની નીમણોક શહેનશાહ તરફથી કરવામાં આવે છે. હાઇકોર્ટના જડજોમાંના કેટલાક બ્રિટન અને આયર્લૅંડના બેરીસ્ટરો હોય છે. કેટલાક ઇંડિયન સિવિલ સર્વીસ પૈકીના અને બીજા હિંદુસ્તાનના વકીલ મંડળ પૈકીના હોય છે. ઘણે ભાગે બેરિસ્ટરો અને સનંદી અમલદારો દરેક કુલ સંખ્યાના ત્રીજા ભાગના હોય છે. હાઇકોર્ટના વડાને ચીફ જસ્ટીસના નામથી ઓળખવામાં આવે છે.

ઓરીજીનલ અને એપેલેટ જ્યુરીસ્ડીક્શન:-

હાઇકોર્ટને નીચેની કોર્ટના ચુકાદા સામે અપીલ સાંભળવાની સત્તા છે. તેમ જ તેને સ્થાનિક સત્તા (ઓરીજીનલ જ્યુરીસ્ડીક

શન) પણ છે. જેને આધારે હાઇકોર્ટ પ્રેસીડેન્સી શહેરમાં તથા તેની હદમાં દિવાની તેમ જ ફોજદારી સર્વાધિકાર ભોગવે છે. અને એપેલેટ જ્યુરીસ્ડીકશનના રૂએ હાઇકોર્ટના જડજો નીચેની કોર્ટના ચુકાદા સામે અપીલ સાંભળે છે. અને આખા ઇલાકામાં આવેલી દિવાની અને ફોજદારી અદાલતો ઉપર દેખરેખ રાખે છે. અને તેમના માટે કાનુન અને પેટાકાનુન ઘડે છે. તેમ જ હાઇકોર્ટની અનુમતિ વગર નીચેની કોર્ટને દેહાતદંડની કરેલી શિક્ષાનો અમલ કરવાનો અધિકાર નથી. હાઇકોર્ટ ઉપર ગવર્નરો તેમજ પ્રાંતિક કારોબારીઓનો કશો જ અધિકાર નથી.

ચીફ અને જ્યુડીશ્યલ કોર્ટો:—

પંજાબ અને દક્ષિણ બર્મા જેવા પ્રાંતોમાં ચઢતા દરજ્જાની કોર્ટને ચીફકોર્ટના નામથી ઓળખવામાં આવે છે. આ કોર્ટના જડજોની નીમણુંક ગવર્નર જનરલ કરે છે. ચીફકોર્ટની સત્તા હાઇકોર્ટના જેટલી જ છે. પરંતુ તે પ્રાંતિક કારોબારીઓના કાબુ હેઠળ છે. ઓછી અગત્ય ધરાવનારા બાકીના પ્રાંતોમાં હાઇકોર્ટ અથવા ચીફ કોર્ટની સત્તા જ્યુડીશ્યલ કમીશ્નરના હસ્તક છે. તેમની નીમણુંક પણ ગવર્નર જનરલ કરે છે. આવી કોર્ટને જ્યુડીશ્યલ કોર્ટના નામથી ઓળખવામાં આવે છે.

સેશન્સ જડજ:—

પ્રાંતિક વિભાગ અનેક સેશન્સ ડીવીઝનોમાં વહેંચી નાખવામાં આવેલો હોય છે. પણ ઘણેભાગે એક જીલ્લામાં એક સેશન્સ વિભાગ હોય છે. આવા દરેક સેશન્સ વિભાગમાં પ્રાંતિક સરકાર તરફથી નીમવામાં આવેલો એક સેશન્સ જડજ અને

તેની અદાલત છે. સેશન્સ જડજને આવશ્યકતાના પ્રમાણમાં બીજા મદદગાર જડજ પણ આપવામાં આવે છે. સેશન્સ જડજને બધા પ્રકારની કાયદેસર સજા કરવાનો અધિકાર છે. પરંતુ દેહાતદંડની શિક્ષાના અમલ માટે તેને હાઇકોર્ટની પરવાનગી લેવી પડે છે.

મેજીસ્ટ્રેટો અને તેના પ્રકાર:–

સેશન્સ જડજની નીચે ફોજદારી ગુન્હા તપાસનાર જીલ્લા મેજીસ્ટ્રેટો હોય છે. પ્રથમ દરજ્જાના મેજીસ્ટ્રેટને બે વર્ષની કેદ અને હજાર રૂપીઆ સુધીનો દંડ કરવાની સત્તા છે. બીજા દરજ્જાના મેજીસ્ટ્રેટ બસેં રૂપીઆ સુધીનો દંડ અને છ મહીનાની સજા, તેમ ત્રીજા દરજ્જાનો મેજીસ્ટ્રેટ સો રૂપીઆ દંડ અને એક માસની સજા કરવાનો હક ધરાવે છે. પ્રથમ દરજ્જાનો મેજીસ્ટ્રેટ જે મુકદ્દમાઓનો ફેંસલો કાયદેસર રીતે કરી શકતો નથી, તે સેશન્સ જડજ ઉપર મોકલે છે. કલેકટર અને આસિસ્ટંટ કલેકટરો મોટે ભાગે પ્રથમ દરજ્જાના મેજીસ્ટ્રેટ ગણાય છે. બીજા દરજ્જાના મેજીસ્ટ્રેટનો હોદ્દો મામલતદાર અને ત્રીજા દરજ્જાના મેજીસ્ટ્રેટનો હોદ્દો અવલ કારકુનનો ગણાય છે.

ઓનરરી મેજીસ્ટ્રેટો:–

આ ઉપરાંત જીલ્લાના મુખ્ય શહેરમાં તથા તાલુકાના મુખ્ય શહેરમાં ઓનરરી મેજીસ્ટ્રેટો નાના નાના મુકર્દમાઓનો ફેંસલો કરે છે. તેઓને કાંઇ પગાર મળતો નથી. મુંબઇ જેવા ઇલાકેદાર શહેરોમાં સાધારણ ગુન્હાઓનો નિકાલ પ્રેસિડેન્સી મેજીસ્ટ્રેટ કરે છે. અને વધારે અગત્યના મુકદ્દમાઓ હાઇકોર્ટમાં લઇ જવામાં આવે છે. બીજા અને ત્રીજા વર્ગના મેજીસ્ટ્રેટો સામે ડીસ્ટ્રીક્ટ મે-

જીસ્ટ્રેટને અપીલ થાય છે આ પ્રમાણે ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટના ચુકાદા સામે સેશન્સ કોર્ટમાં અને તે સામે હાઇકોર્ટમાં અપીલ થઈ શકે છે.

એસેસરો અને જ્યુરરો:-

મેજીસ્ટ્રેટોને ફોજદારી ગુન્હાઓની તપાસણીમાં મદદ કરવા શહેરીઓને નીમવામાં આવે છે, તેઓના બે વર્ગ પાડવામાં આવ્યા છે. (૧) એસેસર, અને (૨) જ્યુરર એસેસરોને માત્ર પોતાનો અભિપ્રાય જાહેર કરવાનો જ અધિકાર છે. તેઓના અભિપ્રાય પ્રમાણે ચાલવાને મેજીસ્ટ્રેટ બંધાએલા હોતો નથી પરંતુ જ્યુરરના મત પ્રમાણે ચાલવા માટે તો મેજીસ્ટ્રેટ બંધાયલો છે. જ્યુરરના અભિપ્રાય સાથે મેજીસ્ટ્રેટ મળતો ન થાય તો તે મુકદ્દમો પ્રાંતિક વડી અદાલતમાં તેણે મોકલવો જોઇએ. અમુક કેસો એવા હોય છે કે જેમાં જ્યુરરની આવશ્યક્તા કાયદેસર રીતે સ્વીકારેલી હોય છે. જ્યારે કેટલાકમાં એસેસરો માર્ફતે ન્યાય છણવામાં મદદ લેવાના નિયમો હોય છે. હાઈકોર્ટમાં જ્યુરરની સંખ્યા નવની છે. અને બીજી અદાલતોમાં પ્રાંતિક સરકાર ઠરાવે એટલી હોય છે.

દીવાની કોર્ટો.

સેશન્સ જડજોને ફોજદારી કામ ઉપરાંત દિવાની મુકર્દમાઓ પણ ચુકવવાના હોય છે. આ માટે સેશન્સ જડજના હાથ નીચે દિવાની કોર્ટો હોય છે. સેશન્સ જડજને આ માટે ડીસ્ટ્રીકટ જડજ પણ કહે છે. ડીસ્ટ્રીકટ જડજની નીચેની કોર્ટો સબોર્ડીનેટ જડજોની કોર્ટના નામથી ઓળખાય છે. તેઓના હાથ નીચે ઓછી સત્તા

ધરાવનારા મુન્સફો હોય છે. સબોર્ડીનેટ જડજો બે દરજ્જાના છે. પહેલા વર્ગના સબ જડજ અને બીજા વર્ગના સબ જડજ. સબ જડજોની નીચે ઓછી સત્તા ધરાવનારા મુન્સફો હોય છે. દિવાની મુકર્દમાઓમાં મુન્સફોના ચુકાદા સામે ડીસ્ટ્રીક્ટ જડજને અપીલ થઇ શકે છે. અને તે દિવાની દાવાની રકમ ૧૦ હજાર કરતાં વધારે હોય છે, તો ડીસ્ટ્રીકટ જડજના ચુકાદા સામે ઇંગ્લંડમાં પ્રીવી કાઉન્સિલને અપીલ થાય છે. પ્રીવી કાઉન્સિલ એ છેવટની જ અદાલત છે. ઇલાકાની આ બધી દિવાની અને ફોજદારી અદાલતો ઉપર હાઇકોર્ટની સત્તા છે અને તેને જ દેહાંતદંડની શિક્ષા ફરમાવવાનો અધિકાર છે. આ ઉપરાંત જીલ્લામાં જુદાં જુદાં શહેરમાં અગત્ય પ્રમાણે સ્મોલ કૉઝીઝ કોર્ટ હોય છે. અને તેને નાના દિવાની દાવાઓ ચુકવવાનો અધિકાર છે. ટુંકામાં દરેક ઇલાકામાં દિવાની અને ફોજદારી અદાલતો આ પ્રમાણે હોય છે.

દીવાની:	ફોજદારી:—
૧ હાઈ કોર્ટ.	૧. હાઇકોર્ટ!
૨. ડીસ્ટ્રીકટ કોર્ટ.	૨. સેશન્સ કોર્ટ.
૩. પહેલા-વર્ગના સબ જડજની કોર્ટ.	૩. પહેલા વર્ગના મેજીસ્ટ્રેટની કોર્ટ.
	૪. સીટી મેજીસ્ટ્રેટની કોર્ટ.
૪. બીજા વર્ગના સબ જડજની કોર્ટ	૫. બીજા વર્ગના મેજીસ્ટ્રેટની કોર્ટ.
	૬. ત્રીજા વર્ગના મેજીસ્ટ્રેટની કોર્ટ.
૫. સ્મોલ કૉઝીઝ કોર્ટ.	૭. પહેલા, બીજા અને ત્રીજા વર્ગના ઑનરરી મેજીસ્ટ્રેટની કોર્ટ

પોલીસ અને જેલ ખાતું.

આર્મ્સ એક્ટ:–

હિંદુસ્તાનની સુલેહશાંતિ જાળવવા ઇંડિયન આર્મ્સ એક્ટ પાસ કરવામાં આવ્યો છે. આ કાયદા પ્રમાણે સરકારની પરવાનગી વગર મનાઇ કરેલું કોઇપણ હથિયાર રાખી શકાય નહિ. પણ તેની સાથે સાથે હિંદુસ્તાનમાં લોક રક્ષણ માટે મજબુત પોલીસ બળ વ્યવસ્થિત રીતે ગોઠવવામાં આવેલું છે.

ઇન્સ્પેકટર જનરલ અને પોલિસ સુપ્રિન્ટેન્ડેન્ટ:–

હિંદુસ્તાનમાં શહેરોની પોલિસ એકંદરે ૧,૫૦,૦૦૦ અને ગામડાંઓમાં જે પોલિસ રક્ષણ કરે છે, તેની સંખ્યા ૭,૦૦,૦૦૦ ની છે. દરેક પ્રાંતના પોલિસના વડાને ઈન્સપેકટર જનરલ ઑફ પોલિસ કહેવામાં આવે છે. અને દરેક જીલ્લાના પોલિસના વડાને પોલિસ સુપ્રિન્ટેન્ડેન્ટ કહેવામાં આવે છે. પોલિસ સુપ્રિન્ટેન્ડેન્ટનું મુખ્ય કાર્ય ગુન્હાઓની તપાસ કરી સુલેહશાંતિ જાળવવાનું છે. જે જીલ્લો મોટો હોય છે તો સુપ્રિન્ટેન્ડેન્ટને મદદ કરવા ડેપ્યુટી પોલિસ સુપ્રિન્ટેન્ડેન્ટ આપવામાં આવે છે: પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટ જીલ્લા મેજીસ્ટ્રેટના તાબામાં રહી પોતાની ફરજો બજાવે છે. પોલિસ સુપ્રિન્ટેન્ડેન્ટની જગાઓ પૂરવા વિલાયતમાં જાહેર હરીફાઇથી પરીક્ષાઓ લેવામાં આવે છે. પરંતુ તેમાંની થોડી જગાઓ નીચેના દરજ્જાના લાયક અમલદારો માટે રાખવામાં આવે છે.

પોલિસ ઇન્સ્પેક્ટરો અને તેના તાબાના અમલદારો:–

વ્યવસ્થાપૂર્વક પોલિસ ખાતાનું કામકાજ થાય, એટલા માટે દરેક જીલ્લાના વિભાગ પાડી તે દરેક ભાગ એક ઇન્સ્પેક્ટરના તાબા હેઠળ મૂકવામાં આવે છે. ઇન્સ્પેક્ટરોની નીચે સબ–ઇન્સ્પેક્ટરો હોય છે. જેઓને સાધારણ રીતે 'ફોજદાર' એ નામથી ઓળખવામાં આવે છે. સબ–ઇન્સ્પેક્ટરોની દેખરેખ નીચે કેટલાંક ગામડાં હોય છે. ગામડાંમાં ચોકીદાર ને પટેલને પોલિસના કામની ફરજો બજાવવાની હોય છે. ચોકીદારની ફરજ ગુન્હાઓની તપાસ રાખવાની અને બદમાસો ઉપર દેખરેખ રાખવાની છે. તેની નીમણૂક ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ કરે છે.

પોલિસની ફરજ:–

પોલિસની ફરજો મુખ્યત્વે કરીને ગુન્હાઓની તપાસ કરી ગુન્હાઓ પકડવા, ગુન્હેગારોને શિક્ષા કરાવવી, અને ગુન્હા અટકાવવાની છે. તથા ભવિષ્યમાં ગુન્હાઓ થતા અટકે એટલા માટે જેઓ બદમાશ ગણાતા હોય તેઓની ઉપર પોલિસે ખાસ દેખરેખ રાખવી જોઇએ. કોઈપણ ગુન્હા કે ગુન્હેગાર સંબંધી પોલિસે ડીસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટને રિપોર્ટ કરવો જોઇએ. અને કેસ ચલાવવો જોઇએ. આ માટે પોલિસખાતામાં પોલિસ પ્રોસીક્યુટર રાખવામાં આવે છે. જેઓ કાયદાની ડીગ્રી મેળવેલા હોય છે.

મોટા શહેરનું બંધારણ:–

મોટા શહેરોમાં તેના અમુક વિભાગ પાડી નાખવામાં આવેલા હોય છે. અને દરેક વિભાગમાં પોલીસ સ્ટેશન હોય છે. મુંબઇ અને રંગુન જેવાં મોટાં શહેરોમાં પોલીસોનો વડો પોલીસ

કમિશનરના નામથી ઓળખાય છે. તેના હાથ નીચે યુરોપિયન અને દેશી સિપાઇઓ હોય છે. અને તેઓ શહેરનાં વ્યહવારનાં સાધનો તથા ગુન્હાઓ સંબંધે દેખરેખ રાખે છે.

છુપી પોલીસઃ-

પરંતુ કેટલાક ગુન્હાઓ એવા બને છે કે જેની તપાસ કરવાને સ્થાનિક કે શહેરની પોલીસ બીલકુલ અશક્ત હોય છે. એટલું જ નહિ પણ આવા ગુન્હાઓનો પત્તો મેળવતાં પણ લાંબો સમય જાય છે. માટે ક્રીમીનલ ઇન્વેસ્ટીગેશન ખાતું (સી. આઇ. ડી.) એટલે છુપી પોલીસનું ખાસ ખાતું સ્વદેશ ખાતાના સભ્યના હાથમાં છે. તે ખાતાનાં માણુસો દેશી અને બ્રિટીશ હદમાંથી પોલીસની મદદ લઇ છુપા ગુન્હાઓની તપાસ ચલાવે છે.

હિંદી પોલીસ ખાતાના જુદા જુદા વિભાગ.

હિંદી પોલીસ ખાતું જુદા જુદા પાંચ વિભાગમાં વહેચી નાખવામાં આવ્યું છે.

૧. ટાઉન પોલીસઃ—આખા હિંદુસ્તાનમાં ટાઉન પોલીસનાં ૧,૫૦,૦૦૦ માણુસો છે. ટાઉન પોલીસની મુખ્ય ફરજ ગુન્હાઓને દાબી દઇ સુલેહ શાંતિ જાળવવી એ છે. આમાં સી. આઇ. ડી. પોલીસનો પણ સમાવેશ થાય છે.

૨. વીલેજ પોલીસઃ—બધા મળીને આખા હિંદમાં ૭,૦૦,૦૦૦ માણુસો છે. વીલેજ પોલીસનું મુખ્ય કામ પોલિસ સુપ્રિન્ટેન્ડેન્ટને ગુન્હાની ખબર આપવી અને સુલેહશાંતિ જાળવી રાખવાનું છે.

૩. રીઝર્વ પોલીસઃ—અકસ્માત જરૂરીઆતને પહોંચી વળવા માટે જીલ્લાના મુખ્ય મથકે ખાસ અલાયદી પોલીસ પાર્ટી રાખવામાં આવે છે. તેને રીઝર્વ પોલીસ કહે છે. અને એક જુદા પોલીસ ઇન્સ્પેકટરનાં હવાલામાં તે હોય છે.

૪. મીલીટરી પોલીસઃ—કેટલાંક સ્થળો જેવાં કે સરહદ ઉપરનો મુલક ત્યાં થોડા વખતને માટે કારણવશાત મીલટરી ખાતું પોલીસનું કામ કરે છે. તેવે સ્થળે હથીયારબંધ પોલીસ રાખવામાં આવે છે. તેને મીલીટરી પોલીસ કહે છે. આવા પ્રસંગો મોટે ભાગે ગંભીર રમખાણો કે હુલ્લડમાંથી ઉભા થાય છે.

૫. રેલ્વે પોલીસઃ—રેલ્વેની અંદર ચોરી લુંટફાટ ન થાય, તે માટે રેલ્વે પોલીસ અલગ રાખવામાં આવે છે. તેમ જ રેલ્વે સ્ટેશન ઉપર પણ સુલેહ-શાંતિ રાખવાની જવાબદારી પણ રેલ્વે પોલીસ ઉપર જ છે.

જેલ વહીવટઃ—

જ્યારે પોલીસ ગુન્હાની તપાસ કરી ગુન્હેગારને શોધી કહાડે છે ત્યારે ગુન્હેગારની કોર્ટમાં તપાસ થાય છે. કોર્ટમાં કાં તો ગુન્હેગાર નિર્દોષ ઠરે છે અથવા તો તેનો દંડ થાય છે કે તોફાન કરતો અટકાવવા અને તેને સુધારી શહેરીપણાને યોગ્ય બનાવવા જેલમાં મોકલવામાં આવે છે. જેલમાં ગુન્હેગારોને ઉદ્યોગનું

શિક્ષણ આપવામાં આવે છે કે તેથી તેઓ પોતાની મુદત પુરી થયે સ્વતંત્ર રીતે નિર્વાહ કરતા થઇ જાય.

રેફ્રરમેટરી શાળા:—

૧૫ વર્ષ કરતાં નાની ઉંમરના ગુન્હેગાર છોકરાઓને રેફ્રરમેટરી સ્કુલમાં મોકલવામાં આવે છે. જ્યાં તેઓને ઉદ્યોગ ધંધાનું શિક્ષણ આપી કેળવવામાં આવે છે. અત્યારે દરેક પ્રાંતમાં આવી સ્કુલો છે અને તે ઇલાકાના કેળવણી ખાતાની દેખરેખ નીચે છે.

જેલોના પ્રકાર:—

સેન્ટ્રલ જેલ, જીલ્લા જેલ, અને સબ ડીવીનઝલ જેલ એવા જેલોના ત્રણ વિભાગ છે. ૧૫ દિવસથી એક વર્ષ સુધીની સજાના કેદીઓ જીલ્લા જેલમાં અને ૧૫ દિવસ કરતાં ઓછી સજાવાળા કેદીઓને સબ–ડીવીઝનલ જેલમાં રાખવામાં આવેમછે. એક વર્ષ કરતાં વધારે કેદની સજા મેળવનારાઓને સેન્ટ્રલ જેલમાં મોકલવામાં આવે છે. જે ગુન્હેગાર જેલમાં સારી વર્તણુક ચલાવે છે તેને ઇનામના દિવસો મળે છે. અને તે પ્રમાણે તેની મુદત કરતાં તે વહેલો છુટો થાય છે. પ્રત્યેક પ્રાંતનો ઇન્સ્પેકટર જનરલ જેલોનો ઉપરી ગણાય છે.

જેલ કમિશન:-

ભયંકર ગુન્હેગારોને એંદામાન મોકલવામાં આવે છે, અને ત્યાં તેઓને વીશ વર્ષ પછી છુટા મુકવામાં આવે છે. પરંતુ એંદામાનના જુલ્મ સામે હાલમાં ઘણો પોકાર ઉઠયો છે એટલા માટે થોડા વખત પહેલાં જેલોના વહીવટમાં સુધારો કરવા માટે જેલ

કમીશન નીમવામાં આવ્યું હતું. તે કમીશને ખાસ ભલામણ કરેલી છે કે કાલાપાણીની સજા તરીકે એંદામાન ન રાખવું. અને તે માટે હિંદુસ્તાનમાંજ સ્થળ પસંદ કરવું. સિવાય હિંદુસ્તાનની જેલોમાં કેટલાક બીન જવાબદાર અમલદારો તરફથી જુલ્મ ગુજારવાની હકીકત બહાર આવી છે. તે સંબંધે પણ જેલ કમીશને એવી ભલામણો કરી છે કે જેથી એવો જુલ્મ ફરી વખતે ન થવા પામે સિવાય અસહકારની લડતને અંગે કેટલાક આબરૂદાર શહેરીઓ જેલમાં જવાના પરિણામે હિંદુસ્તાનની ઘણીખરી જેલોના વહીવટ સામે છેલ્લાં બે ત્રણ વર્ષમાં મજબુત પોકાર ઉઠયો છે. અને સરકારનું પણ તે તરફ ધ્યાન ખેંચાયું છે.

નાણાં વહિવટ:—

હિંદુસ્તાનમાં આવકનાં સાધનો:—

સરકારને આવકનાં મુખ્ય ત્રણ પ્રકારનાં સાધનો છે. (૧) લેન્ડ રેવન્યુ એટલે જમીન ઉપરનું ઉત્પન્ન. હિંદુસ્તાનની તમામ જમીનની માપણી કરવામાં આવી છે અને તેના નક્કી કરેલા દર પ્રમાણે ખેડુતો તથા જમીનદારો સરકારને કર ભરે છે. સરકારની આવકનું આ મોટામાં મોટું સાધન છે. (૨) કર. લોકોને જાન-માલની સલામતિ અર્થે જુદી જુદી જાતના કર ભરવા પડે છે. (૩) લેન્ડ રેવન્યુ અને કર સિવાયનાં બીજાં સાધનો મારફતે થતી ઉપજ.

લેન્ડ રેવન્યુ:—

આગળ કહ્યું તે પ્રમાણે સરકારની આવકનું અગત્યનું સાધન જમીન મહેસુલ છે. કારણકે હિંદુસ્તાનની વસ્તીનો ૮૦ ટકા ભાગ લગભગ એની ઉપર નિર્વાહ ચલાવનારો છે.

ભાડાની પદ્ધતિ:—

(૧) કાયમી ભાડાની પદ્ધતિ. (૨) જમીનદારી પદ્ધતિ. અને (૩) રૈયતવારી પદ્ધતિ.

કાયમી ભાડાની પદ્ધતિ:—

આ પદ્ધતિ ઘણે ભાગે બંગાલામાં અને બીજા પ્રાંતો જેવા કે સંયુક્ત પ્રાંત, પંજાબ પ્રાંત, અને મધ્ય પ્રાંતમાં થોડે ભાગે છે. આમાં ખેડુત અને સરકાર વચ્ચે જમીનદાર હોય છે. જમીનદારને કબજે જમીનનો મોટો ભાગ હોય છે. અને તે બદલ સરકારને ભાડાના રૂપમાં કાયમનું નક્કી કરેલું મહેસુલ તે ભરે છે. તેમાં ફેરફાર થઇ શકતો નથી. પરંતુ મુદતવારી પદ્ધતિમાં દર ત્રીશ વર્ષે ફરી સેટલમેન્ટ થાય છે અને જમીનના દરમાં ફેરફાર કરવામાં આવે છે. હિંદુસ્તાનનો લગભગ ½ ભાગ કાયમી પટાનો અને ½ ભાગ મુદતવારી પટાનો છે.

જમીનદારી પદ્ધતિ:—

આ પદ્ધતિમાં ઘણાં ગામડાંઓ પૈકીનાં કેટલાંક ગામડાંઓ એકાદ જમીનદારના તાબે હોય છે અથવા તો ઘણા ભાગીદારો એકત્ર થઈ ગામડાંઓનો ઇજારો રાખે છે. સરકાર ખેડુત પાસેથી કર નહિ લેતાં આ લોકો પાસેથી કર લે છે. કારણ

કે જમીનદાર ગામડાંઓમાંથી મહેસુલ એકઠું કરી ઠરાવેલા દર પ્રમાણે સરકારને આપે છે. દરેક વીશ કે ત્રીશ વર્ષે જમીનની ફરી માપણી કરવામાં આવે છે, ત્યારે જમીનદાર તરફથી સરકારને જે મહેસુલ ભરવામાં આવતું હોય, તેમાં પણ ફેરફાર થાય છે. આ પદ્ધતિ બંગાલ, સંયુક્ત પ્રાંત, મધ્ય પ્રાંત અને પંજાબમાં ચાલે છે.

રૈયતવારી પદ્ધતિ:—

આ પદ્ધતિ અનુસાર ખેડુતોને સરકાર સાથે સીધો સંબંધ છે. ખેડુતોની સાથે જમીનદારને આમાં કાંઇ સંબંધ નથી. પણ દરેક ખેડુત નાનો જમીનદારજ ગણાય છે. અને ઠરાવેલું જમીન મહેસુલ તે સરકારનેજ ભરે છે. આ પદ્ધતિ મુંબઇ, મદ્રાસ, આસામ, અને બ્રહ્મદેશમાં સાધારણ છે.

કર:-

સરકારની આવકનું બીજું સાધન આગળ કહ્યું તે પ્રમાણે કર છે. કરના જુદા જુદા મુખ્ય બે પ્રકાર છે. (૧) સીધા કર (૨) આડકતરા કર.

સીધા કર:—

(૧) ઇન્કમટેક્સ:—ખેતીવાડી સિવાયના ધંધામાંથી દર વર્ષે રૂ. ૧૦૮૦ થી ૨૦૦૦ સુધીની ઉપજ જેઓ કરનાર હોય તેઓને દર રૂપીએ ૪ પાઇ પ્રમાણે સરકારને કર ભરવો પડે છે. તેને ઇન્કમટેક્સ કે ઉપજવેરો કહેવામાં આવે છે. જેઓની વાર્ષિક

ઉપજ રૂ. ૨૦૦૦ કરતાં વધારે હોય, તેઓને દર રૂપીએ પાંચ પાઇ પ્રમાણે અથવા તો સરકાર તરફથી આ સંબંધે જે નિયમો નક્કી કરવામાં આવે છે તે પ્રમાણે કર ભરવો પડે છે. ૧૯૧૬ માં આ કરની ચડના ઉતરતા ક્રમમાં ગોઠવણું કરવામાં આવી હતી પરંતુ ૧૯૧૭માં લડાઇને અંગે સરકારને વધારે નાણાંની જરૂર પડી, એટલે આવક વેરા ઉપરાંત સરકારે સુપરટેક્સના નામનો બીજો કર નાખ્યો હતો. અને એ કરનો દર આવક વેરા ઉપરાંત હતો.

(૨) સ્ટેમ્પની ઉપજઃ—દસ્તાવેજો, નાણાંની પહોંચો અને કોર્ટને લગતા બીજા પત્રો ઉપર આવશ્યકતાના પ્રમાણમાં કાયદેસર ઠરાવેલી પદ્ધતિએ ઠરાવેલી કિંમતનો સ્ટેમ્પ લગાડવો જોઇએ. કારણકે તે વગર એવા દસ્તાવેજો અને પત્રોની કાયદેસર ઉપયોગીતા પુરવાર નથી થઇ શકતી. સ્ટેમ્પની ઉપજ સરકારની આવકમાં ગણાય છે. પણ તે પ્રમાણમાં બહુ નથી.

(૩) રજીસ્ટ્રેશન ફીઃ—લોકોમાં લેવાણુ, વેચાણુ, લેવડ, દેવડ વગેરેનાં જુદાં જુદાં ખતોને રજીસ્ટર કરાવતી વખતે સરકાર સાક્ષી રહેવા બદલ જે ફી આપવી પડે છે, તેને રજીસ્ટ્રેશન ફી કહેવામાં આવે છે.

(૪) પ્રાંતિક કરઃ—આ કર લોકલ બોર્ડો તરફથી નિશાળો, દવા-

ખાનાં, રસ્તાઓનાં સમારકામ વગેરે માટે લેવામાં આવે છે. જમીનના વાર્ષિક મહેસુલ ઉપરથી આ કર લેવાય છે. પણ દરેક પ્રાંતમાં તેનું જુદું જુદું પ્રમાણ હોય છે.

ઉપરના ચાર પ્રકારના કર એ સીધા કર છે. કારણકે તે કર લોકો રોકડ નાણાં ભરે છે. પરંતુ આડકતરા કરમાં વસ્તુઓની કિંમતમાંજ કરની રકમનો સમાવેશ થાય છે.

આડકતરા કરઃ—

મીઠું:— મીઠા ઉપર સરકારે દર મણે અઢી રૂપીઆ કર નાંખેલો છે. આથી ગમે તેવા ગરીબ માણસને પણ આ કર ભરવો પડે છે. કારણ કે મીઠાના બજાર ભાવમાંજ કરની રકમ સમાયેલી હોય છે.

કસ્ટમ જગાતઃ—હિંદુસ્તાનમાંથી આયાત થતા તથા નિકાસ થતા માલ ઉપર જે કર લેવામાં આવે છે તે. હથિયાર, દારૂ, ખાંડ, કેરોસીન, મોજશોખની વસ્તુઓ વગેરે ઉપર આયાત જગાત અને ચોખા વગેરે ઉપર નિકાસ જગાત લેવાય છે.

આબકારી કરઃ—અફીણ, દારૂ, ભાંગ, ગાંજો વગેરે માદક પદાર્થો ઉપર આ કર લેવામાં આવે છે. અફીણ માફતે વળી સરકારને કરની સારી રકમ મળે છે. કારણ કે ચીનમાં અફીણનો સારો ઉઠાવ છે. પણ સરકારે અફીણનું વાવેતર ઓછું કરવાનો નિશ્ચય કર્યો છે.

એટલે વખત જતાં આ આવક ઓછી થવા લાગી.
બીજા માદક પદાર્થોના સ્થાનિકસરકાર ઇજારા
આપે છે અને એ રીતે, ઇજારાની રકમ પણ વેપા-
રીઓ લોકો પાસેથી કરના રૂપમાં વસુલ કરે છે.

ઉપજના બીજા માર્ગો:—

મહેસુલ અને સીધા તથા આડકતરા કર મારફતે સરકારને જે આવક થાય છે તે ઉપરાંત દેશી રાજ્યોમાંથી આપવામાં આવતી ખંડણીની રકમ, જંગલોની આવક ટપાલ અને તાર ખાતા મારફતે મળતી રકમ, સરકાર હસ્તક ચલાવાતી રેલ્વેઝની આવક તથા દેશી રાજ્યોમાંથી નિકાશ થતા અફીણ ઉપર લેવામાં આવતી કરની રકમ વગેરે હિંદી સરકારની આવકના બીજા માર્ગો છે.

મુખ્ય ખર્ચના માર્ગ:—

ઉપર પ્રમાણે સરકારને જે આવક થાય છે તેનો ઉપયોગ ખાસ કરીને દિવાની અને લશ્કરી ખાતાના વહીવટ પાછળ કરવામાં આવે છે.

દિવાની ખાતાં:—

આ ખાતામાં સામાન્ય વહીવટ, પોલીસ, ન્યાયની અદાલતો, કેળવણી અને વૈદકીય ખાતાં જેવાં ખાતાંઓનો સમાવેશ થાય છે.

લશ્કરી ખાતું:—

આ ખાતામાં લગભગ ૬૫ કરોડ જેટલો વાર્ષિક ખર્ચ થાયછે. લશ્કરનાં માણસોનો પગાર લડવાનાં સાધનો, સરસા-

થાન, તેની બનાવટ, લડાઈને લગતાં બાંધ કામ વગેરેનો આમાં સમાવેશ થાય છે.

બીજાં ખર્ચ ખાતાં:—

આ ઉપરાંત ટપાલ, તાર, ટંકશાળ, નહેરો રેલ્વે રસ્તા તથા જાહેર બાંધકામ ખાતાંઓ પાછળ પણ હિંદની મહેસુલનો કેટલોક ભાગ ખર્ચાય છે.

હોમ ચાર્જીસ:—

હિંદી પ્રધાન અને તેની ઓફીસને લગતો, જે ખર્ચ થાય તેનો હોમ ચાર્જીસમાં સમાવેશ થાય છે. આ માટે થતો તમામ ખર્ચ હિંદુસ્તાનની તિજોરીમાંથી અત્યાર સુધી આપવામાં આવતો હતો પરંતુ ૧૯૧૯ ના હિંદી સરકારના કાયદા પ્રમાણે હિંદી પ્રધાન અને તેના તાબાના નોકરોનો પગાર બ્રિટીશ તીજોરીમાંથી આપવાનો નિયમ કરવામાં આવ્યો છે, જ્યારે બાકીનો ખર્ચ હિંદના મહેસુલમાંથી અપાય છે. આ સિવાય હોમ ચાર્જીસમાં સનંદી નોકરોનું પેન્શન દરીઆ વર્ધી ખર્ચ, સ્ટોરની ખરીદી અને હિંદુસ્તાનના માટે ઈંગ્લેંડમાંથી ઉછીતાં લેવામાં આવેલાં નાણાંનું વ્યાજ વગેરેનો સમાવેશ થાય છે આ ખર્ચનો એકંદર સરવાળો લગભગ ૩૦ કરોડ જેટલો વાર્ષિક છે.

સ્થાનિક સ્વરાજ્ય

સ્થાનિક સ્વરાજ્યની સ્થાપનાનો હેતુ:—

બ્રિટીશ સરકારનો એ મુખ્ય હેતુ છે કે હિંદુસ્તાનની પ્રજા

રાજ્યકારોબારને લગતું શિક્ષણ એવી રીતે મેળવે કે જેથી થોડા સમય પછી પ્રજા જવાબદાર રાજ્યતંત્ર સ્વતંત્રપણે ચલાવી શકે. આ હેતુ પાર પાડવા માટે દરેક જગાએ મ્યુનિસિપાલીટીઓ અને લોકલબોર્ડની તેમજ સેનેટરી બોર્ડની સ્થાપના કરવામાં આવી છે કે જેથી શહેર અને ગામડાનો વહીવટ એ સંસ્થાઓ માર્ફતે લોકો બરાબર ચલાવી યોગ્યતા મેળવે. આ વહીવટી ધોરણને સ્થાનિક સ્વરાજ્યના નામથી ઓળખવામાં આવે છે.

પ્રાચીન ગ્રામ્ય પંચાયતો:--

પ્રાચીન સમયમાં હિંદુસ્તાનમાં ગ્રામ્ય પંચાયતની જાણીતી પદ્ધતિ હતી અને તે માર્ફતે દરેક ગામડાંમાં લોકો સ્થાનિક વહીવટ ચલાવતા હતા, એટલુંજ નહિ પણ તેઓ પોતાના રક્ષણનો બંદોબસ્ત પણ જાતેજ કરી લેતા હતા. એકંદર જોતાં પ્રાચીન ગ્રામ્ય પદ્ધતિ એક નાનકડા સ્વતંત્ર રાજ્ય જેવી હતી. પરંતુ જ્યારે હિંદુસ્તાનમાં બ્રિટીશ રાજ્ય સત્તાની સ્થાપના થઇ ત્યારે ગામડાંઓમાં ગ્રામ્ય પંચાયતની જુની પદ્ધતિમાં થોડો ફેરફાર કરી ચાલુ રાખવામાં આવી અને મોટાં શહેરો તેમજ જીલ્લાઓમાં પણ તેનું અનુકરણ કરવામાં આવ્યું. જેને મ્યુનિસિપાલીટી અને લોકલ બોર્ડોના નામે ઓળખવામાં આવે છે. મ્યુનિસિપાલીટી અને લોકલ બોર્ડોને શરૂઆતમાં જો કે બહુ વિસ્તૃત સત્તા સોંપવામાં આવી નહતી તો પણ સ્થાનિક પ્રશ્નોનો નિર્ણય કરવામાં તે સંસ્થાઓનો અવાજ હતો. પરંતુ ૧૯૧૮ માં હિંદી સરકારે એક કાયદો પસાર કરી આખા હિંદુસ્તાનની મ્યુનિસિપાલીટીઓ અને લોકલ બોર્ડોને વધારે સત્તા આપી છે અને તેથી પરિણામ પણ સારૂં આવ્યું છે.

કારપોરેશન એટલે શું ?:—

સ્થાનિક સ્વરાજ્યના ધોરણને સ્થળ પરત્વે જુદા જુદા નામથી ઓળખવામાં આવે છે. ઈલાકાના પાટનગરની મ્યુનિસિપાલીટીને કારપોરેશનના નામથી ઓળખવામાં આવે છે. ઉદા. મુંબઇની કારપોરેશન. એવીજ રીતે મદ્રાસ અને કલકત્તાની મ્યુનિસિપાલીટીઓને પણ કારપોરેશનના નામથી ઓળખવામાં આવે છે. કારપોરેશનના મેંબરોને મ્યુનિસિપલ કમિશનર કે કૌંસિલર કહેવામાં આવે છે. આમાંના કેટલાક લોક નિયુક્ત અને કેટલાક સરકારે નીમેલા સભ્યો હોય છે. પણ કારપોરેશનનો પ્રમુખ કારપોરેશનના સભ્યો તરફથી ચુંટી કહાડવામાં આવે છે. કારપોરેશનને સ્થાનિક કર નાખવાની કેટલીક સત્તા હોય છે. તથા એક્ટ્રોઇવેરો, ઘર વેરો, પાણી વેરો, અને વાહનવેરો વગેરે તે નાંખી શકે છે અને આવકનાં આ અને આવાં બીજાં સાધનોથી તે ઇલાકેદાર શહેરોનો વહીવટ ચલાવે છે. હિંદુસ્તાનમાં મુંબઇની કારપોરેશનનો વહીવટ વખણાય છે.

મ્યુનિસીપલ ધારા.

આખા હિંદ માટે ૧૮૫૦માં મ્યુનિસિપલ ધારો કરવામાં આવ્યો પરંતુ સ્થાનિક સ્વરાજ્યની ખરી સ્થાપના તો ૧૮૭૦માં લોર્ડ મેયોના વખતથી જ થઈ, અને ત્યારબાદ લોર્ડ રિપનની સરકારે સ્થાનિક સ્વરાજ્યના ધોરણને વિસ્તૃત કર્યું. સને ૧૯૦૧માં આ ઇલાકાની મ્યુનિ૦ માટે ડીસ્ટ્રીકટ મ્યુનિ૦ ઍક્ટ કરવામાં આવ્યો, તે પ્રમાણે અત્યારે મોટે ભાગે વહીવટ ચલાવવામાં આવે છે.

ડીસ્ટ્રીકટ મ્યુનિસિપાલીટીઓ.

દરેક જીલ્લામાંના મુખ્ય શહેરમાં પણ મ્યુનિસિપાલીટીઓ છે. અને તે ડીસ્ટ્રીકટ મ્યુનિસિપાલીટીના નામથી ઓળખવામાં આવે છે. નાનાં ગામડાંઓના અમુક જથામાં પંચાયત અથવા લોકલબોર્ડોની યોજના કરેલી હોય છે.

આ સિવાય સાથે સાથે મુંબઇ, મદ્રાસ, કરાંચી, અને કલકત્તા જેવાં બંદરોએ પોર્ટટ્રસ્ટ નામનું મંડળ છે. બંદર ઉપર વ્યવસ્થા જાળવવાનું તેમ જ ગોદી બાંધવાનું અને બંદરની ઉપયોગીતા વધારવા તથા તેની સ્થિતિ સુધારવા માટે તમામ આવશ્યક જરૂરીયાતોને પહોંચી વળવાનું પોર્ટટ્રસ્ટનું કામ છે.

મ્યુનિસિપાલીટીની ફરજો.

મ્યુનિસિપાલીટીની ફરજો નીચે પ્રમાણે છે:—

(૧) શહેરની સ્વચ્છતા:—મ્યુનિસિપાલીટીની ફરજ છે કે શહેરમાં રસ્તાઓ સાફ રહે તે માટે તેમ જ શહેરમાં કોઇપણ સ્થળે કચરો એકત્ર ન થાય તે માટે કાળજી રાખવી.

(૨) લોકોનું આરોગ્ય:—દરેક મ્યુનિસિપાલીટીએ લોકોનું આરોગ્ય બરાબર જળવાય એટલા માટે એક હેલ્થ ઓફીસર રાખવો જોઇએ કે જેથી તે સ્વચ્છ પાણી અને ચોખ્ખો ખોરાક લોકોને મળે તેની સંભાળ રાખે. સિવાય પ્લેગ, કોલેરા અને એવા બીજા રોગો ચાલતા હોય ત્યારે હેલ્થ ઓફીસરે લો-

કોને બની શકે એટલે અંશે જોઈતી મદદ આપવી જોઈએ. તેમ જ લોકોને માટે મ્યુનિસિપાલટીએ પોતાની હદમાં દવાખાનાં પણ રાખવાં જોઈએ. કે જેથી લોકો મફત સારવાર મેળવ શકે.

(૩) કેળવણી:— મ્યુનિ૦ એ પોતાની હદમાં બાળકોને કેળવણી આપવા માટે શાળાઓ ચલાવવી, અને તેનો ખર્ચ નીભાવવો.

(૪) સામાન્ય સુખાકારી—મ્યુનિસિપાલીટી સામાન્ય જનસુખાકારી જાળવે છે. અને તે માટે તે રસ્તાઓ બનાવે છે અને તેને સુધારી સગવડભર્યા બનાવે છે. તેમ જ રાત્રે દીવાબત્તીનો બંદોબસ્ત કરે છે અને જો બની શકે તો લોકોને આરામ તેમ જ આનંદ મળે તે માટે બાગ તથા પ્રદર્શનની પણ ગોઠવણ કરે છે. દરેક શહેરની મ્યુનિસિપાલીટી શહેરના જુદા જુદા સ્પષ્ટ વોર્ડ (વિભાગ) પાડે છે. અને રસ્તાઓ તેમજ લત્તાઓનાં નામ પાડી તેના નંબર નક્કી કરે છે.

મ્યુનિ૦ નાં આવકનાં સાધનો:—

મ્યુનિસિપાલીટીઓના હસ્તક જો કે કેટલીક સત્તા નથી તો પણ તેને જે કાંઇ કામ કરવાનાં હોય છે, તે માટે કર વગેરે

નાંખી તે માર્ફતે નાણું એકત્ર કરવાની તેને સત્તા છે. સિવાય (૧) ઘરો ઉપર અને પાણી તથા વાહનો ઉપર કર નાખવાની, (૨) બહારથી શહેરમાં આવતા માલ ઉપર ઓકટ્રોઇ ડયુટિ નાંખવાની અને (૩) સ્થાનિક કામકાજને માટે જોઇતાં નાણાં ઉછીના મેળવવાનો તેનો અધિકાર છે.

જીલ્લા બૉર્ડો અને લોકલ બૉર્ડો:-

મ્યુનિસિપાલીટીઓની માફક જીલ્લા અને તાલુકા લોકલ બૉર્ડો પણ સ્થાનિક સ્વરાજ્યના પગથીઆ રૂપ છે. આ બૉર્ડોને જીલ્લા અને તાલુકાનાં નાનાં નાનાં ગામડાંમાં મ્યુનિ૰ ના જેવાંજ કામો કરવાનાં હોય છે. પરંતુ આ સંસ્થાઓમાં મ્યુનિ૰ ના જેટલું પ્રજાકીય તત્વ હોતું નથી. જીલ્લા બૉર્ડોનાં હસ્તકનાં કામ માટે જોઇતાં નાણાં મેળવવા માટે જમીનની ઠરાવેલી વિઘોટી ઉપર નક્કી કરેલો વેરો લેવામાં આવે છે, તેને લોકલફંડ કહે છે. આખા જીલ્લાની કેળવણી અને રસ્તાઓને માટે જોઇતી રકમ જીલ્લા બૉર્ડ પોતાને હસ્તક રાખી બાકીની રકમ તાલુકા લોકલ બૉર્ડોને સોંપે છે. અને સ્થાનિક લોકોપયોગી કામ પાછળ ખરચે છે.

સેનેટરિ કમિટિ:-

મોટાં શહેરો કે કસ્બાઓ કરતાં નાનાં ગામો, કે જ્યાં મ્યુનિસિપાલીટીનું બંધારણ ઉપયોગી થઇ પડતું નથી. ત્યાં સેનેટરી બૉર્ડ સ્થાપવામાં આવે છે. સેનેટરિ બૉર્ડનું બંધારણ પણ સ્થાનિક સ્વરાજ્યની ભાવનાનું પોષક છે. જે ગામોમાં માત્ર ખેડુતોનીજ વિશેષ વસ્તી હોય છે, અને જ્યાં જગાત વગેરે બીજાં સાધનો નથી હોતાં, ત્યાં સેનેટરિ બૉર્ડ સ્થાપવામાં આવે છે. અને

તે બૉર્ડ ગામનું આરોગ્ય સાચવે છે. જે ગામોમાં આવી સંસ્થાઓ હોય છે, ત્યાં પોલીસપટેલ કે મુખીની ફોજદારી સત્તા આવી સંસ્થાઓના હસ્તક છે.

પૉર્ટ ટ્રસ્ટ:-

સ્થાનિક સ્વરાજ્યની ભાવનાનો વિકાસ કરનારૂં પોર્ટટ્રસ્ટનું બંધારણ પણ છે. મુંબઇ, મદ્રાસ કરાંચી જેવાં બંદરો હોય, ત્યાં બંદરોની દેખરેખ રાખવા, ગોદીઓ બાંધવા અને માલની ચડ-ઉતર કરાવવા, વગેરે કામ માટે સ્થાનિક વેપારીઓના પ્રતિનિધિઓ અને સરકારે નીમેલા સભાસદોનું એક મંડળ હોય છે, તેને પોર્ટટ્રસ્ટ કહે છે. બંદર ઉપર માલની ઉપર લેવાતી જગાતમાંથી પોર્ટ ટ્રસ્ટનો ખર્ચ મોટેભાગે નભેછે.

કેળવણી ખાતું.

બ્રિટીશ હિંદનો કેળવણીનો ઇતિહાસ:—

શરૂઆતમાં કલકત્તામાં વોરન હેસ્ટીંગ્સે ૧૭૮૨ માં મુસલમાનો માટે એક મદ્રેસાની સ્થાપના કરી. ત્યારબાદ ૧૭૯૧ માં બનારસમાં હિંદુઓ માટે એક સંસ્કૃત કોલેજ ઉઘાડવામાં આવી પરંતુ ૧૮૧૮ સુધીમાં કેળવણી માટે ઝાઝા કાંઇ પ્રયત્નો થયા નહિ. બાદ જ્યારે સુધારા અને સુલેહ શાંતિનો સમય આવ્યો ત્યારે બ્રિટીશ સત્તાનું લક્ષ તે તરફ દોરવાયું, અને મેન્ટિક, એલ્ફીન્સ્ટન, તથા મનરો જેવા બ્રિટીશ સત્તાના જુદા જુદા પ્રતિનિધીઓએ કેળવણીના વિષયમાં ઘણો રસ લીધો. સને ૧૮૩૩ માં

મેકાલેએ હિંદુસ્તાનમાં અંગ્રેજી કેળવણી દાખલ કરી ત્યારબાદ અંગ્રેજી શાળાઓ અને કોલેજો ઉઘાડવામાં આવી, અને તે માર્ફતે દેશમાં કેળવણી વિષયક પ્રગતિ પણ થઇ. આમ છતાં કેળવણીમાં આવકારપ્રદ પ્રગતિ તો ૧૮૫૪ માંજ થઇ. આ વખતે બોર્ડ ઓર કોન્ટ્રોલનો પ્રેસીડેન્ટ સર ચાર્લ્સ વુડ હતો લોર્ડ દલહૌસી ઉપર આ સંબંધમાં એક ખરીતો સર ચાર્લ્સે મોકલી તેમાં તેણે સ્પષ્ટ જણાવ્યું હતું કે હિંદુસ્તાનમાં કેળવણીનો વધારો શી રીતે કરી શકાય, તથા તેને શી રીતે નિયમિત બનાવી શકાય. હાલમાં જે કેળવણીની પ્રચલિત પદ્ધતિ છે, તે ૧૮૫૪ માં ઉપર કહી તે સર ચાર્લ્સની યોજના પ્રમાણેજ છે. આ ધોરણે દરેક પ્રાંતમાં કેળવણી ખાતાની સ્થાપના કરવામાં આવી હતી, તેમજ શાળાઓ અને કોલેજો ઉઘાડવામાં આવી હતી, જેમાં લોકોએ પણ મદદ આપી હતી. ત્યારબાદ લોર્ડ કર્ઝનના સમયમાં કેળવણી વિષયક એક આગળ પગલું ભરવામાં આવ્યું. આ વખતે કેળવણીના ધોરણનું પુરેપુરી રીતે ફરીથી નિરીક્ષણ કરવામાં આવ્યું. તથા કેળવણી આપવાની પદ્ધતિમાં ઘણો ફેરફાર કરવામાં આવ્યો. અને યુનિવરસીટી એકટ પસાર કરવામાં આવ્યો, ત્યારથી અત્યાર સુધી વારંવાર કેળવણીની દિશામાં સુધારો કરવામાં આવ્યે જાય છે.

હાલની કેળવણીની પદ્ધતિ અને તેનો પ્રકાર:—

હિંદુસ્તાનમાં કેળવણીની પદ્ધતિ લોર્ડ મેકાલેના પ્રખ્યાત ખરીતાના આધારે રચાયલી છે. અલબત્ત તેની વિગતોમાં વારંવાર ફેરફાર કરવામાં આવ્યો છે, પરંતુ મૂળ સિદ્ધાન્તમાં ફેરફાર કરવામાં આવ્યો નથી. હિંદુસ્તાનમાં સમગ્ર કેળવણી ત્રણ વિભાગમાં

વહેંચી નાંખવામાં આવેલી છે. (૧) પ્રાથમિક કેળવણી. (૨) માધ્યમિક કેળવણી. (૩) ઉંચા દરજ્જાની કેળવણી. પ્રાથમિક કેળવણી દ્વારા બાળકોને લેખન, વાચન, ગણિત, અને તેઓના ઉપયોગ પુરતું ઇતિહાસ ભૂગોળનું જ્ઞાન આપવામાં આવે છે. આ કેળવણી આપનારી પ્રાથમિક શાળા પૈકી ઘણી જીલ્લા લોકલબોર્ડોના વહીવટ નીચે હોય છે. જ્યારે બંગાળા અને બર્મામાં લોકો મોટે ભાગે પોતેજ પ્રાથમિક શાળાઓ કહાડે છે.

પ્રાથમિક શાળાઓનો અભ્યાસક્રમ જ્યારે બાળકો પૂરો કરે છે, ત્યારે તેઓ માધ્યમિક શાળામાં જઇ શકે છે. આ શાળાઓમાં માતૃભાષા, ઇતિહાસ, અને ગણિતના વિશેષ જ્ઞાન ઉપરાંત અંગ્રેજીનું ખાસ શિક્ષણ આપવામાં આવે છે. માધ્યમિક શાળાના ઉચ્ચ ધોરણના વિદ્યાર્થીઓને મેટ્રિક અને સ્કુલ લીવીંગની પરીક્ષા માટે તૈયાર કરવામાં આવે છે. સ્કુલ લીવીંગ પરીક્ષા પસાર કરનાર વિદ્યાર્થી સરકારી નોકરીને માટે વધારે યોગ્ય ગણાય છે. માધ્યમિક શાળાઓ પૈકી કેટલીક સરકારી, કેટલીક મ્યુનિસિપાલીટી હસ્તક, અને કેટલીક ખાનગી સાહસથી ચાલતી હોય છે. છેલ્લી બે રીતે ચાલતી માધ્યમિક શાળાઓને સરકાર તરફથી ખર્ચના પ્રમાણમાં નક્કી કરવામાં આવેલી મદદ મળે છે.

મેટ્રિકની પરીક્ષા પસાર કર્યા બાદ વિદ્યાર્થી ઉચ્ચ પ્રકારની કેળવણી લેવા માટે કોલેજમાં જાય છે. હિંદુસ્તાનના યુવકવર્ગને ઉચ્ચ પ્રકારના શિક્ષણનો પ્રબંધ કરવા માટે સ્થાપવામાં આવેલી યુનિવરસીટીઓની દેખરેખ નીચે આ કોલેજો ચલાવવામાં આવે છે. દરેક ઇલાકામાં જે સ્થળો કેળવણીની દ્રષ્ટિથી અગત્ય ધરાવનારાં હોય, ત્યાં આવી કોલેજો હોય છે.

કેળવણીની બીજી સંસ્થાઓ:—

સિવાય ખાસ હુન્નર ધંધાની કેળવણી આપનારી જુદીજુદી શાળાઓ હોય છે. આવી ઈન્ડસ્ટ્રીઅલ શાળાઓમાં સુથારી,લુહારી, અને દરજીના કામ ઉપરાંત એન્જીનીયરના ધંધાનું, મોટર હાંકવાનું, અને ધાતુ કામને લગતું પણ શિક્ષણ આપવામાં આવે છે. આ ઉપરાંત ખેતીવાડી કોલેજ, વ્યાપારી કોલેજ, ટ્રેઈનીંગ કોલેજ, કાયદાનું શિક્ષણ આપનારી કોલેજ, વૈદકીય કોલેજ, અને ડ્રોઈંગ અને ચિત્રકામનું શિક્ષણ આપનારી કોલેજ વગેરે જુદી જુદી દિશાનું શિક્ષણ આપનારી ઘણી સંસ્થાઓ દેશમાં છે. દરેક ઈલાકામાં મોટે ભાગે આ દરેક શિક્ષણ સંસ્થાઓ રાખવાનો, પ્રબંધ કરવામાં આવે છે કે જેથી વિદ્યાર્થીઓ ઓછા ખરચે તેમની ઈચ્છા મુજબ શિક્ષણ મેળવી શકે.

કેળવણી ખાતાનો વહિવટ:—

દરેક ઈલાકાના કેળવણી ખાતાના વડાને ડીરેકટર ઓફ પબ્લીક ઇન્સ્ટ્રકશન કહે છે. ઇલાકાની પ્રાથમિક અને માધ્યમિક કેળવણીની દરેક સંસ્થા તેની દેખરેખ નીચે ચાલે છે. આ ડીરેકટરને તેના કાર્યમાં મદદ કરવા માટે દરેક વિભાગમાં ઇન્સ્પેકટરો અને તેઓના હાથ નીચેના ડેપ્યુટી ઇન્સ્પેકટરો હોય છે. બધા ઇલાકાના કેળવણી ખાતાના વડાઓના કેળવણીને લગતા કામ ઉપર વાઇસરોયની કારોબારી કૉંસિલમાં જે કેળવણી ખાતાનો સભ્ય હોય છે, તે દેખરેખ રાખે છે. અર્થાત્ કે આખા હિંદના કેળવણી ખાતાનો વડો આ કારોબારી સભ્ય છે.

ચેન્સલર એટલે?:—

કોલેજોની કેળવણી ઉપર યુનિવરસીટીની સીધી દેખરેખ છે. યુનીવરસીટીના વડાને ચેન્સલર કહેવામાં આવે છે. દરેક પ્રાન્તનો ગવર્નર કે લેફ્ટેનન્ટ ગવર્નર એ, તે પ્રાંતની યુનીવરસીટીનો ચેન્સલર હોય છે.

સેનેટ:—

યુનીવરસીટીની અને તેના અંગની તમામ વ્યવસ્થા, ચેન્સલર, વાઈસ ચેન્સલર, ઇલાકાના કેળવણી ખાતાનો વડો અને સાધારણ ફેલો કરે છે. વાઇસ ચેન્સલરની નીમણૂકમચેન્સલર કરે છે. તેમજ અસાધારણ ફેલો અથવા ડીરેકટર ઓફ પબ્લીક ઇન્સ્ટ્રકશન જેવા સરકારી અમલદારની નીમણૂક પણ ચેન્સલરજ કરે છે. સાધારણ ફેલો પૈકી કેટલાક ઇલાકાના ગ્રેજ્યુએટો તરફથી ચુંટાયલા હોય છે જ્યારે કેટલાક સરકારે નિયુક્ત કરેલા હોય છે. આ બધામાંથી યુનીવરસીટીની સેનેટ નામનું એક નોખું મંડળ નીમવામાં આવે છે. જે યુનીવરસીટીના વહીવટને લગતું કામ કરે છે.

યુનીવરસીટી એટલે શું?:—

ઉંચા પ્રકારની કેળવણીની વૃદ્ધિ અને ઉત્તેજન માટે નક્કી કરવામાં આવેલા કાયદા પ્રમાણે લોક નિયુક્ત સભ્યોનું જે મંડળ તેને યુનીવરસીટી કહી શકાય. યુનીવરસીટીનાં મુખ્ય કામ નીચે પ્રમાણે છે:—

(૧) ઉંચા પ્રકારની કેળવણીને ઉત્તેજન આપવું.

(૨) પરીક્ષાઓ લેવી.

(૩) ઉંચા પ્રકારનું શિક્ષણ આપનારી કોલેજોને માન્ય કરવી.

(૪) પ્રોફેસરોની નીમણુંક કરવી.
(૫) સર્વોત્તમ જ્ઞાન પ્રાપ્ત કરી શકાય એટલામાટે લાયબ્રેરીઓ સ્થાપવી.
(૬) અભ્યાસક્રમ નક્કી કરવા અને કોલેજો માટે ધારા ધોરણ રચવાં.

મેકોલેનો ખરીતો:—

ઈ૦ સ૦ ૧૮૩૫ માં મેકોલે ગવર્નર જનરલની કૌંસિલમાં સભ્ય હતો. આ સમયે હિંદુસ્તાનમાં કેળવણીની પદ્ધતિ દાખલ કરવી જોઇએ, એ અગત્યનો પ્રશ્ન ચર્ચાતો હતો. આ સમયે વિચાર ચલાવવા લોર્ડ વિલિયમ બેન્ટિકના સમયમાં મેકોલેની આગેવાની હેઠળ એક કેળવણી કમિટિ નીમવામાં આવી હતી. મેકોલેએ કેળવણી વિષયક ઉંડાણથી વિચાર કરી જણાવ્યું કે હિંદુસ્તાનમાં અંગ્રેજી ભાષા અને પાશ્ચાત્ય પદ્ધતિને દાખલ કરવાની આવશ્યકતા છે. પોતાનો આ વિચાર તેણે પુષ્કળ દાખલા દલીલ ટાંકી સાબીત કરી બતાવ્યો છે. મેકોલેના આ વિચારને સરકાર તરફથી સ્વીકારી લેવામાં આવ્યો, અને આગળ જતાં તેમજ અત્યારે પણ હિંદી સરકારે અંગ્રેજી કેળવણીની બાબતમાં મેકોલેના મૂળ સિદ્ધાંતોને અનુસરીનેજ આગળ કામ લીધું છે. અને લે છે. મેકોલેએ ઉપર પ્રમાણે કેળવણી સંબંધે પોતાના જે વિચારો વ્યક્ત કર્યા તે તેના ખરીતાના નામે ઓળખાય છે.

૧૮૫૪ નો સર ચાર્લ્સ વુડનો ખરીતો:—

લોર્ડ મેકોલે પછી હિંદુસ્તાનમાં કેળવણીની દિશા સ્પષ્ટ કરનાર બૉર્ડ ઓવ કોન્ટ્રોલનો વડો સર ચાર્લ્સવુડ હતો. તેણે ૧૮૫૪ માં સો કલમોનો ખરીતો ગવર્નર જનરલ ઉપર મોકલ્યો. આ

ખરીતાની અગત્ય લોર્ડ મેકોલેના ખરીતા કરતાં પણ વધારે છે. કારણ કે તેમાં દર્શાવ્યા પ્રમાણે દરેક ઇલાકામાં કેળવણી ખાતાનું બંધારણ રચવામાં આવ્યું. અને કોલેજો તથા યુનીવરસીટીઓ સ્થાપવામાં આવી. આ ખરીતાના સિદ્ધાન્ત પ્રમાણે અત્યારે પણ કેળવણી અને કેળવણીની સંસ્થાઓનો વિકાસ થતો જાય છે એ-ટલા માટે સર ચાર્લ્સ વુડનો ખરીતો એ કેળવણીના પરવાના જેવો ગણવામાં આવે છે.

કેળવણીની દિશા બદલવાની અગત્યઃ—

મેકોલે અને સર ચાર્લ્સ વુડની દર્શાવેલી કેળવણીની પદ્ધતિથી અલબત્ત દેશમાં જ્ઞાન વિજ્ઞાનનો પ્રસાર થવા પામ્યો છે, અને અંગ્રેજી સાહિત્યમાંની ઉંચી બાબતો દેશી સાહિત્યમાં ઉતરવા પામી છે. પરંતુ તે સાથે કેટલાકનું એવું માનવું છે કે અંગ્રેજી કેળવણી અને પાશ્ચાત્ય શાસ્ત્રીય જ્ઞાન અને પદ્ધતિ બધી રીતે હિંદુસ્તાનને અનુકુલ નથી. હિન્દુસ્તાનના માજી વાઇસરોય લૉર્ડ ચેમ્સફોર્ડ પણ આ મતનો સ્વીકાર કર્યો હતો. બાદ ઉચ્ચ કેળવણી સંબંધે વિચાર ચલાવવા કમીશન નીમવામાં આવેલું તે કમિશને પણ કેળવણીની પદ્ધતિમાં કેટલાક ફેરફાર સુચવ્યા છે. મોટે ભાગે બધાનું એવું માનવું છે કે માધ્યમિક શાળાઓમાં બધું શિક્ષણ દેશી ભાષાઓ માર્ફતેજ અપાવું જોઇએ. જેથી સ્થાનિક ભાષાઓ વધારે પ્રૌઢ બને. પ્રાંતિક વહીવટમાં તો કેળવણીના પ્રશ્નો સંબંધે નિર્ણય કરવાની સત્તા પ્રધાનના હસ્તક છે એટલે ચાલુ કેળવણીની સામે જે કાંઇ વિરોધ છે તે ક્રમે ક્રમે ઓછો થશે અને તેની દિશા વધારે સ્પષ્ટ થશે.

વૈદક અને આરોગ્ય.

હિંદુસ્તાનમાં વૈદકીય વ્યવસ્થા:-

ભિન્ન ભિન્ન પ્રકારના રોગો સામે પ્રજાને રક્ષણ મળે અને રોગો દૂર કરી શકાય, એટલા માટે સરકાર તરફથી વૈદકીય ખાતું ચલાવવામાં આવે છે. હિંદુસ્તાનમાં દરેક જીલ્લામાં સિવિલ હૉસ્પીટલ હોય . અને તેના વડા તરીકે સિવિલ સરજન હોય છે. જ્યારે જીલ્લાનાં નાનાં શહેરોમાં એસીસ્ટન્ટ કે સબ-એસીસ્ટન્ટ સરજનના હાથ નીચે ડીસ્પેન્સરીઓ હોય છે. આ બન્ને સ્થળે લોકોને મફત દવા આપવામાં આવે છે. અને મફત સારવાર કરવામાં આવે છે. સિવાય જ્યાં આવાં દવાખાનાં નથી હોતાં ત્યાં ફરતાં દવાખાનાં રાખવામાં આવે છે. બધાં નાનાં દવાખાનામાં પણ કેળવાએલ ડાકટરને નીમવામા આવે છે. અને વ્યાધિગ્રસ્ત લોકો તેની પાસે જાય છે, ત્યારે તેઓને તપાસી અનુકુલ દવા આપવામાં આવે છે. સિવાય સ્ત્રીઓને માટે સ્ત્રી ડાકટરો અને નર્સોના હસ્તક ખાસ અલાયદી હૉસ્પીટલો છે. સ્ત્રીઓ માટેનાં પ્રથમ દવાખાનાની શરૂઆત લેડી ડફરીને કરી હતી. ત્યારપછી સ્ત્રીઓનાં દવાખાનામાં ઉત્તરોત્તર વધારો થતો ગયો છે. અને અત્યારે એવાં લગભગ ૨૬૦ જેટલાં દવાખાનાં છે. ઉપરાંત ગરીબ અને સાધારણ માણસો પણ સહેલાઈથી મેળવી શકે એવી રીતે સરકારે આખા દેશમાં સસ્તે દરે ક્વીનાઈન રાખવાની પણ ગોઠવણ કરી છે. ઉપરાંત રક્તપીતીયાં, ગાંડાં માણસો માટે, અને જેઓને હડકાયાં કુતરાં કરડયાં હોય તેઓને માટે પણ જુદી ઇસ્પીતાલો છે.

આરોગ્ય જાળવવા માટે રાખવામાં આવતી સાવચેતી:-

જુદા જુદા રોગોને ઉત્પન્ન થતાં પહેલાં દાબી દેવા માટે સુખશાંતિ કે આરોગ્ય ખાતું સ્થાપવામાં આવેલું છે રોગ ઉત્પન્ન થવાનાં કારણો શોધી કહાડી તે કારણોને દાબી દેવાનું કાર્ય આ ખાતાનું છે, ખરાબ પાણી, ખરાબ ખોરાક, અને ધૂળ વગેરે કારણો એ ઘણા રોગનું મૂળ છે. દરેક મોટાં શહેરની મ્યુનિસિપાલીટીઓ શહેરીઓને સ્વચ્છ પાણી મળે, ભેળશેળ વગરનું દૂધ મળે. તથા તાજાં ફળો અને શાકભાજી મળે તેની સંભાળ રાખે છે. શહેરમાં એકઠું થતું ખરાબ પાણી ગટર માર્ફતે ઘણે દૂર લઇ જવામાં આવે છે. અને એકઠો થએલો કચરો પણ દૂર લઇ જઇ બાળી નાંખવામાં આવે છે કે જેથી રોગનાં જંતુઓ ઉત્પન્ન થવા ન પામે. રસ્તાઓ ઉપરની ધૂળ ઉડે નહિ. એટલા માટે દરરોજ પાણી છાંટી ધૂળને દાબી દેવામાં આવે છે.

રોગોની સામે રક્ષણ મેળવવા શાશા ઉપાયો લેવા તે માટે વૈદક અને આરોગ્ય ખાતા તરફથી લોકોને માટે સૂચનાઓ વારંવાર બહાર પાડવામાં આવે છે. શાળાઓમાં વિદ્યાર્થીઓને પણ આરોગ્યના નિયમો શીખવવામાં આવે છે અને તેઓને રોગો ઉત્પન્ન થવાનાં કારણો અને તેથી મુક્ત થવાના ઉપાયો ક્યા કયા છે, એ સમજાવવામાં આવે છે. આખા હિંદુસ્તાનમાં શીતળા સામે લોકોને રક્ષણ આપવા 'વેક્સી નેટરો' રાખવામાં આવેલા છે. અને તેઓ શીતળાની રસી મૂકે છે. આવી જ રીતે પ્લેગના સામે પણ ઘણા ઘણા ઉપાયો લેવામાં આવે છે. લોકોના હાથે પ્લેગની રસી મૂકવામાં આવે છે. અને તે રોગ ઉંદરો દ્વારા ફેલાતો હોવાથી ઉંદરોને મારી નાંખવામાં આવે છે. શહે-

રોની પ્રમાણે નાના કસ્બા અને ગામડાંમાં પણ આ પ્રમાણે જ વ્યવસ્થા કરવામાં આવેલી હોય છે. મ્યુનિસિપાલીટીઓ, લોકલ-બોર્ડો, સેનેટરી બૉર્ડો અને ગ્રામ્ય પંચાયતો આમાંનાં ઘણાં ખરાં કામ કરે છે. જ્યારે સરકારી આરોગ્ય ખાતું આ સંસ્થાઓને રોગોની સામે ઉપાયો લેવાની અને થતા પહેલાં રોગને અટકાવવાની ઉત્તમ સલાહ અને સુચનાઓ વારંવાર આપ્યા કરે છે.

જન્મ મરણના આંકડા:—

આ સિવાય સરકારે જન્મમરણના આંકડાઓ નિયમિત મેળવવાની ગોઠવણ કરી છે. કે જેથી પ્રજાની આબાદી અને આરોગ્યનો તથા રોગના વૃદ્ધિ ક્ષય સંબંધે માહીતી મેળવી તે માટે ઉપાય કરી શકાય. દેશી રાજ્યોમાં પણ આ માટે ગોઠવણ કરવામાં આવેલી હોય છે. ઉપરાંત ઓછામાં ઓછું દર દસ વર્ષે આખા દેશની એકી સાથે વસતી ગણુતરી કરવાની પણ સરકારે ગોઠવણ કરી છે.

જાહેર બાંધકામ અને ઉદ્યોગ ખાતુ.

શરૂઆત:-

જાહેર બાંધકામ ખાતાની શરૂઆત લોર્ડ ડલહૌસીના સમયમાં થઇ. તેણે આ ખાતાના જુદા જુદા વિભાગ પાડયા. આ વિભાગ સહેજ ફેરફાર સાથે અદ્યાપિ ચાલ્યા આવે છે. તેણે રસ્તાઓ સુધરાવ્યા અને બાંધ્યા, ગંગાની નહેર ખોદાવી તથા પ્રથમ રેલ્વેની શરૂઆત કરી.

જાહેર બાંધકામ ખાતાનો વહીવટઃ-

દરેક પ્રાંતમાં જાહેર બાંધકામ ખાતાનો વહીવટ ચીફ એન્જીનીયરના કાબુ નીચે છે. પ્રાંતિક બાંધકામ ખાતાનો તેજ વડો છે. શરૂઆતમાં લશ્કરી કામો અને રેલ્વેને લગતાં કામો પણ જાહેર બાંધકામમાં ગણવામાં આવતાં હતાં, પરંતુ હમણાં તેમ નથી. અત્યારે તો દરેક પ્રાંત જુદા જુદા વિભાગોમાં વહેંચી નાંખવામાં આવેલો છે, તથા દરેક વિભાગને જીલ્લામા વહેંચી નાંખેલો હોય છે. દરેક વિભાગમાં જાહેર બાંધકામ ખાતાના વડાને એકઝીકયુટીવ એન્જીનીયર કહે છે. દરેક પ્રાંતનું જાહેર બાંધકામ ખાતું તે પ્રાંતની કારોબારી કૌંસિલના મહેસુલ અને ખેતીવાડી ખાતાના સભ્યના કાબુ નીચે છે.

મુખ્ય ભાગઃ-

જાહેર બાંધકામ ખાતું નીચેના વિભાગોમાં વહેંચી નાંખવામાં આવેલું છે.

(૧) ઇરીગેશનઃ—નહેરો, કુવાઓ અને તળાવો બાંધવાં, એ આ વિભાગનું મુખ્ય કામ છે. જ્યાં વરસાદ અનિયમિત થતો હોય, ત્યાં આ ખાતાની બહુ જ ઉપયોગિતા છે. જ્યાં દુકાળ હોય, પાકને પાણીની જરૂર હોય ત્યાં આ ખાતા માર્ફતે સરકાર ખેડુતોને પાણી પહોંચાડે છે.

(૨) રસ્તા અને મકાનો બાંધવાંઃ—મોટાં મોટાં ગામો વચ્ચે વહેવારનાં સાધનો ખીલે માટે પાકી સડકો બાંધવી. તથા રસ્તાની બન્ને બાજુએ ઝાડ રોપવા

અને નિશાળો, કચેરીઓ, દવાખાનાંઓ, વગેરે બાંધવાનું કામ આ ખાતા માર્ફતે કરવામાં આવે છે.

(૩) બંદરોમાં મકાનો, ગોદી અને ધક્કા બાંધવા.
(૪) તારની લાઇનોની ગોઠવણ કરવી.
(૫) પુલો અને કિલ્લાઓ બાંધવા, કે તેને સુધારવા.

રેલ્વે વહીવટ:–

શરૂઆતમાં રેલ્વેને લગતું કામકાજ જાહેર બાંધકામ ખાતાં માર્ફતે કરવામાં આવતું હતું. પરંતુ ૧૯૦૫માં રેલ્વે વહીવટને રેલ્વે બૉર્ડ નીચે મૂકવામાં આવ્યો. આ બોર્ડમાં પ્રમુખ ઉપરાંત બે સભ્ય છે. હિંદુસ્તાનની રેલ્વે હિંદી સરકારના વ્યાપાર અને હુન્નર ઉદ્યોગ ખાતાની દેખરેખ નીચે છે. આ ખાતું રેલ્વે બોર્ડના ઉપર સંભાળ ભર્યું ધ્યાન આપે છે. દરેક રેલ્વેનો વડો અમલદાર 'એજંટ' કહેવાય છે. એજંટના હાથ નીચે ટ્રાફિક મેનેજર, ચીફ એન્જીનીયર, લોકોમોટીવ સુપ્રિન્ટેન્ડેન્ટ અને સ્ટોરકીપર તથા તે બધાના તાબાના નોકરો છે.

રેલ્વે કંપની અને સરકાર:–

રેલ્વે એ હિંદુસ્તાનના વ્યાપાર ઉદ્યોગની વૃદ્ધિનું અગત્યનું સાધન છે. આ સિવાય લશ્કરી દષ્ટિથી પણ રેલ્વેથી દેશનું સારી રીતે રક્ષણ થઇ શકે છે. હિંદુસ્તાનમાં શરૂઆતમાં રેલ્વે બાંધવાનું સાહસ યુરોપિયન કંપનીઓએ કર્યું. અને સરકાર તરફથી ઉત્તેજન આપવામાં આવ્યું. તે એવી રીતે કે જે વર્ષે કંપની પાંચ ટકા કરતાં ઓછું વ્યાજ ઉત્પન્ન કરે ત્યારે તે વ્યાજ સર-

કારે પુરૂં કરી આપવું. આથી કંપનીઓએ ઉડાઉ વહીવટ ચલાવ્યો, અને સરકારને નુકશાન થવા લાગ્યું. આથી સરકારે જ રેલ્વે બાંધવાનું શરૂ કર્યું. અને જે કંપનીઓના પટા પૂરા થતા હતા તે કંપનીઓનો વહીવટ પણ સરકારે પોતાના હસ્તક લીધો.

ટપાલ અને તાર ખાતાં:—

રેલ્વેની માફક ટપાલ અને તાર ખાતાં પણ દેશના વ્યાપાર ઉદ્યોગમાં પ્રગતિ કરનારાં ખાતાં છે. આ ખાતાંની દેખરેખ પણ હિંદી સરકારનું હુન્નર ઉદ્યોગ ખાતું રાખે છે. આખા હિંદના ટપાલ અને તાર ખાતાનો વડો ડીરેક્ટર જનરલ છે. તેના હાથ નીચે બીજા ઇન્સ્પેક્ટર જનરલો અને પ્રેસીડેન્સી પોસ્ટ માસ્તરો હોય છે. અમુક જીલ્લાઓનું ડીવીઝન પાડી ટપાલખાતાનો વહીવટ તે જીલ્લાના પોસ્ટલ સુપ્રિન્ટેન્ડેન્ટ નીચે મૂકવામાં આવે છે. તેના હાથ નીચે ઇન્સ્પેક્ટરો હોય છે. ટપાલ અને તાર ખાતાં લોકોની સગવડ સાચવનારાં ખાતાં ગણાય છે અને તેને લીધે વ્યાપાર ઉદ્યોગની પણ સારી ખીલવટ થાય છે. તેનું મુખ્ય કારણ એ છે કે આ ખાતાના દર બહુ ઓછા છે. પરંતુ ૧૯૨૨ ની સાલમાં વધારાના ખર્ચને પહોંચી વળવા ટપાલ અને તારખાતાના દરમાં વધારો કરવામાં આવ્યો છે. અને પોસ્ટકાર્ડના તથા કવરના બમણા દર કરવામાં આવ્યા છે.

દુકાળ:—

દુકાળનાં કારણો:—

અનાવૃષ્ટિ, તીડ, અને હીમ, તથા પાણીની રેલ એ મુખ્ય કારણોથી દુષ્કાળ પડે છે. હિંદુસ્તાનની જમીનમાં ઉત્પન્ન થતા

પાકનો આધાર મોટે ભાગે વરસાદના ઉપરજ છે. એટલે જ્યારે જ્યારે વરસાદ પડતો નથી ત્યારે ત્યારે પાક થતો નથી. અને દેશમાં અનાજની તંગી પડે છે. આમ છતાંય જો પાક થાય છે તો કેટલીક વખત તીડનાં ટોળાંઓ પાકને અતીશય નુકશાન કરે છે અથવા તો એકદમ હીમ પડવાથી પાક બળી જાય છે. ઉપરાંત કોઇકોઇ વાર અતીશય વરસાદને લીધે રેલ આવવાથી ખેતરોમાં તૈયાર થએલો પાક તણાઇ જાય છે અને લોકો નિરાધાર થઈ રહે છે.

દુષ્કાળને અટકાવવાના ઉપાયો:—

આ માટે સરકાર બની શકે એટલા દુષ્કાળને અટકાવવાના ઉપાયો લે છે તેમાંના મુખ્ય આ પ્રમાણે છે.

(૧) રેલ્વે. — હિંદી સરકારે દૂરમાં દૂર સ્થળે પણ રેલ્વે વ્યવહાર જોડેલ છે. કે જેથી સહેલાઇથી અને ઉતાવળથી એક સ્થળેથી અનાજનો જથ્થો બીજા સ્થળે લઇ જઇ શકાય. અને લોકોને રાહત અપાય.

(૨) ઈરીગેશન:—હિંદુસ્તાનની મોટી નદીઓમાંથી ઘણી નહેરો કહાડવામાં આવી છે. તેમજ બંધો બાંધવામાં આવ્યા છે. કે જેથી ખેતીને ઉપયોગી થઇ પડે અને માત્ર વરસાદ ઉપરજ આધાર રાખવો ન પડે. વળી થોડો પણ વરસાદ પડે તો નહેરોમાં પાણી ભરાય અને તેનો પણ ખેતીના કાર્યમાં ઉપયોગ કરી શકાય.

સહકારી મંડળીઓ:—

નાનાં નાનાં ગામડાંઓ કે જ્યાં ખેડુતોની વધારે વસતી હોય

જ્યાં આવી મંડળીઓ સ્થાપવામાં આવે છે. અને તેને અંગે સહકારી બેન્કો ઉઘાડવામાં આવે છે. આ બેન્કોમાં ખેડુતોને બચત રકમ મૂકવાનું સમજાવવામાં આવે છે. એટલુંજ નહિ પણ દુકાળ કે એવા કોઇ પ્રસંગે ઘણા ઓછા વ્યાજના દરે ખેડુતોને નાણાં ધીરવામાં આવે છે, કે જેથી તેઓ શાહુકારોના ભારે વ્યાજના પંજામાં જતા બચે. આ મંડળીઓની સ્થાપનાથી ઘણે સ્થળે ખેડુતોની સ્થિતિ સુધરવા પામી છે અને તેઓ દેવાદાર મટી ધીરનાર બન્યા છે.

બંધો બાંધવા:—

મોટી નદીઓની વચમાં મોટા બંધો બાંધી સરકારે નદીનું પાણી લાંબા સમય સુધી સંઘરી રાખવાની ગોઠવણ કરી છે. કે જેથી દુષ્કાળના જેવા પ્રસંગે એ બંધોથી અટકાવેલું પાણી ખપ લાગે અને સમુદ્રમાં જતું અટકે.

જંગલોનું રક્ષણ:—

જ્યાં વૃક્ષો વધારે હોય છે ત્યાં, તેમ જ તેની આસપાસ વરસાદ વધારે પડે છે એ જાણીતી વાત છે. એટલા માટે સરકાર જંગલોનું રક્ષણ કરવા માટે બધા ઉપાયો લે છે, અને નવાં ઝાડો વાવી તેને ઉછેરવાની ગોઠવણ કરે છે, જેથી વરસાદ પડે.

રીલીફ વર્ક:—

આટલા બધા ઉપાયો દુકાળ અટકાવવા માટે લેવામાં આવે છે. છતાં પણ આ કુદરતી આફત આવી પડે તો સરકાર રીલીફવર્કની ગોઠવણ કરે છે. તે ગોઠવણ આ પ્રમાણે છે.

(૧) જેઓ શરીરે તંદુરસ્ત અને કામ કરી શકે એવાં હોય,

તેઓને માટે રેલ્વેના રસ્તા સડકો અને નહેરો વગેરેને લગતાં કામો કહાડવામાં આવે છે. જેઓ કામ કરવા જાય છે તેઓને ત્યાં રોજી મળે છે અને તેમાંથી તેઓ પોતાને માટે જોઇતું અનાજ વેચાતું મેળવી શકે છે. આમાં મુખ્ય હેતુ ગરીબ લોકોને પેટ પુરતું ખાવાનું મળે એજ હોય છે.

(૨) જેઓ કામ કરવાને માટે અશક્ત હોય છે, તેમજ જેઓ સાધારણ સ્થિતિના હોઇ ખુલ્લી રીતે રીલીફ વર્કનો આશરો નથી લઈ શકતા તેઓને તૈયાર ખોરાક અને નાણાંની મદદ આપવામાં આવે છે.

(૩) જ્યાંસુધી દુષ્કાળ ચાલુ રહે છે, ત્યાંસુધી લોકોને કર વેરામાંથી મુક્ત કરવામાં આવે છે. અને જ્યારે વરસાદ પડે છે તથા દુષ્કાળનો અંત આવે છે ત્યારે સરકાર લોકોને વાવેતર માટે જોઇતાં બી, ઢોર વગેરે ખેતીનાં સાધનો ખરીદવા માટે પૈસા ધીરે છે.

(૪) જુદી જુદી જગાએથી અનાજ ખરીદી લાવી સરકાર તરફથી અથવા તો સરકારે નક્કી કરેલા વેપારીઓ માર્ફતે સસ્તા દરે લોકોને અનાજ આપવાની ગોઠવણ કરવામાં આવે છે.

દેશી રાજ્યો.

દેશી રાજ્યોની સંખ્યા:—

આખા હિંદુસ્તાનમાં બધાં મળીને નાનાં મોટાં આશરે ૭૦૦ દેશી રાજ્યો છે. જેમાં નિઝામ જેવાં ૭ લાખ ચોરસ માઇલના વિસ્તારવાળાં તેમજ એક ચોરસ માઇલ કરતાં પણ ઓછા વિસ્તાર વાળાં દેશી રાજ્યોનો સમાવેશ થાય છે.

દેશી રાજ્ય અને બ્રિટિશ રાજ્યનો સંબંધ:—

શરૂઆતમાં ઇસ્ટ ઈંડિયા કંપનીએ હિંદુસ્તાનના જુદા જુદા ભાગમાં મોગલ રાજકર્તાની મંજુરીથી પોતાનાં થાણાં સ્થાપ્યાં. અને આગળ જતાં ફ્રેન્ચ લોકોનું અનુકરણ કરી લોર્ડ ક્લાઇવે નિઝામના દરબારમાં બ્રિટિશ રેસીડેન્ટ માર્ફતે લાગવગ સ્થાપ્યો. પરંતુ ફ્રેન્ચ પ્રજા સાથેની સ્પર્ધાના જ પરિણામે અંગ્રેજોને દેશી રાજ્યો સાથે ઘડભાંજમાં ઉતરવાની ફરજ પડી, અને તે પ્રમાણે શરૂઆતમાં લોર્ડ કાર્નવાલીસને ટીપુ અને વેલેસ્લીને મરાઠા સાથે તકરારમાં ઉતરવું પડેલું. પરંતુ તેમાં પણ મુખ્ય હેતુ દેશી રાજ્યો સાથે મિત્રતા રાખવાનોજ હતો. આગળ જતાં એવી સ્થિતિ ઉભી થવા પામી કે બ્રિટીશ રાજ્યને દેશી રાજ્યની બહારની સ્વતંત્રતા ઉપર થોડા ઘણા અંકુશ મૂકવાની જરૂર પડી. પરંતુ વખત જતાં બ્રિટીશ રાજ્યમાં સુલેહશાંતિ પથરાઈ અને એમ છતાંય નજીકનાં દેશી રાજ્યોના ટંટા બખેડા શમ્યા નહિ ત્યારે બ્રિટીશ રાજ્યે એવાં બિનવારસી કે જુલ્મી દેશી રાજ્યોને ખાલસા કરવાનું એક પગલું ભર્યું. આ ધોરણથી કેટલાંક દેશીરાજ્યો ઉપર માઠી અસર થઈ. તે ૧૮૫૭ ના બળવામાં સ્પષ્ટ માલમ પડી. પણ મહારાણી વિકટોરીઆએ જ્યારે હિંદનો વહીવટ પોતાને હસ્તક લીધો ત્યારે તેમણે દેશી રાજકર્તાઓને દત્તક લેવાના સનંદ બક્ષી અને દેશી રાજ્યો સાથે કોલકરાર કર્યા તથા પોતે કૈસરે-હિંદ પદ ધારણ કર્યું. તથા હિંદુસ્તાનના તમામ દેશી રાજ્યોએ બ્રિટીશ રાજ્યનું સાર્વભૌમત્વ કબુલ કર્યું.

ઉપર જે સાતસો નાનાં મોટાં રાજ્યે કહ્યાં તેના મોભાના પ્રમાણમાં મુખ્ય ત્રણ વિભાગ પાડ્યા છે. તે આ પ્રમાણે છે:—

(૧) પહેલા વર્ગનાં રાજ્યો:—નિઝામ, મ્હૈસોર, વડોદરા, કાશ્મીર, અને નેપાલ. આ રાજ્યોને વાઇસ-રોય સાથે સીધો સંબંધ છે. (નેપાલ સ્વતંત્ર દેશી રાજ્ય છે પણ ત્યાં બ્રિટીશ રેસીડેન્ટ રહે છે.)

(૨) બીજા વર્ગનાં રાજ્યો:—આ વર્ગમાં લગભગ ૧૭૦ રાજ્યો છે. અને તે ત્રણ વિભાગમાં વહેંચી નાંખવામાં આવેલાં છે. દરેક વિભાગને એજન્સિ કહેવામાં આવે છે. અને તે દરેકના ઉપર ગવર્નર જનરલ તરફથી એજંટ નીમવામાં આવે છે. તેમ. મધ્ય હિંદ એજન્સીમાં ૧૪૮, રાજપુતાના એજન્સીમાં ૨૦, અને બલુચિસ્તાન એજન્સીમાં ૨ દેશી સંસ્થાનો છે.

(૩) ત્રીજા વર્ગનાં રાજ્યો:—આ વર્ગમાં ઘણાંખરાં નાનાં રાજ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. અને તે પ્રાંતિક ગવર્નરોના વહીવટ નીચે છે. તેમાં બંગાળા ઇલાકામાં ૩૦, સંયુક્ત પ્રાંતોમાં ૨, મુંબઈ ઇલાકામાં ૩૮૪, મદ્રાસમાં ૫, પંજાબમાં ૩૪, અને બ્રહ્મ દેશમાં નાનાં મોટાં થઇને ૫૨ દેશી રાજ્યો છે.

દેશી રાજ્યોના જે ત્રણ વર્ગ પાડવામાં આવ્યા છે તેમાં

કાંઈ એવો ક્રમ નથી કે પહેલા વર્ગનાં રાજ્યોની આવક અને ક્ષેત્રફળ તે કરતાં ઉતરતા વર્ગના રાજ્ય કરતાં,વધારેજ હોય. પરંતુ બ્રિટીશ રાજ્યની સ્થાપનાના કાળમાં આસપાસના સંયોગો, અનુકૂળતા અને આવશ્યકતા તેમજ દેશી રાજ્યોની સ્થિરતાના પ્રમાણમાં એ વર્ગો પડેલા છે. કારણકે ઉપરનાં રાજ્યો પૈકી કેટલાંક રાજ્યો તો ઘણા જ પ્રાચીન સમયનાં હતા. કેટલાંક મોગલ અને મરેઠા કાળમાં ઉભાં થએલાં, અને બાકીનાં અંગ્રેજી રાજ્યની સ્થાપનાના સમયે જ બંધાયલાં છે. અને તે પ્રમાણે દરેક દેશી રાજ્યો સાથે કરાર કરવામાં આવેલા છે.

બ્રિટીશ સત્તા અને દેશી રાજ્યોનો સંબંધ:—

આ બધાં દેશી રાજ્યો વધતે ઓછે અંશે હિંદમાંના બ્રિટીશ રાજ્યના રક્ષણ હેઠળ છે. દેશી રાજ્યો આંતર વહીવટમાં અને તેને અંગે કાયદા બનાવવામાં ઘણે અંશે છુટ ધરાવે છે, તેમ છતાંય બ્રિટીશ સરકારને દેશી રાજ્યની પ્રજાના હિત અર્થે વહીવટમાં દર-મ્યાનગીરી કરવાની જરૂર પડે તો તેમ કરી શકે છે.

દેશી રાજકર્તાઓને દત્તક લેવાનો હક છે. પણ એકંદર રીતે જોતાં દેશી રાજ્યો ઉપર બ્રિટીશ સરકારનો કાબૂ આ પ્રમાણે છે:—

(૧) કોઇપણ દેશી રાજકર્તા પોતાના રાજ્યના ભાગ પાડી જુદા જુદા છોકરાઓ વચ્ચે વહેંચી આપે તો બ્રિટીશ સરકાર તેમ કરતાં તેને અટકાવે છે.

(૨) કોઇપણ રાજકર્તાના હકદાર વારસને સરકાર ગાદીએ બેસાડે છે.

(૩) જો કોઇપણ દેશી રાજ્યમાં આંતર કલહ અથવા બંડ થાય તો સરકાર વચ્ચે પડવાનો અધિકાર ધરાવે છે.

(४) દેશી રાજ્યોમાં ચાલતા દુષ્ટ રીત રિવાજો જેવાં કે સતી થવું, દીકરીઓને દૂધ પીતી કરવી વગેરેને સરકાર દાબી દે છે.

(૫) કોઇપણ દેશી રાજકર્તા પોતાની રૈયત ઉપર જોરજુલમ કરે તો સરકાર વચ્ચે પડી તેને તેમ કરતાં અટકાવે છે.

દેશી રાજ્યોની સત્તા:—

દેશી રાજ્યોના રાજ્યકર્તાઓ પોતાની રૈયત માટે કાયદા બનાવે છે, અને સ્ટેટમાં વપરાશને માટે સિક્કાઓ પાડેછે. તેમજ જમીન મહેસુલ નક્કી કરે છે અર્થાત્ કે તેઓ પોતાના સ્ટેટનો વહીવટ સ્વેચ્છાનુસાર કરે છે. તો પણ તેઓ બ્રિટીશ સરકારના રક્ષણ હેઠળ છે. અને તેથી તેઓ નીચે દર્શાવેલી કેટલીક બાબતોમાં સ્વતંત્ર નથી.

(૧) દેશી રાજ્યો બીજા સ્થાનિક તેમજ પરદેશી રાજ્યો સાથે રાજદ્વારી સંબંધ રાખી શકે નહિ.

(૨) નક્કી કરેલી હદ ઉપરાંત દેશી રાજ્યમાં વધારે લશ્કર રાખી શકાય નહિ.

(૩) તેઓથી કિલ્લાઓ બાંધી શકાય નહિ, તેમજ લડાઇમાટેનાં હથિઆરો કે સૈનિક સામગ્રી બનાવી શકાય નહિ.

(૪) દેશી રાજ્યની હદમાં બ્રિટીશ સરકારની મંજુરી વગર કોઇપણ પરદેશીને દાખલ કરી શકાય નહિ.

(૫) એક દેશી રાજ્ય બીજા દેશી રાજ્ય સાથે લડાઈ જાહેર કરી શકે નહિ.

(૬) દરેક અગત્યની બાબતમાં દેશી રાજ્યે પોલીટીકલ એજંટ કે રેસીડેન્ટને માહેતગાર કરવો જોઇએ.

મહાસભા (કોન્ગ્રેસ)નો ઇતિહાસ અને તેનું હાલનું બંધારણ.

રાષ્ટ્રીય ભાવનાની જાગૃતિઃ—

હિંદુસ્તાનમાં અંગ્રેજી રાજ્ય દાખલ થવાની સાથે હિંદુસ્તાનની પ્રજા, પશ્ચિમની પ્રજા અને તેની સંસ્કૃતિના સંબંધમાં આવી. તેથી, તેમજ અંગ્રેજી શિક્ષણના પ્રચારથી અને પાશ્ચાત્ય પ્રજાઓના ઇતિહાસનું અવલોકન કરવાથી હિંદીઓમાં દેશનેમાટે કંઇક કરવું જોઇએ એવી રાષ્ટ્રીય ભાવના જાગૃત થઇ. તથા ઘણા હિંદુ અને મુસલમાન આગેવાનોએ રાજકીય, સામાજિક, ધાર્મિક સુધારણાની દૃષ્ટિથી રાષ્ટ્રીય ભાવનાને પોષણ મળે એ માર્ગે કામ લેવા માંડયું. પરિણામે પ્રથમ નેશનલ કાંગ્રેસ અને પાછળથી ૧૯૦૬ માં મુસ્લીમ લીગની સ્થાપના થઇ.

કોંગ્રેસ અને મુસ્લીમ લીગઃ—

શરૂઆતમાં મુસ્લીમ લીગનું કામકાજ કોંગ્રેસ સામે વિરોધ દર્શાવવા પૂરતુંજ હતું. પરંતુ આગળ જતાં લીગના સંચાલકોને આ ભૂલ માલમ પડી અને ૧૯૧૬ પછી મુસ્લીમ લીગ કોંગ્રેસ સાથે હાથમાં હાથ મીલાવીને આવે છે, એટલુંજ નહિ પણ કોંગ્રેસ અને મુસ્લીમ લીગનું ધ્યેય, લગભગ સમાન છે, અને રાજદ્વારી બાબતોમાં મુસ્લીમ લીગ કોંગ્રેસનુંજ અનુકરણ કરે છે.

કોંગ્રેસનો ઇતિહાસઃ—

ઇસ્ટ ઇંડીયા કંપની પાસેથી હિંદુસ્તાનનું રાજ્યતંત્ર મહા-

રાણી પાસે આવ્યું ત્યારથી હિંદુસ્તાનમાં રાજકીય સુધારાના યુગનો જન્મ થયો, એટલુંજ નહિ પણ હિંદી પ્રજા પણ રાજદ્વારી બાબતોમાં રસ લેતી થઇ, ત્યારથી કેટલાક હિંદી આગેવાનોના અંતઃકરણમાં એવો વિચાર ઘોળાયા કરતો હતો, કે હિંદી પ્રજાનું પ્રતિનિધિત્વ ધરાવનારી કોઇક એવી મોભાદાર સંસ્થાની જરૂર છે, કે જે માર્ફતે ચાલુ રાજ્યતંત્ર સંબંધે પ્રજા વર્ગ પોતાનો સ્પષ્ટ અભિપ્રાય વારંવાર વ્યક્ત કરી શકે.

થીઓસોફીકલ સોસાઇટીના એક મેળાવડા પ્રસંગે મદ્રાસ ખાતે ૧૮૮૪ના ડીસેમ્બર માસમાં કેટલાક આગેવાનો એકત્ર થયા. તેઓમાં પ્રથમ આ પ્રકારના રાષ્ટ્રીય સંચાલનનો વિચાર ઉત્પન્ન થયો. અને ૧૮૮૫ના ડીસેમ્બર માસમાં હિંદુસ્તાનના બધા વિભાગના પ્રતિનિધિઓની એક સભા પૂનામાં મેળવવાનો તે વખતે નિશ્ચય કરવામાં આવ્યો. આ નિશ્ચય કરનારા તે વખતે માત્ર સત્તર જ ગૃહસ્થો હતા. કામ કરનારાઓની એક બીજા સાથે ઓળખાણ થાય, અને આવતા વર્ષ માટે શું કામ કરવું, તે નક્કી થાય એટલા માટે આ સભા પૂનામાં બોલાવવામાં આવી હતી. પરંતુ ૧૮૮૫માં પૂનામાં પ્લેગ હતો એટલે પૂનાને બદલે મુંબઇમાં આ સભા થઇ. અને તેમાં બધા મળીને આખા દેશમાંથી ૭૦ પ્રતિનિધિઓ આવેલા હતા. આ નેશનલ કોંગ્રેસની પહેલી બેઠક.

પહેલી કોંગ્રેસમાં, કોંગ્રસનું ધ્યેય આ પ્રમાણે દર્શાવવામાં આવ્યું હતું.

(૧) સામ્રાજ્યના વિભાગોમાં જેઓ હિંદહીતચિંતક રાજદ્વારીઓ હોય તેઓની મૈત્રી વધારવી.

(૨) આ દેશના દેશ પ્રેમીઓએ પરસ્પર મૈત્રીભાવથી ધાર્મિક, સામાજિક, અને પ્રાંતિક ભેદો નિર્મૂળ કરવા. અને રાષ્ટ્રીય ઐક્યની ભાવના વિકસાવવી.

(૩) સામાજિક પ્રશ્નોની સંપૂર્ણ ચર્ચા કરવી.

(૪) સાર્વજનિક હીત માટે ભવિષ્યમાં કેવી રીતે કામ લેવું તેનો નિર્ણય કરવો.

કોંગ્રેસનું શરૂઆતનું ધ્યેય અત્યારના કોંગ્રેસવાદીઓને અલબત્ત બહુ મોળું લાગે છતાં પણ પ્રાંતિક તેમ જ વડી ધારા સભામાં પ્રતિનિધિત્વ મેળવવાની. સનંદી નોકરીમાં હિંદીઓને દાખલ કરવાની, અને નાણાં વિષયક સ્વતંત્રતા મેળવવાની તો શરૂઆતથી જ માગણી કરવામાં આવી હતી પરંતુ લગભગ પ્રથમથી જ કોંગ્રેસની રાજદ્વારી ચળવળ તરફ હિંદુસ્તાનમાંના કેટલાક ઉગ્ર વિચારના સનંદી અમલદારોની ઇતરાજી હતી અને કોંગ્રેસને રાજદ્રોહી લેખવામાં આવતી હતી. એથી સરકારી નોકરો કોંગ્રેસમાં માત્ર હાજરી આપવી, તેને પણ રાજદ્રોહ લેખતા હતા. એટલું જ નહિ પણ હિંદુસ્તાનમાં કેટલાંક વગદાર ગણાતાં માણસો પણ કોંગ્રેસને આવા અનિષ્ટ સ્વરૂપમાં જોતા હોવાથી કોંગ્રેસમાં હાજરી આપી સરકારની વિરૂદ્ધ પડવાનું તેઓ પસંદ કરતા નહિ. આ અતિશ્યોક્તિ હતી પણ એક વખત એવી સ્થિતિ હતી જ. અને અત્યારે પણ કેટલેક અંશે છે, પરંતુ મી. હ્યુમ. જ્યોર્જ યુલ, સર વિલિયમ વેડરબર્ન, સર હેનરી કોટન, જેવા ભલા અંગ્રેજોએ કોંગ્રેસનાં પ્રમુખપદ દીપાવ્યાં તેથી તેમ જ કોંગ્રેસના કામકાજથી કેટલાંક વર્ષો બાદ જોવામાં આવ્યું કે કોં-

ગ્રેસ એ રાજદ્રોહી મંડળ નથી. પણ હિંદી પ્રજાનો યથાર્થ અભિપ્રાય દર્શાવનારી પ્રતિષ્ઠાપાત્ર રાજદ્વારી સંસ્થા છે.

ત્રણેક વર્ષો બાદ કોંગ્રેસનું ચોક્કસ પ્રકારનું બંધારણ રચવાની જરૂર માલમ પડી. અને એથી તે સમયે કોંગ્રેસમાં બંધારણનો સાધારણ ખરડો પસાર કરવામાં આવ્યો. તેમાં ઠરાવવામાં આવ્યું કે જે ઠરાવ સામે લગભગ બધા મુસલમાન કે બધા હિંદુ વાંધો નોંધાવે તે ઠરાવ કોંગ્રેસ કમિટિમાં રજુ થઇ શકે નહિ. પછી તુરત જ ઈંગ્લેંડમાં જુદી કોંગ્રેસ કમિટિની સ્થાપના કરવામાં આવી અને તે માટે રૂ. ૪૫ હજાર વાર્ષિક ખર્ચ માટે મંજુર કરવામાં આવ્યા. આ રીતે કોંગ્રેસનું કામ સાત આઠ વર્ષ ચાલ્યા બાદ તેની અગત્ય છે કે કેમ, અને તેના વાર્ષિક સંમેલનની જરૂર છે કે કેમ, એ સવાલ ઉભો થએલો. પરંતુ હિંદી પ્રજાના સદ્‌ભાગ્યે એ સવાલ પડતો મૂકાયલો, અને કોંગ્રેસરૂપી કુમળા બાળકનો નાશ થતો અટકયો. ૧૮૯૫ના વર્ષ સુધી કોંગ્રેસનું બંધારણ જોઇએ તેવું સ્પષ્ટ સ્વરૂપમાં ન હતું એટલા માટે એ બંધારણ નક્કી કરવા, પ્રતિનિધિઓની સંખ્યા, તેઓની યોગ્યતા, અને એકઠા મળવાની જગા વગેરે નક્કી કરવાનું કાર્ય એક સ્ટેન્ડીંગ કમિટિને સોંપવામાં આવેલું. આ વખતે કોંગ્રેસમાં સામાન્ય પ્રજાને પણ રસ પડવા લાગ્યો હતો. તેમાં ૧૮૯૮ ની આખરમાં લૉર્ડ કર્ઝન હિંદુસ્તાનના વાઇસરોયપદે આવ્યા. તેની રાજનીતિ સામે દેશમાં ઘણે ઠેકાણે અણગમો ઉત્પન્ન થયો હતો. આ કારણથી કોંગ્રેસ અને તેની અગત્ય તરફ લોકોનું ધ્યાન વધારે ને વધારે ખેંચાયું.

વળી ૧૮૯૫માં કોંગ્રેસનું નવેસરથી ધ્યેય અને બંધારણ રચવાનું કામ જે કમિટિને સોંપવામાં આવેલું હતું, તે કમિટિએ

તપાસ કરી ૧૮૯૯ની કોંગ્રેસ સમક્ષ બંધારણનો ખરડો રજુ કર્યો. અને તેને કોંગ્રેસે મંજુર કર્યો. આ કારણથી પણ લોકમત કોંગ્રેસ તરફ ઢળ્યો, અને કોંગ્રેસમાં પ્રતિનિધિત્વ ધરાવવાની અગત્ય સમજાવા લાગી ૧૮૯૯ માં કોંગ્રેસે મંજુર કરેલા ધ્યેયમાં પ્રમુખ હેતુ આ હતા.

(૧) હિંદુસ્તાનની પ્રજાનું હિત અને આબાદી સનંદશીર સાધનોથી વધારવાં એ કોંગ્રેસનો ઉદ્દેશ બનશે.

(૨) વર્ષમાં એક વખત કોંગ્રેસની બેઠક બોલાવવી.

(૩) કોંગ્રેસે ચુંટેલા ૪૫ સભ્યોની કોંગ્રેસ કમિટિ બનાવવી અને એક ઓનરરી તથા એક પગારદાર સેક્રેટરી રાખવો.

હિંદુસ્તાન ઉપરાંત હિંદુસ્તાન સંબંધે મોટા પાયા ઉપર પરદેશમાં પણ રાજદ્વારી ચળવળની જરૂર છે, એમ કેટલાક આગેવાનોને લાગ્યું એટલે સાથે સાથે ઈંગ્લેંડમાં કોંગ્રેસના ખર્ચે 'ઇંડિયા' નામનું એક અંગ્રેજી સાપ્તાહિક શરૂ કરવામાં આવ્યું. જેથી કોંગ્રેસના કાર્યનો અને ઠરાવોનો ત્યાં પણ પ્રચાર થાય. 'ઇંડિયા'ની બધી મળીને ચાર હજાર નકલોનો કોંગ્રેસ માર્ફતે હિંદુસ્તાનમાં ફેલાવો કરવામાં આવતો હતો. પરંતુ તેનું બરાબર વ્યહવારૂ પરિણામ આવેલું નહિ એટલે નાગપુર ખાતેની ૩૫ મી કોંગ્રેસમાં ઠરાવ કરી આ પત્ર બંધ કરવામાં આવ્યું.

'હિંદના દાદા' ના પ્રમુખપણા નીચે કલકત્તામાં બાવીસમી કોંગ્રેસની બેઠક ભરાઇ તે વખતે પ્રમુખપદેથી દાદાભાઇ નવરોજજીએ હિંદુસ્તાનને માટે સ્વરાજ્ય પ્રાપ્તિની આવશ્યકતાનો ખુલ્લો એકરાર કર્યો, એટલું જ નહિ પણ સ્વરાજ્ય ભોગવતાં બીજાં બ્રિટીશ સંસ્થાનોમાં ચાલતી રાજનીતિ હિંદુસ્તાનમાં દાખલ કર-

વાનો ઠરાવ પણ કરવામાં આવ્યો. આ હેતુ પાર પાડવા માટે માર્ગસૂચન કરવામાં આવ્યું.

દાદાભાઇએ કરેલી સ્વરાજ્યની ઘોષણાથી દેશમાં નવચેતનનો સંચાર થયો. અને આગેવાનોનો એક ભાગ સ્વરાજ્ય પ્રાપ્તિ માટે ઉદ્દામ પ્રકારના વિચારો ધરાવતો થયો અને જ્યારે બીજે જ વર્ષે ૧૯૦૭માં ત્રેવીસમી કોંગ્રેસ સુરત ખાતે મળી ત્યારે તેનું સ્પષ્ટરૂપ આવ્યું. અર્થાત્ આ કોંગ્રેસ એવાં દુઃખદ સંયોગોમાં મળી કે કોંગ્રેસમાં જબરદસ્ત તડાં પડયાં. હકીકત એમ બની કે કોંગ્રેસના બંધારણ પ્રમાણે ડૉ૦ રાસબીહારી ઘોષને પ્રમુખ તરીકે ચુંટી કહાડવામાં આવ્યા. પરંતુ લાલા લજપતરાય તે વખતે દેશવટામાંથી મુક્ત થએલા હોવાથી કોંગ્રેસના એક પક્ષનો એવો અભિપ્રાય હતો કે લાલા લજપતરાયને પ્રમુખ તરીકે ચુંટી કહાડી પ્રજાએ પોતાનો વિશ્વાસ જાહેર કરવો. અને જ્યારે ડોક્ટર ઘોષની પ્રમુખ તરીકે કોંગ્રેસના મંડપમાં વિધિસર ચુંટણી કરવામાં આવી ત્યારે બીજા પક્ષના આગેવાન બાલગંગાધર તિલક તે ઉપર સુધારો મૂકવા અને લાલા લજપતરાયનું નામ સૂચવવા ઉભા થયા. પ્રમુખે તેમને બેસી જવાનું કહ્યું. પરિણામે સુરતની કોંગ્રેસમાં દંડાશાહી શરૂ થઇ. અને પોલીસે મંડપનો કબજો લઇ બધાને બહાર કાઢયા. આ વખતથી કોંગ્રેસમાં વિનિત અને ઉદ્દામ એવા બે પક્ષ ઉભા થયા અને સુરતની કોંગ્રેસ અચોક્કસ તારીખ સુધી મુલતવી રહી. પરંતુ જેઓ વિનિત વિચાર ધરાવનારા હતા અને બ્રિટીશ સામ્રાજ્યમાં સ્વરાજ્ય ભોગવનારાં સંસ્થાનો જેવું હિંદુસ્થાન સ્વરાજ્ય મેળવે તથા તેઓના જેટલા જ હકો તથા જવાબદારી હિંદ ભોગવે. એવું કોંગ્રેસનું લક્ષ્યબિંદુ જેઓને માન્ય હતું, અને જેઓ સનંદશીર રીતે આ ધ્યેયને માટે

પ્રયત્ન કરવાની લાગણી ધરાવનારા હતા, તેઓનું એક કન્વેન્શન તુરત જ સુરતમાં ડૉ૦ રાસબિહારી ઘોષના જ પ્રમુખપણા નીચે મળ્યું અને તેમાં કોંગ્રેસનું બંધારણ અને ધ્યેય એકવાર ફરીથી ઘડી કહાડવાનો ઠરાવ કરવામાં આવ્યો. આ ઠરાવ પ્રમાણે કન્વેન્શનની કમિટિ અલ્હાબાદમાં મળી અને કોંગ્રેસનું ધ્યેય નક્કી કરવામાં આવ્યું. આ ધ્યેય કોંગ્રેસના ભૂતકાળના ઇતિહાસમાં જાણીતું છે તે આ પ્રમાણે.

કોંગ્રેસનું પ્રસિદ્ધ ધ્યેય:-

"હિંદી રાષ્ટ્રીય કોંગ્રેસના ઉદ્દેશો એ છે કે બ્રિટીશ મહારાજ્યના સ્વરાજ્ય ભોગવતા ભાગોના જેવી રાજ્યપદ્ધતિ હિંદી પ્રજાએ પ્રાપ્ત કરવી. અને તે ભાગોનો સમાન રહીને સામ્રાજ્યના હક્કો અને જવાબદારીઓમાં ભાગ લેવો. વર્તમાન રાજ્યપદ્ધતિમાં મક્કમ સુધારો કરીને, રાષ્ટ્રીય ઐકય સાધીને, જાહેર જુસ્સાને પોષણ આપીને, દેશનાં બહુ ઔદ્યોગિક આર્થિક અને નૈતિક સાધનો વિકસાવી અને પ્રબંધ રચી, કાયદેસર રીતે એ ઉદ્દેશો પ્રાપ્ત કરવા."

કોંગ્રેસનું બંધારણ જો કે ૧૯૦૮માં નક્કી કરવામાં આવેલું પરંતુ તેમાં ત્યારપછીની કોંગ્રેસમાં કેટલાક સુધારા વધારા કરવામાં આવેલા અને આખરે ૧૯૧૨ માં બાંકીપુર ખાતે તે છેવટનુ પસાર કરવામાં આવ્યું. પરંતુ ૧૯૦૭ પછી કોંગ્રેસમાં ખુલ્લી રીતે બે તડાં પડ્યાં અને ઉદ્દામ પક્ષના આગેવાનોએ પોતાના રાજદ્વારી વિચારો જુદીજ વ્યાસપીઠ ઉપરથી જણાવવા શરૂ કર્યા. ૧૯૧૪ માં બન્ને પક્ષ વચ્ચે સમાધાનીનો માર્ગ કહાડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો પરંતુ તેમાં નિષ્ફળતા મળી. કારણ કે ઉદ્દામ મતવાદીઓએ જે

નીચેની બે શરતોને સ્વીકારવામાં આવે તોજ કોંગ્રેસમાં જોડાવાનો પોતાનો નિશ્ચય દર્શાવ્યો.

(૧) અલ્હાબાદવાળું બંધારણ કોંગ્રેસની મંજુરી માટે ફરી રજુ કરવું, અને

(૨) પ્રથમની માફક જાહેર મંડળોના પ્રતિનિધિત્વનો સ્વીકાર કરવો.

આ બે મુખ્ય શરતો ઉપરાંત સ્વરાજ્યની વ્યાખ્યા સ્પષ્ટ કરવા સંબધે પણ મતભેદ હતો. પરંતુ તેનું સમાધાન થઇ ગયું હતું. બન્ને પક્ષના આગ્રહને લીધે તુરતમાં તો ઉપરના બે મુદ્દાનું સમાધાન થયું. પરંતુ આખરે ૧૯૧૬ માં લખનૌ કોંગ્રેસમાં બે પક્ષો વચ્ચે સમાધાન થયું એટલુંજ નહિ પણ કોંગ્રેસ અને મુસ્લીમ લીગ વચ્ચે પણ રાજદ્વારી એકતા સંધાઇ. તથા બંગાળા અને સંયુક્ત પ્રાંતના મુસલમાનો અને હિંદુઓ વચ્ચે પ્રતિનિધિત્વ સંબંધી જે મતભેદ હતો તેનો બન્ને કોમને સંતોષ આપે એવી રીતનો ફડચો થયો. આટલા માટે લખનૌની કોંગ્રેસ કોંગ્રેસના ઇતિહાસમાં યાદગાર કોંગ્રેસ ગણાય છે. કારણ કે ઉદ્દામ અને વિનિત પક્ષની તેમજ હિંદુ—અને મુસલમાનની એકતાની મજબુત ગાંઠ આ કોંગ્રેસમાંજ બંધાઈ એટલુંજ નહિ પણ કોંગ્રેસમાં સ્વરાજ્યની માગણીનો ઠરાવ કરવામાં આવ્યો તથા બન્ને સંસ્થાઓએ એકત્ર મળી સુધારાની યોજના બહાર કહાડી. આ કોંગ્રેસમાં—ગવર્નર લૉર્ડ (તે વખતે સર) મેસ્ટને હાજરી આપી હતી.

ઉદ્દામ પક્ષ કોંગ્રેસથી કેટલાંક વર્ષ દૂર રહ્યો. પરંતુ ઉપર કોંગ્રેસનું જે ધ્યેય દર્શાવવામાં આવ્યું છે તે ઉપરથી જણાય છે કે કોંગ્રેસની સ્થાપનાના સમયથી ૨૫ વર્ષ સુધીમાં દેશમાં આવકારપ્રદ રાજદ્વારી પ્રગતિ થઇ હતી. અને હિંદી પ્રજા સાંસ્થાનિક સ્વરાજ્ય

માગવા જેટલે દરજ્જે રાજદ્વારી કેળવણી લઇ રહી હતી. ૧૯૦૯ માં મોર્લિ-મિંટો સુધારા મળ્યા. તે ખરૂં જોતાં કોંગ્રેસની ચળવળનુંજ પરિણામ હતું એમ વિનિતપક્ષના ઘણા નેતાઓ તે વખતથી માનતા આવ્યા છે એટલે આ સુધારા જો કે કોંગ્રેસની તે સમયની માગણીને અનુકૂલ નહતા, પરંતુ કોંગ્રેસના આગેવાનોએ તેનો સાભાર સ્વીકાર કર્યો હતો. આ વખતે કોંગ્રેસની સમક્ષ અનેક રાજદ્વારી પ્રશ્નોની ચર્ચામાં મુખ્ય ચર્ચા દક્ષિણ આફ્રિકાના હિંદીઓના સત્યાગ્રહ સવાલને લગતી અને બંગાળાના ભાગલા સંબંધી હતી. આવામાં શહેનશાહ સાતમા એડવર્ડનું મૃત્યુ થયું. શહેનશાહ પાંચમા જ્યોર્જે રાજ્યારોહણ નિમિત્તે હિંદુસ્તાનની મુલાકાત લીધી, અને તે પ્રસંગે બંગાળાના ભાગલા રદ કરવામાં આવ્યા. તથા તે વખતના વાઇસરોય લૉર્ડ હાર્ડિંજે દક્ષિણ આફ્રિકાના સવાલમાં આગેવાની લીધી. અને બની શકે એટલે અંશે ત્યાંના હિંદીઓને મદદ કરી તથા તેનો ફતેહમંદીથી અંત આવ્યો. કોંગ્રેસની ચળવળનાં આ બધાં સીધાં પરિણામ હતાં.

આ દરમિયાન યુરોપનું મહાયુદ્ધ શરૂ થઇ ચૂક્યું હતું. અને તેની શરૂઆતનાજ બે વર્ષમાં હિંદી પ્રજાએ સૈનિક અને આર્થિક સારી મદદ કરી હતી આથી તેમજ કોંગ્રેસ લીગની એકત્ર રાજદ્વારી ચળવળથી તેમજ ૧૯૧૭ માં શરૂ થએલી હોમરૂલ-લીગની તથા સ્વરાજ્ય સંઘની ચળવળથી હિંદી પ્રજા રાજકીય સુધારા યાને જવાબદાર રાજ્યતંત્રને માટે ઘણી ઇંતેજાર થઇ રહી હતી. બ્રિટીશ મુસદ્દીઓએ હિંદી પ્રજાની આ ભલી લાગણીનો સત્કાર કર્યો અને તે વખતના દીલસોજ હિંદી પ્રધાન મી. મોંટેગ્યુએ આમની સભામાં જાહેર કર્યું, કે હિંદુસ્થાન પરત્વે શહેનશાહી સરકારની રાજનીતિ હિંદુસ્તાનને ક્રમશઃ સ્વરાજ્ય આપવાની

છે. આ માટે મી. મોંટેગ્યુએ જાતે ૧૯૧૭ ની આખરમાં હિંદુસ્તાનની મુલાકાત લીધી અને દેશનાં જુદાં જુદાં રાજદ્વારી મંડળો તથા જાણીતા રાજદ્વારી આગેવાનોની મુલાકાત લીધી અને તે વખતના વાઇસરોય લોર્ડ ચેમ્સફોર્ડ સાથે મળી રાજકીય સુધારા સંબંધે પાર્લામેંટને રિપોર્ટ કર્યો. એજ વખતે કલકત્તામાં કોંગ્રેસનું કામકાજ ચાલી રહ્યું હતું અને તેમાં લગભગ પાંચહજાર જેટલા પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. મોંટ-ફોર્ડ રિપોર્ટ બહાર પડ્યો કે તુરતજ તે સંબંધે દેશનો મત જાહેર કરવા મુંબઇ ખાતે ૧૯૧૮ ના ઓગસ્ટમાં ખાસ કોંગ્રેસ બોલાવવામાં આવી હતી અને કોંગ્રેસ તથા મુસ્લીમ લીગનો આ સંબંધમાં શું અભિપ્રાય છે તે જણાવ્યો હતો. મી. મોંટેગ્યુના રિપોર્ટ ઉપરથી આમની સભા ચોક્સ નિર્ણય ઉપર આવે તે પહેલાં કોંગ્રેસ, મુસ્લીમ લીગ, અને હોમરૂલ-લીગ તરફથી ઇંગ્લેંડ ડેપ્યુટેશન મોકલવામાં આવ્યાં હતાં. પાર્લામેંટનો નિર્ણય થયા બાદ ૧૯૧૯ માં હિંદુસ્તાનનો રાજકીય સુધારાનો કાયદો બહાર પાડવામાં આવ્યો, જે, ૧૯૧૯ ના હિંદી સરકારના કાયદા તરીકે જાહેર છે.

યુદ્ધ પુરૂં થયા પછી હિંદુસ્તાનના બચાવને લગતા કાયદાની મુદત પૂરી થઇ અને તે કાયદો રદ થયો. પરંતુ મારફાડ ઉપર અને ખુનામરકી ઉપર અંકુશ મૂકવાના હેતુથી પોલીસખાતાના હસ્તક નિરંકુશ સત્તા આપનારો રોલેટ કાયદો પસાર કરવામાં આવ્યો. આ કાયદા સામે વડી ધારાસભાના લગભગ તમામ લોકનિયુક્ત સભ્યોએ વિરોધ દર્શાવ્યો અને કેટલાકે પોતાની જગાનાં રાજીનામાં આપી દીધાં. અલબત્ત રોલેટ કાયદો ત્રણ વર્ષની મુદત માટેજ હતો. પરંતુ તે હિંદુસ્તાનના સ્વમાનનો ધ્વંશ કરનાર છે,

એમ સૌ કોઇની માન્યતા હતી.

આંહીથીજ ગાંધીજી હિંદુસ્તાનના રાજદ્વારી ક્ષેત્રમાં આગળ આવ્યા. તેમણે રોલેટ કાયદા સામે ૧૯૧૯ની શરૂઆતમાં સત્યાગ્રહ શરૂ કર્યો. અને એપ્રિલ મહીનાની શરૂઆતમાંજ પંજાબમાં અમ્રતસર ખાતે જલીયાનવાલા બાગની કરૂણ બીના બની. ગાંધીજીને પંજાબ જતાં અટકાવવામાં આવેલા, ને કેદ કરવામાં આવેલા છે, એમ માની અમદાવાદ, નડીઆદ, વીરમગામ, દિલ્હી તથા પંજાબના કેટલાક ભાગોમાં આવેશને વશ થએલા લોકોએ તોફાન કર્યાં. આ રમખાણોની તપાસ કરવા સરકારે હંટર કમીશન નીમ્યું.

૧૯૧૯ ના વર્ષમાંજ અમૃતસરમાં ૩૪ મી કોંગ્રેસની બેઠક થઇ. કોંગ્રેસના ઇતિહાસમાં ૧૯૧૯ ની સાલ પણ મહત્વની છે. એક બાજુ પંજાબમાં માર્શલ લોવેળાએ અમલદારો તરફથી કરવામાં આવેલા જુલ્મો અને બીજી બાજુ રાજકીય સુધારા તથા ખીલાફતનો સવાલ હતો. અમૃતસરની કોંગ્રેસે આખરે કણકણતે મને સુધારાનો સ્વીકાર કર્યો તે એવી આશા એકે પંજાબ અને ખીલાફતને ન્યાય મેળવી શકાશે. પરંતુ પંજાબનાં રમખાણોની તપાસ ચલાવવા માટે કોંગ્રેસે પણ એક સ્વતંત્ર કમિટિ નીમી. ત્યારબાદ ઉપરાઉપરી એવા બનાવો બનવા પામ્યા અને પંજાબ અને ખીલાફતના સવાલથી દેશભરમાં એવું રાજદ્વારી વાતાવરણ ફેલાવા પામ્યું કે કલકત્તામાં ખાસ કોંગ્રેસ બોલાવવી પડી. દુર્ભાગ્યે આ વખતે પણ ૧૯૦૭ ની માફક દેશમાં અસહકારી અને સહકારી એવા બે પક્ષ પડી ગયા અને કેટલાક આગેવાનો કલકત્તાની ખાસ કોંગ્રેસથી અલગ થઇ ગયા. જેઓની પ્રામાણિક માન્યતા

એ હતી કે વર્તમાન રાજકીય સુધારામાં પ્રગતિ કરવાથી સ્વરા-જ્ય મળશે, કલકત્તાની કોંગ્રેસે અસહકારનો ઠરાવ કર્યો અર્થાત્ કે સ્વાભાવિક રીતે કોંગ્રેસે ગાંધીજીની સલાહનોજ આ સંબંધી સ્વીકાર કર્યો. આ ઠરાવમાં પ્રજાને નીચે પ્રમાણે સલાહ આપવામાં આવી હતી.

પંજાબ અને ખીલાફતના ન્યાયને માટે સ્વરાજ્ય એજ ઉપાય છે માટે તે મેળવવા,

"(૧) ખેતાબો અને માનના ઓદ્ધાઓ છોડવા.

(૨) સરકારી લેવીઓ, દરબારો અને અમલદારોએ ભરેલા કે અર્ધસરકારી મેળાવડામાં હાજરી ન આપવી.

(૩) સરકારી, સરકારની મદદથી, કે તેના અંકુશ નીચે ચાલતી શાળાઓમાંથી છોકરાં ઉઠાડી લેવાં અને દરેક પ્રાંતમાં રાષ્ટ્રીય શાળાઓ તથા કોલેજો સ્થાપવી.

(૪) વકીલોએ તથા પક્ષકારોએ ધીમે ધીમે અદાલતોનો બહિષ્કાર કરવો.

(૫) લશ્કરી, કારકુની, અને મજુરી કરનારાઓએ મેસોપોટેમીઆ જવા ના પાડવી.

(૬) કૌંસિલોની ચુંટણીમાં કોઇએ ઉભું ન રહેવું.

(૭) વિદેશી માલનો બહિષ્કાર કરવો.

કલકત્તાની ખાસ કોંગ્રેસ કરતાં તુરતજ ભરાયલી નાગપુરની કોંગ્રેસમાં અસહકાર પક્ષની બહુમતિ હતી અને ખરી રીતે કહીએ કે ગાંધીજીએ પોતાની લાગવગ અને પ્રતિભાને લીધે કોંગ્રેસનો કાબુ મેળવ્યો હતો. ૧૯૦૮ ની કોંગ્રેસમાં મહાસભાનું બંધારણ અને ધ્યેય જે પ્રકારનું હતું તેમાં ફેરફાર કરી નાગપુરની કોંગ્રેસમાં

બંધારણ અને ધ્યેયમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

નાગપુરની મહાસભામાં કોંગ્રેસનું ધ્યેય નીચે પ્રમાણે નક્કી કરવામાં આવ્યું.

ધ્યેય.

"હિંદી મહાસભાનું ધ્યેય હિંદી પ્રજાએ શાંતિનાં અને સત્યાગ્રહનાં બધાં સાધનોથી સંપૂર્ણ સ્વરાજ્ય મેળવવું એ છે."

કોંગ્રસે આ ધ્યેયનો સ્વીકાર કર્યો એટલે જેઓ હિન્દુસ્તાન માટે 'સામ્રાજ્યમાં સ્વરાજ્ય'ની માગણી કરનારા હતા. તેઓ કોંગ્રેસથી છુટા પડયા અને સ્વાભાવિક રીતે તેઓ બધા સહકારી ગણાયા. નાગપુરની કોંગ્રેસમાં ખાસ મહત્વનું તો એ હતું કે અત્યાર સુધી કોંગ્રેસમાં મોટે ભાગે અંગ્રેજી ભાષામાં કામકાજ ચાલતું હતું તે દેશી ભાષામાં શરૂ થયું એટલુંજ નહિ પણ કોંગ્રેસે સરકારને વિનતિ કરવાનું છોડી દઇ હિંદુસ્તાનની પ્રજાને વિનતિ કરવાનો રિવાજ દાખલ કર્યો. આ કોંગ્રેસમાં ઇંગ્લેંડના મજુર પક્ષના આગેવાન કર્નલ વેજવુડ અને બેન્સપુરે પણ હાજરી આપી હતી. નાગપુરની કોંગ્રેસ પછી અસહકારની ચળવળે ખૂબ જોશ પકડયો. અને ૧૯૨૧ ના આખા વર્ષમાં દેશમાં કેટલાક આગેવાનો અને હજારો યુવકો જેલમાં ગયા. એટલુંજ નહિ પણ દેશભરમાં અસહકારનો જુસ્સો ઉછળી રહ્યો હતો. રાષ્ટ્રીયશાળાઓ અને કોલેજો ઉઘાડવામાં આવી હતી. કોંગ્રેસના ફરમાન મુજબ એક કરોડ રૂપીઆ એકત્ર થઇ ચૂકયા. અને આખા દેશમાં લગભગ ૨૦ લાખ રેંટીઆ પણ શરૂ કરવામાં આવ્યા હતા. તેમજ કોંગ્રેસના મેંબરોની સંખ્યા ૫૦ લાખ ઉપરાંત થવા પામી હતી. આ વર્ષમાં વાઇસરોય તરીકે લોર્ડ રીડીંગની નિમણૂક થઇ, લોર્ડ રીડીંગે હિંદુસ્તાનની પરિસ્થિ-

તિથી વાકેફ થવા આગેવાનોની મુલાકાત લીધી. ના. પ્રીન્સ ઓફ વેલ્સે હિંદની મુલાકાત લીધી. કોંગ્રેસના આગેવાનોએ પ્રીન્સની મુલાકાતનો બહિષ્કાર અગાઉથીજ કર્યો હતો પરન્તુ ના૦ પ્રિન્સના આવાગમન પ્રસંગે શરૂઆતમાં મુંબઇમાંજ રમખાણુ થયું તેથી તેમજ મોપલાના બંડથી અસહકારની ચળવળની અહિંસાત્મક વલણને કેટલેક દરજ્જે હાની પહોંચી.

જ્યારે અમદાવાદમાં મહાસભાની બેઠક થઇ ત્યારે બન્ને પક્ષ તરફથી સમાધાનીનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. પરંતુ તેને નિષ્ફળતા મળી. અમદાવાદની મહાસભા નાગપુરના નવા બંધારણ પ્રમાણે હતી. તેને અંગે એક આકર્ષક પ્રદર્શન પણ ભરવામાં આવ્યું હતું. આ કોંગ્રેસમાં સ્વયંસેવકોનું સૈન્ય તૈયાર કરવાના નિયમો મંજુર કરવામાં આવ્યા અને ગાંધીજીને સર મુખત્યાર નીમવામાં આવ્યા.

પંજાબ અને ખીલાફતના ન્યાય માટે અને સ્વરાજ્યની પ્રાપ્તિને માટે આખરે સુરત જીલ્લાના બારડોલી તાલુકાને મોટા પાયા ઉપર સત્યાગ્રહ ચલાવવા માટે પસંદ કરવામાં આવ્યો. એટલામાં ચારી ચૌરામાં ગંભીર હુલ્લડ થયાં અને તેના પરિણામે અસહકારની અહિંસાત્મક વલણને ગંભીર ફટકો પડયો. એટલે કોંગ્રેસની કારોબારી સમિતિએ અસહકારની લડતને સંકુચિત પાયા ઉપર મૂકી દીધી. તથા શાળાઓ, કોલેજો, વકીલાત વગેરેનો બહિષ્કાર બંધ કરવામાં આવ્યો. તથા રચનાત્મક કાર્યક્રમ ઉપર ભાર મૂકવામાં આવ્યો. ૧૯૨૨ ના માર્ચ માસમાં ગાંધીજીને પકડવામાં આવ્યા અને તેમના ઉપર કામ ચલાવી છ વર્ષની સાદી સજા કરવામાં આવી. બાદ, સવિનય ભંગ મોટા પાયા ઉપર શરૂ કરવાની તપાસ કર-

નારી કમિટિએ પોતાનો રિપોર્ટ બહાર પાડયો અને અસહકારની લડતને ફતેહ આપવા આ કમિટિની બહુમતિએ ધારાસભા પ્રવેશની અગત્ય જણાવી.

સવિનયભંગ કમિટિનો રિપોર્ટ બહાર પડયો, અને તેના પરિણામે કોંગ્રેસની છાવણીમાં મજબુત રીતે બે પક્ષ પડી ગયા. જેમાં એક પક્ષ કલકત્તા કોંગ્રેસના અસલ ઠરાવને વળગી રહેનારો હતો. અને ખાદી પ્રચાર, હિંદુ મુસ્લીમ એકતા, અહિંસાત્મક વાતાવરણ તથા અસ્પૃશ્યતા નિવારણ ઇત્યાદિ રચનાત્મક કાર્યક્રમને જ અમલમાં મૂકવાનો આ પક્ષ ખાસ આગ્રહ ધરાવતો હતો. અને જ્યારે છેલ્લી ગયા ખાતે કોંગ્રેસની ખાસ બેઠક મળી ત્યારે આ પક્ષે બહુમતિથી અસહકારના મૂળ ઠરાવને જેમનો તેમ રાખવામાં ફતેહ મેળવી. જ્યારે ધારાસભાનો પક્ષ કરનારાઓએ 'સ્વરાજ્ય પક્ષ' ના નામનું મહાસભા અંતર્ગત નવું મંડળ ઉભું કરી બહુમતિ મેળવવા પ્રયત્ન આરંભ્યો. અને તેમાં તે પક્ષને કેટલેક દરજ્જે ફતેહ મળી. પરંતુ આથી છુટા થએલા બે રાજદ્વારી પક્ષોથી દેશને ઘણી હાની થઇ એટલું જ નહિ પણ શુદ્ધિ અને હિંદુસંગઠનની હીમાયતના પરિણામે હિંદુ મુસ્લીમો વચ્ચે ઉત્તર હિંદમાં ઝેરવેર રોપાયાં તથા કેટલેક સ્થળે ગંભીર હુલ્લડો થયાં. મતલબ કે જે એકતા અને એકનિષ્ઠાથી અસહકારની ચળવળ શરૂ કરવામાં આવી હતી, તેનો સદંતર નાશ થયો. આવી સ્થિતિમાં ૧૯૨૩ ના સપ્ટેંબર માસમાં દિલ્હીમાં કોંગ્રેસની ખાસ બેઠક બોલાવવાની ફરજ પડી. તથા તેમાં 'જેઓને ધાર્મિક તેમજ બીજો કંઇ વાંધો ન હોય. તેઓને ધારા સભામાં જવાની કોંગ્રેસે પરવાનગી આપી. મતલબ કે કલકત્તાની ખાસ કોંગ્રેસે

૧૯૨૦ માં જે ઠરાવ કરેલો તેને પરિસ્થિતિને અનુસરી ઢીલો બનાવવાની ફરજ પડી. આ ઠરાવ સામે કોંગ્રેસમાં જેઓ નાફેર પક્ષના હતા, તેઓએ તટસ્થવૃત્તિ ધારણ કરી. તથા હિંદુ મુસ્લીમ એકતાની અગત્ય ઉપર ઘણો જ ભાર મુકવામાં આવ્યો તથા આ માટે આગેવાન હિંદુ તેમજ આગેવાન મુસલમાન ગૃહસ્થોની એક કમિટિ નીમવામાં આવી અને તેને તપાસનું કામ સોંપાયું. તથા તમામ બ્રિટીશ માલનો બહિષ્કાર કરવાનો ઠરાવ કરવામાં આવ્યો. દેશમાં પડેલા બે રાજદ્વારી પક્ષો વચ્ચે સમાધાન કરવાના હેતુથી આ ખાસ કોંગ્રેસ બોલાવવામાં આવી હતી, પરંતુ ઘણાની માન્યતા એવી છે કે તેથી મૂળ હેતુ સફળ થવા નથી પામ્યો, એટલું જ નહિ પણ તેથી અસહકારના મૂળ સિદ્ધાંતનો જ નાશ કરવામાં આવ્યો છે. દિલ્હીની ખાસ મહાસભા પછી ૩૮ મી મહાસભાની બેઠક મદ્રાસ ઇલાકાના કોકોનાડાખાતે ભરવામાં આવી. આ પહેલાં દેશમાં સામાન્ય ચુંટણીનું કામ ખતમ થયું હતું અને સ્વરાજ્ય પક્ષવાળાએ ચુંટણીમાં કેટલીક જગાએ અસરકારક વિજય મેળવ્યો હતો. એટલે હવે ધારાસભાનો તકરારી સવાલ રહ્યો નહતો. આ કોંગ્રેસમાં એક વાર ફરીથી અસહકાર અને ત્રિવિધ બહિષ્કારનો ઠરાવ પસાર કરવામાં આવ્યો, તથા રાષ્ટ્રીય કરારનામું તૈયાર કરવા કમિટિ નીમવામાં આવી.

મહાસભાનું નવું બંધારણ.

[હિંદી રાષ્ટ્રીય મહાસભાનું બંધારણ. સને ૧૯૦૮ની કોંગ્રેસે અખત્યાર કરેલું. અને સને ૧૯૧૧–૧૯૧૨–૧૫–૧૬–૧૭–૧૮ અને ૨૦ ની બેઠકોએ સુધારેલું]

ધ્યેય.

કલમ ૧. હિંદી મહાસભાનું ધ્યેય હિંદી પ્રજાએ શાંતિનાં અને

સચ્ચાઇનાં બધાં સાધનોથી સંપૂર્ણ સ્વરાજ્ય મેળવવું એ છે.

કલમ ૨. મહાસભાની બેઠકો. (ક) હિંદી રાષ્ટ્રીય મહાસભાની સાધારણ બેઠક દર વરસે નાતાલના તહેવારો દરમ્યાન આગલી બેઠક વેળાએ નક્કી થએલે સ્થળે અગર તો મહાસમિતિ (ઑલ ઇંડિયા કોંગ્રેસ કમિટિ, જેની સમજણ આગળ ઉપર આપવામાં આવી છે) એ નક્કી કરેલે સ્થળે મળશે.

(ખ) મહાસભાની અસાધારણ બેઠક મહાસમિતિ (ઑલ ઇંડિયા કોંગ્રેસ કમિટી) પોતાની સૂચનાથી અગર મ્હોટા ભાગની પ્રાંતિક સમિતિઓની માગણીથી એવી બેઠક જરૂરી જણાશે ત્યારે ત્યારે બોલાવી શકશે. એવી દરેક બેઠકને મહાસમિતિને જરૂરી જણાય તેવા ફેરફાર સાથે આ બંધારણના ધારા ધોરણ લાગુ રહેશે.

મહાસભાનાં અંગ.

કલમ ૩. હિંદી રાષ્ટ્રીય મહાસભાનાં અંગ નીચે મુજબ રહેશે.

(ક) મહાસભા.

(ખ) પ્રાંતિક સમિતિઓ.

(ગ) જીલ્લા સમિતિઓ.

(ઘ) પરગણા અગર પેટા પરગણાની, તાલુકા અગર તહેસીલની, ફિરકાની કે એવીજ સ્થાનિક સમિતિઓ.

(ડ.) મહાસમિતિ. (ઑલ ઇંડિયા કોંગ્રેસ કમિટિ).

(ચ) હિંદુસ્તાનની બહારની જે જે સમિતિઓને આ

બાબતમાં મહાસભા વખતો વખત મંજુર કરે તે સમિતિઓ.

(૭) પ્રાંતિક, જીલ્લાની, તાલુકા કે તહેસીલની, ફિરકાની કે એવીજ સ્થાનિક સમિતિઓ તરફથી બીજી જે જે કોઇ કામચલાઉ સમિતિઓ સ્થાપવામાં આવે —જેવી કે રાષ્ટ્રીય મહાસભાની સ્વાગત સમિતિ, અગર તો પ્રાંતિક પરિષદ્, જીલ્લા પરિષદ્, તાલુકા તહેસીલ કે બીજી સ્થાનિક પરિષદોની સ્વાગત સમિતિઓ.

કલમ ૪. સભાસદો:—૨૧ વરસની ઉંમરે ન પહોંચેલ કોઇપણ પુરૂષ કે સ્ત્રીથી ઉપલી કલમોમાં વર્ણવ્યા મુજબના કોઇપણ મંડળ કે સમિતિના સભાસદ થઇ શકાશે નહિ. અને સભાસદ થઇ શકનાર દરેક પુરૂષે તેમ જ સ્ત્રીએ મહાસભાનાં ધારા ધોરણ અને તેના આ બંધારણની કલમ ૧ લીમાં દર્શાવેલું ધ્યેય અને સાધનો પોતાને કબૂલ હોવા વિષેની પોતાની લેખી સંમતિ આપવી પડશે

કલમ ૫. પ્રાંતિક સમિતિઓ. આ બંધારણની રૂએ મહાસભાના કામકાજ માટે હિંદુસ્તાનના પ્રાંતો નીચે મુજબ પાડવામાં આવ્યા છે. દરેક પ્રાંતનું મથક તે તે પ્રાંતના નામ સામે જણાવવામાં આવ્યું છે. અને જ્યાં નથી જણાવેલું ત્યાં તેમજ બીજા બધા દાખલાઓમાં તે નક્કી કરવાનો અધિકાર તે તે પ્રાંતની પ્રાંતિક સમિતિને રહેશે.

પ્રાંત.	ભાષા.	મથક.
૧. મદ્રાસ	તામિલ	મદ્રાસ
૨. આંધ્ર	તેલુગુ	
૩. કર્ણાટક	કાનડી	ગદગ
૪. કેરલ	મલિયાળમ્	
૫. મુંબઇ શહેર	મરાઠી અને ગુજરાતી	મુંબઇ
૬. મહારાષ્ટ્ર	મરાઠી	પૂના
૭. ગુજરાત	ગુજરાતી	અમદાવાદ
૮. સિંધ	સિંધી	
૯. સંયુક્ત પ્રાંત	હિંદુસ્તાની	અલાહાબાદ.
૧૦. પંજાબ	પંજાબી	લાહોર
૧૧. વાયવ્ય સરહદ પ્રાંત	હિંદુસ્તાની	પેશાવર
૧૨. દિલ્હી	હિંદુસ્તાની	દિલ્હી
૧૩. અજમેર મેવાડ અને બ્રિટીશ રજપુતાના	હિંદુસ્તાની	અજમેર
૧૪. મધ્ય પ્રાંત	હિંદુસ્તાની	જબલપુર
૧૫. મધ્ય પ્રાંત	મરાઠી	નાગપુર
૧૬. બિરાર	મરાઠી	અમરાવતી
૧૭. બિહાર	હિંદુસ્તાની	પટણા,
૧૮. ઉત્કલ ઓરિસા	ઉરીયા	
૧૯. બંગાળ અને સુરમાવેલી.	બંગાળી	કલકત્તા

૨૦. આસામ	આસામી	ગૌહટ્ટી.
૨૧. બ્રહ્મદેશ	બર્મી,	રંગુન

ક્યાં દેશી રાજ્યોનો સમાવેશ કયા પ્રાંતમાં કરવો તે મહા સમિતિ ઠરાવે અને એ રીતે પોતાને સોંપાએલાં દેશીરાજ્યોમાંથી ક્યાંને કયા જીલ્લામાં ગણવાં તે તે પ્રાંતની પ્રાંતિક સમિતિ ઠરાવે.

ચાલુ પ્રાંતિક કોંગ્રેસ કમિટિઓ આ બંધારણની રૂએ વગર ઢીલે પોત પોતાની રચના નવેસર કરી લે. અને એવી નવેસર રચાએલી સમિતિઓ, મહાસમિતિ ફેરફાર કરવો દુરસ્ત ન ધારે ત્યાં સુધી કાયમ ગણાશે.

કલમ ૬–(ક) ઉપલી કલમમાં જણાવેલા દરેક પ્રાંતમાં તે તે પ્રાંતને સારૂ એક એક પ્રાંતિક સમિતિ રહેશે.

[ખ] દરેક પ્રાંતિક સમિતિ કલમ ૩ જી માં જણાવ્યા મુજબની જીલ્લા સમિતિઓ, અને બીજી સમિતિઓ સ્થાપે અને તેના સભાસદો બનાવવાના તથા કામ કાજ ચલાવવાને લગતાં ધારા ધોરણ બાંધી આપે. જે આ બંધારણના અગર મહાસમિતિએ બાંધેલા કોઇ નિયમનાં વિરોધી ન હોવાં જોઇએ.

(ગ). દરેક પ્રાંતિક સમિતિમાં જીલ્લા સમિતિઓ અને બીજી સમિતિઓના પ્રાંતિક સમિતિએ બાંધી આપેલાં ધારાધોરણને અનુસરીને વરસે વરસે ચૂંટી આપેલા પ્રતિનિધિઓ રહેશે.

કલમ ૭ સ્થાનિક સમિતિના સભાસદો–કલમ ૪ થીની રૂએ સભાસદ થવાને અપાત્ર ન ઠરનાર કોઇપણ પુરૂષ કે સ્ત્રી

વાર્ષિક ૪ આના લવાજમ ભરીને પ્રાંતિક સમિતિના હાથ નીચેની કોઇપણ સમિતિના સભાસદ થઇ શકશે.

કલમ ૮ પ્રતિનિધિની ચૂંટણીઃ—દરેક પ્રાંતિક સમિતિ મહાસભા માટે પ્રતિનિધિઓ ચૂંટવાને જોખમદાર રહેશે. ૨૧ વર્ષની અંદરની અને મહાસભાના ધ્યેય માન્ય ન કરનારી કોઇપણ વ્યક્તિ પ્રતિનિધિ થઈ શકશે નહિ.

પ્રતિનિધિઓની સંખ્યા છેલ્લી વસ્તી ગણતરીની રૂએ દેશી-રાજ્યો સહિતની દરેક પ્રાંતની વસ્તીના દર ૫૦ હજારે એકથી વધારે મોકલી શકાશે નહિ અને તે એ સરતે કે દેશીરાજ્યોનો આવો સમાવેશ મહાસભાને દેશી રાજ્યોના અંતરસ્થ કારભારમાં કશો હસ્તક્ષેપ કરવાનો અધિકાર આપતો નથી.

દરેક પ્રાંતિક સમિતિ, સ્ત્રી પ્રતિનિધિઓનાં, નાની કોમોનાં, અને જે જે વર્ગો કે મંડળોને ખાસ રક્ષણની જરૂર છે, તે બધાને ઘટતું પ્રતિનિધિત્વ મળે એ રીતે પ્રતિનિધીઓ ચૂંટવાને લગતા નિયમો બનાવે.

આ નિયમોમાં મતદાર સંઘોનાં ધારાધોરણ નક્કી કરી આપવામાં આવે અને દરેક જાતના રાજદ્વારી મત કે પંથને ભાગે આવી શકે એવું ફરતા મતનું પ્રતિનિધિત્વ મળી શકે તે સારૂ ચૂટણીનું એક ઘટતું ધોરણ બાંધી આપવામાં આવે.

આવી પ્રાંતિક સમિતિઓ પોતે બાંધેલા નિયમો આવતા એપ્રિલ આખર અગાઉ મહાસભાના સાધારણ મંત્રીઓ ઉપર મોકલી આપે અને તેઓ આખર જાહેર પ્રજાની જાણને સારૂ તે જેમ બને તેમ જલદી બહાર પાડે.

દરેક પ્રાંતિક સમિતિ ભવિષ્યમાં મળનારી મહાસભાની સ્વાગત સમિતિને દર વર્ષે તા. ૨૫ મી ડિસેંબરની અંદર અને ખાસ બેઠક હોય તો બેઠકની તારીખથી ઓછામાં ઓછા દસ દિવસ અગાઉ પોતાના પ્રાંતની વતી જનારા પ્રતિનિધિઓની એક કક્કાવારી યાદી, તેમનાં પૂરાં નામ, વ્યવસાય, ઉંમર, ધર્મ અને ઠેકાણાંની વિગતો સાથે મોકલી આપે.

કલમ ૯ લવાજમ—(ક) દરેક પ્રાંતિક સમિતિ–મહાસમિતિને તે વખતો વખત ઠરાવે તે વાર્ષિક લવાજમ આપે.

(ખ) મહાસભાની સમિતિનો કોઇપણ સભાસદ જેણે પોતાનું લવાજમ ભર્યું ન હોય તેવા કોઈપણ સભાસદને પ્રતિનિધિની ચુંટણી વેળાએ ચૂંટે નહિ. અગર જાતે ચૂંટાય નહિ.

કલમ ૧૦ પ્રતિનિધિનું પ્રમાણ પત્ર—કલમ. ૮ માં જણાવેલી દરેક સમિતિ રીતસર ચુંટાએલા પ્રતિનિધિઓને માટે આપેલા નમુના મુજબનું સમિતિના મંત્રીની સહીવાળું પ્રમાણ પત્ર આપે.

કલમ ૧૧. પ્રતિનિધિની ફી—દરેક પ્રતિનિધિ ઉપર મુજબના પ્રમાણપત્ર સાથે રૂ. ૧૦ ફી આપવાથી મહાસભાના મંડપમાં દાખલ થવાની ટિકિટ મહાસભાના કાર્યાલયમાંથી મેળવી શકશે.

કલમ. ૧૨ મતાધિકાર—મહાસભાની બેઠકોમાં મત આપવાનો અગર તો તેના કામકાજમાં બીજી જાતનો ભાગ લેવાનો અધિકાર માત્ર પ્રતિનિધિઓનેજ રહેશે.

કલમ ૧૩. સ્વાગત સમિતિ—સ્વાગત સમિતિને જે પ્રાંતમાં મહાસભા મળવાની હોય તે પ્રાંતની પ્રાંતિક સમિતિ, મહાસભાની વાર્ષિક બેઠક પહેલાં ઓછામાં ઓછા છ મહિના અગાઉથી સ્થાપન કરે અને પ્રાંતિક સમિતિના સભાસદ ન હોય એવા ગૃહસ્થોને પણ તેમાં દાખલ કરી શકે. સ્વાગત સમિતિના દરેક સભાસદ રૂ, ૨૫ થી ઓછું લવાજમ ન આપે.

કલમ ૧૪. સ્વાગત સમિતિ પોતાના સભાસદોમાંથીજ પોતાનેમાટે પ્રમુખ અને બીજા અમલદારોને ચુંટી કહાડે.

કલમ ૧૫. સ્વાગત સમિતિએ મહાસભાની બેઠકના ખરચને સારૂ પૈસા એકઠા કરવા, નીચેની કલમમાં દર્શાવેલી પદ્ધતિ મુજબ મહાસભાને માટે પ્રમુખની ચુંટણી કરવી અને મહાસભાને માટે આવનાર પ્રતિનિધિઓ અને પરોણાઓ તેમજ બનતા લગી પ્રેક્ષકોના પણ સ્વાગતની અને ઉતારાની બધી સગવડો કરવી. મહાસભાના કામકાજનો અહેવાલ છાપવાની તથા બ્હાર પાડવાની ગોઠવણ કરવી. અને મહાસભાની બેઠક વીત્યા બાદ ૪ મહિનાની અંદર થએલ આવક ખર્ચનું સરવૈયું પ્રાંતિક સમિતિ આગળ રજુ કરવું,

કલમ ૧૬. પ્રમુખની ચુંટણી—જુદી જુદી પ્રાંતિક સમિતિઓ બનતા સુધી જૂનની આખર સુધીમાં મહાસભાના પ્રમુખ પદ માટે પોતપોતાની પસંદગીનાં નામો સ્વાગત સમિતિને સૂચવે. ત્યાર પછી સ્વાગત સમિતિ બનતા લગી જુલાઇના પહેલાજ અઠવાડિયામાં આવી રીતે સૂચવવામાં આવેલાં બધાં નામો એકઠાં કરી પ્રાંતિક સમિતિઓને છેલ્લી પસંદગીને માટે પાછાં મોકલે. છેલ્લી પસંદગીમાં દરેક પ્રાંતિક

સમિતિ એકજ નામ સૂચવે, વધારે નહિ. આવી રીતે જેનું નામ બહુમતિથી પસંદ થાય. તે નામ જો ખાસ બોલાવવામાં આવેલી સ્વાગત સમિતિની બેઠકમાં વધુ મતે પસંદ થાય તો આવતી મહાસભાના પ્રમુખ તરીકે તે નામ કાયમ થાય. પરંતુ પ્રાંતિક સમિતિઓએ સૂચવેલું નામ જો સ્વાગત સમિતિને પસંદ ન પડે. અથવા આવી રીતે ચુંટેલા પ્રમુખનું મરણ થાય, તેઓ રાજીનામું આપે, અગર બીજું કોઇ અકસ્માત કારણ બને તો સ્વાગતસમિતિ તરતજ તે બીના મહાસમિતિને જણાવે. જે પોતાનો ચુકાદો બનતા સુધી સપ્ટેંબર આખર પહેલાં જાહેર કરે. ચુંટાયલા પ્રમુખ જે પ્રાંતમાં મહાસભા મળવાની હોય, તે પ્રાંતના ન હોય એ શરતે સ્વાગતસમિતિએ કરેલી અગર તો તેને અભાવે મહાસભાએ કરેલી આવી નિમણુક કાયમની ગણાશે. મહાસભાની ખાસ અગર અસાધારણ બેઠકના પ્રમુખની ચુંટણી ઉપરની શરત સાચવીને મહાસમિતિ કરે.

કલમ ૧૭. નાણુંની વ્યવસ્થા—(ક) સ્વાગતસમિતિ પોતાના પ્રાંતની પ્રાંતિક સમિતિ મારફત મહાસભાની સાધારણ કે અસાધારણ બેઠક વીત્યા બાદ બે અઠવાડિયાંની અંદર મહાસભાનાં નાણુંમાંની પ્રતિનિધિઓની ફીની આવેલી રકમમાંથી અરધી રકમ મહાસમિતિને આપે.

(ખ) મહાસભાની બેઠકનો બધો ખરચ કહાડતાં સ્વાગત સમિતિ પાસે જો કંઈ નાણું બચે તો તે પોતાના પ્રાંતની પ્રાંતિક સમિતિને તે પ્રાંતના પ્રાંતિક મહાસભા ફંડ તરીકે રાખવા સોંપે.

કલમ ૧૮. હિસાબ તપાસણી—સ્વાગત સમિતિની આવક, તથા ખરચના હિસાબ તે પ્રાંતની પ્રાંતિક સમિતિને નીમેલ ઑડીટર કે ઓડીટરો તપાસે અને ઓડીટરના રીપોર્ટ સાથેનું આવક ખરચના હિસાબનું સરવૈયું મહાસભા વીત્યા બાદ મોડામાં મોડું છ મહીના સુધીમાં પ્રાંતિક સમિતિને મોકલી આપે.

કલમ ૧૯. મહાસમિતિ—મહાસમિતિમાં હોદ્દાની રૂએ થનારા સભાસદો ઉપરાંત ૩૫૦ સભાસદ રહે. હોદ્દાની રૂએ સભાસદ ગણનારામાં પાછલી બધી બેઠકોના પ્રમુખો તેમજ મહાસભાના મંત્રીઓ અને ખજાનચીઓનો થશે.

દરેક પ્રાંતિક સમિતિ પોતાને ભાગે આવતી મહાસમિતિના સભાસદોની સંખ્યાને પોતાના હાથ નીચેની સમિતિઓના સભાસદોમાંથી ચુંટી મોકલે.

દરેક પ્રાંતની ભાષાની દૃષ્ટિએ નવેસર રચના કરવામાં આવશે. અને પછી તેની વસ્તી ગણતરીના પ્રમાણ ઉપર અગર મહાસમિતિને વધુ યોગ્ય લાગે તેવી બીજી કોઈ ઢબે પ્રતિનિધિઓની સંખ્યા ઠરાવી આપવામાં આવશે. અને તે જાન્યુઆરી ૧૯૨૧ ની ૩૧ મી તારીખ પ્હેલાં જાહેર કરવામાં આવશે.

ચુંટણીની પદ્ધતિ પ્રતિનિધિઓના વિષે આપેલી પદ્ધતિને અનુસરીને જ રહેશે.

મહાસમિતિના સભાસદોની ચુંટણી સામાન્યપણે નવેમ્બર મહિનામાં થશે.

આ બંધારણ હેઠળની પ્હેલી મહાસમિતિ તા. ૩૦મી જુન ૧૯૨૧ સુધીમાં થાય, ત્યાંસુધી હાલના સભાસદો ચાલુ રહે.

કલમ ૨૦—મહાસમિતિમાં ચૂંટી મોકલેલા સભાસદોને તે તે પ્રાંતની પ્રાંતિક સમિતિના મંત્રીઓ મહાસમિતિના સભાસદ તરીકે ચૂંટયા બાબતનું પ્રમાણપત્ર આપે.

કલમ ૨૧—મહાસમિતિ મહાસભાની વરસો વરસની કારભારી ગણાશે અને મહાસભાના ધારાધોરણમાં ન આવી જતી હોય એવી જે કોઇ નવી બાબતો ઉભી થાય તે બધીનો તે નિકાલ કરે. આ કામને માટે મહાસમિતિ આ બંધારણના વિરોધી ન હોય, એવા પોતાના પેટા કાયદાઓ બાંધી શકશે.

કલમ ૨૨—મહાસભાના પ્રમુખ ત્યારપછીના વરસને માટે મહાસમિતિના પ્રમુખ ગણાશે.

કલમ ૨૩—સાધારણ મંત્રીઓ.—મહાસભાના ત્રણ સાધારણ મંત્રીઓ રહે, જેની ચુંટણી મહાસભા વરસોવરસ કરે. તેઓ મહાસમિતિના વરસ દરમ્યાનના કામકાજનો અહેવાલ તૈયાર કરે અને તેમના હાથમાં આવેલાં નાણાંના પૂરા હિસાબો સાથે તે વરસની મહાસભાની બેઠકના દિવસોની આસપાસ અને બેઠકવાળા જ સ્થળમાં બોલાવેલી મહાસમિતિની સભા સમક્ષ તે રજુ કરે ત્યારપછી એ હિસાબો તેમજ અહેવાલોની નકલો મહાસભા આગળ મૂકવામાં આવે અને જુદી જુદી મહાસભા—સમિતિઓને પણ મોકલવામાં આવે.

કલમ ૨૪—કારોબારી સમિતિ—મહાસમિતિ પોતાની પ્હેલી જ સભામાં એક કારોબારી સમિતિ નીમે. જેમાં પ્રમુખ, મંત્રીઓ, ખજાનચીઓ, અને બીજા નવ સભાસદો રહે. આ

સમિતિ મહાસમિતિ તરફથી વખતો વખત સોંપવામાં આવનારાં કાર્મોનો અમલ કરે.

કલમ ૨૫–મહાસભાની બેઠકો—મહાસમિતિ પોતાના માથા ઉપરનાં કામો પાર પાડવાને જેટલીવાર મળવાની જરૂર પડે તેટલીવાર અગર તો તેના પંદર સભાસદો સ્પષ્ટ ઉદ્દેશ, જાહેર કરીને મહાસમિતિની બેઠક બોલાવવાની માગણી કરે ત્યારે મળે.

કલમ ૨૬–વિષય વિચારિણી સમિતિ—મહાસમિતિ ચુંટાયા બાદ મહાસભાની જે સાધાણ઼ુ કે અસાધારણ બેઠક મળે તેની વિષયવિચારિણી સમિતિ ઉપલી મહાસમિતિના સભાસદોનીજ બને.

કલમ ૨૭—આ વિષયવિચારિણિ સમિતિ મહાસભાની બેઠક પ્હેલાં ઓછામાં ઓછા બે દિવસ જાહેરમાં મળે. તેના પ્રમુખ મહાસભાના પ્રમુખપદ માટે ચુંટાએલા સદ્‌ગૃહસ્થો જ રહે અને તેના ફારગ થતા મંત્રીઓ મહાસભાની મળનારી બેઠકમાં રજુ કરવાનો કાર્યક્રમનો જુદી જુદી પ્રાંતિક સમિતિઓ તરફથી ભલામણ થઇ આવેલા ઠરાવો સહિતનો ખરડો મંજુર થવા માટે રજુ કરે.

કલમ ૨૮—વિષયવિચારિણી સમિતિ એ કાર્યક્રમ ઉપર ચર્ચા કરે અને મહાસભાની ખુલ્લી બેઠકમાં રજુ કરવા માટે ઠરાવો તૈયાર કરે.

કલમ ૨૯. મહાસભાની બેઠકના દિવસોમાં પણ જરૂર હોય ત્યારે ત્યારે બેઠકના વખતની બ્હાર વિષયવિચારિણી સમિતિ વખતો વખત મળે.

કલમ ૩૦. જે વિષયની સામે હિંદુ અથવા મુસલમાન પ્રતિનિધિઓ પોતાની સંખ્યાની ¾ ની સામટી બહુમતીથી વાંધો લે તે વિષયવિચારિણી સમિતિમાં ચર્ચવા યોગ્ય ગણાશે નહિ. તેમજ મહાસભાની કોઇપણ બેઠકમાં પણ પ્રમુખ તે ચર્ચવા દેશે નહિ અને કોઈ વિષયની ચર્ચા થવા દીધા બાદ હિંદુ અગર મુસલમાન પ્રતિનિધિઓ ¾ની સામટી બહુમતિથી તે ઠરાવની સામે છે એવું જણાઇ આવશે તો તેવો ઠરાવ પણ રદ કરવામાં આવશે.

કલમ ૩૧. ધારા ધોરણ—આ બંધારણમાં ન આવી જનારી અને તેના સિદ્ધાંતની વિરૂદ્ધ ન હોય એવી બીજી બધી બાબતોને લગતાં ધારા ધોરણ બનાવવાને મહાસમિતિને અધિકાર રહેશે.

કલમ ૩૨. ચાલુ બંધારણનાં ધારા ધોરણો અને ધ્યેય તે નીચે આજ સુધી થએલાં કાર્યો સામે બાધ ન લેતાં આજથી રદ બાતલ કરવામાં આવે છે.

મહાસભાની બેઠકો:—

નંબર.	સાલ,	સ્થળ.	પ્રમુખ.	પ્રતિનિધિઓ.
૧.	૧૮૮૫	મુંબઇ	બ્યોમેશ્ચંદ્ર બોનરજી	૭૨.
૨.	૧૮૮૬	કલકત્તા	દાદાભાઇ નવરોજજી	૪૩૪
૩.	૧૮૮૭	મદ્રાસ	બદરૂદીન તૈયબજી	૬૦૭
૪.	૧૮૮૮	અલ્હાબાદ	જ્યોર્જ યુલ	૧૨૪૮
૫.	૧૮૮૯	મુંબઈ	સર વિલિયમ વેડરબર્ન	૧૮૮૯
૬.	૧૮૯૦	કલકત્તા	સર ફિરોજશાહ મ્હેતા	૬૭૭
૭.	૧૮૯૧	નાગપુર	આનંદ ચાર્લુ	૮૧૨

૮.	૧૮૯૨	અલ્હાબાદ	વ્યોમેશચંદ્ર બેનરજી	૬૨૫
૯.	૧૮૯૩	લાહોર	દાદાભાઇ નવરોજજી	૮૬૭
૧૦.	૧૮૯૪	મદ્રાસ	આલફ્રેડ વેબ	૧૧૬૩
૧૧.	૧૮૯૫	પૂના	સર સુરેન્દ્રનાથ બેનરજી	૧૫૪૮
૧૨.	૧૮૯૬	કલકત્તા	મી. રહીમતલા સયાની	૭૮૪
૧૩.	૧૮૯૭	અમરાવતી	સર શંકરન નેયર	૬૯૨
૧૪.	૧૮૯૮	મદ્રાસ	આનંદ મોહન બોઝ	૬૧૪
૧૫.	૧૮૯૯	લખનૌ	રોમેશ્ચંદ્ર દત્ત	૭૪૦
૧૬.	૧૯૦૦	લાહોર	સર નારાયણ ચંદાવર્કર	૫૬૭
૧૭.	૧૯૦૧	કલકત્તા	સર દીનશાહ વાચ્છા	૮૯૬
૧૮.	૧૯૦૨	અમદાવાદ	સુરેન્દ્રનાથ બેનરજી	૪૭૧
૧૯.	૧૯૦૩	મદ્રાસ	લાલ મોહન ઘોષ	૫૩૮
૨૦.	૧૯૦૪	મુંબઈ	હેનરી કોટન	૧૦૧૦
૨૧.	૧૯૦૫	બનારસ	ગોપાળકૃષ્ણ ગોખલે	૭૫૮
૨૨.	૧૯૦૬	કલકત્તા	દાદાભાઇ નવરોજજી	૧૬૩૮
૨૩.	૧૯૦૭	સુરત	રાસબિહારી ઘોષ	૧૬૦૦
૨૪.	૧૯૦૮	મદ્રાસ	,,	૬૨૬
૨૫.	૧૯૦૯	લાહોર	પંડિત માલવિયા	૨૪૩
૨૬.	૧૯૧૦	અલ્હાબાદ	સર વિલિયમ વેડરબર્ન	૬૩૬
૨૭.	૧૯૧૧	કલકત્તા	બિશન નારાયણ ધાર	૪૪૬
૨૮.	૧૯૧૨	બાંકીપુર	મુધોલકર	૨૦૭
૨૯.	૧૯૧૪	મદ્રાસ.	ભૂપેન્દ્રનાથ બાસુ	૮૬૬
૩૦.	૧૯૧૫	મુંબઇ	સર એસ. પી. સિંહા	૨૨૫૯
૩૧.	૧૯૧૬	લખનૌ	અંબીકાચરણ મઝુમદાર	૨૩૫૦
૩૨.	૧૯૧૭	કલકત્તા	ડૉ. એની બીસેંટ	૪૭૬૨

ખાસ ૧૯૧૮

કે.ગ્રેસ (ઓગસ્ટ) મુંબઈ		હસન ઇમામ	૪૯૬૮
૩૩. ૧૯૧૮	દિલ્હી	પંડિત માલવિયા	૪૮૬૯
૩૪. ૧૯૧૯	અમૃતસર	મોતીલાલ નહેરૂ	૮૦૦૦
ખાસ ૧૯૨૦		(લો. મા. તિલકની જગાએ)	
કોંગ્રેસ સપ્ટેંબર	કલકત્તા	લાલા લજપતરાય	૬૦૦૦
૩૫. ૧૯૨૦	નાગપુર	વિજયરાઘવાચારીયમ્	૧૦૮૦૦
૩૬. ૧૯૨૧	અમદાવાદ	હકીમ અજમલખાન (ચિત્તરંજનદાસની જગાએ)	૪૭૨૬
૩૭. ૧૯૨૨	ગયા	ચિત્તરંજનદાસ	૩૦૦૦

૩૭. ખાસ કોંગ્રેસ
૧૯૨૩ દિલ્હી મૌલાના અબ્દુલ કલામ આઝાદ
(સપ્ટેંબર)

૩૮. ૧૯૨૩ કોકાનાડા મૌલાના મહમદઅલી

સ્થાન અને પ્રમુખની પસંદગીનું વર્ગીકરણ.

સ્થાનનું નામ.	કેટલીક વખત.
મુંબઈ	૫
કલકત્તા	૮
અમદાવાદ	૨
નાગપુર	૨
લખનૌ	૨
મદ્રાસ	૬
અલ્હાબાદ	૩
લાહોર	૩
	૩૧

ઉપરનાં આઠ શહેરોમાંજ કોંગ્રેસની ૩૧ બેઠક થઇ છે. જ્યારે બાકીની ૭ બેઠક અન્યત્ર થઇ છે. તે ૩૧ માં પણ મુંબઇ, મદ્રાસ, અને કલકત્તામાંજ ૧૯ બેઠક થઇ છે.

પ્રમુખની પસંદગીનું વર્ગીકરણ:—

નામ.	કેટલી વખત
દાદાભાઇ નવરોજજી	૩
પંડિત માલવિયા	૨
સુરેન્દ્રનાથ બેનરજી	૨
વ્યોમેશ્ચંદ્ર બોનરજી	૨
રાસબિહારી ઘોષ	૨
સર વિલિયમ વેડરબર્ન	૨
	૧૩

કોંગ્રેસના પ્રમુખ તરીકે વરાયલા અંગ્રેજ ગૃહસ્થો:

સર જ્યોર્જ યુલ, સર વિલિયમ વેડરબર્ન, આલ્ફ્રેડ વેબ, સર હેનરી કોટન અને મીસીસ એની બીસેંટ (મૂળ આયરીશ પણ હાલમાં હિંદુસ્તાનનેજ દેશ માની વસવાટ કરી રહેલ થીઓસોફીકલ સોસાયટીનાં સંચાલક વિદુષી બાઇ).

સમાપ્ત.

આપણા ઉપયોગી ઔષધિ ખબર.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

